# સૂત્ર તત્ત્વાર્થ સાર વિચાર

શ્રાદ્ધવર્ય શ્રીમનસુખલાલજી

પૂજ્ય શ્રીકલ્યાણબોધિસૂરિજી

કૃપા વરસે અનરાધાર

સિદ્ધાન્તમહોદધિ પ.પૂ. આ.દે. શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા
વર્ધમાનતપોનિધિ પ.પૂ. આ.દે. શ્રીમદ્વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા
સમતાસાગર પ.પૂ. પંન્યાસપ્રવર
શ્રી પદ્મવિજયજી ગણિવર્ય
સિદ્ધાન્તદિવાકર પ.પૂ. આ.દે. શ્રીમદ્વિજય
જયઘોષસૂરીશ્વરજી મહારાજા
વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આ.દે. શ્રીમદ્વિજય
હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા
વર્ધમાનતપોનિધિ પ.પૂ. આ.દે. શ્રીમદ્વિજય
કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા

# સૂત્ર તત્ત્વાર્થ સાર વિચાર

● રચયિતા ●
તત્ત્વજ્ઞ શ્રાદ્ધવર્ય શ્રીમનસુખલાલજી હરિલાલજી

● સંયોજન ●
પ.પૂ. પ્રાચીનશ્રુતોદ્ધારક આચાર્યદેવ
શ્રીમદ્‌વિજય હેમચંદ્રસૂરીશ્વરજીમ.સા.ના
શિષ્યરત્ન
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા

વિ.સં. ૨૦૭૦ વી.સં. ૨૫૪૦

પ્રકાશક :

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

**મૂળ કૃતિ** - સૂત્ર તત્ત્વાર્થ સાર

**મૂળકાર** - તત્ત્વજ્ઞ શ્રાદ્ધવર્ય શ્રીમનસુખલાલજી હરિલાલજી (જન્મ - વિ.સ. ૧૮૯૯ મહા વદ ૧૪ - ગોધરા)

**મૂળકૃતિ** - **ભાષા** - ગુજરાતી

**શૈલી** - પદ્ય

**વિભાગ** - દુહા + ઢાળ - કુલ ૨૧ ઢાળ

**વિષય** - જિનસૂત્રો નિરૂપિત તત્ત્વોના અર્થનો સાર

**વિશેષતા** - સરળ રસાળ ભાષામાં આગમિક રહસ્યોને પામવા માટે એક સુંદર આલંબન.

**મૂળકાર દ્વારા રચાયેલ અન્ય કૃતિઓ**

૧. શ્રીદેવચન્દ્રજી કૃત અતીત સ્તવન ચોવીશી પર બાલાવબોધ (શ્રીસુમતિપ્રકાશ)
૨. જિનાગમ કથિત શ્રુતધરની ૧૬ ઉપમા (૬ ઢાળો)
૩. વિષય પરિહાર (૯ ઢાળો)
૪. મમત્વ પરિહાર (૧૮ છંદ + ૧૧ ઢાળો)
૫. પ્રકીર્ણ પદો
૬. સામાયિકસિદ્ધ્યુપાય
૭. શુદ્ધોપયોગપ્રવેશિકા
૮. આત્મબોધપત્રિકા
૯. અનુભવપ્રવેશિકા
૧૦. સમ્યક્ ન્યાય સુધારસ

} શ્રીસુમતિવિલાસ (વોલ્યુમનું નામ) — (૬ થી ૧૦)

૧૧. શ્રીસુમતિવ્યવહાર
૧૨. ઉત્તરાધ્યયન - ૨૮મું અધ્યયન-મોક્ષમાર્ગ-સાર (ઢાળો)
૧૩. ઉત્તરાધ્યયન - ૨૯મું અધ્યયન-સમ્યક્ત્વપરાક્રમ-સાર (ઢાળો)
૧૪. શ્રીગૌતમસ્વામીના પ્રશ્નોત્તર (ઢાળો)
૧૫. ૧૩ ક્રિયા - સજ્ઝાય (ઢાળો)
૧૬. સદ્‌બોધ અષ્ટોત્તરી
૧૭. વિવિધ ગહુલીઓ + સ્તવનો
૧૮. સ્તવન ચોવીશી - સાર્થ
૧૯. ચૈત્યવંદન ચોવીશી - સાર્થ
૨૦. થોય ચોવીશી
૨૧. નવપદ - નવ થોયો
૨૨. સુબોધ પ્રકાશક છંદ
૨૩. નવપદ પૂજાદિ સંગ્રહ

# ॥ तत्त्वज्ञानात् परं श्रेयः ॥

આગમના અણમોલ રત્નોની એક માળા આપણી વરમાળા બની રહી છે. સર્વલબ્ધિનિધાન શ્રીસુધર્માસ્વામી જાણે સ્વયં આપણી સમીપતમ આવી રહ્યા છે. અમૃતની પ્યાલી જાણે કોઈએ હોઠે અડકાવી દીધી છે...

તત્ત્વના પરમ રહસ્યો...એ ય સરળ ગુજરાતીમાં...એ ય રસાળ શૈલીમાં...એ ય પ્રાસપૂત પદ્યબંધમાં...આનંદો...

ગૌરવની વાત તો એ છે કે આ બેનમુન રચના કોઈ આચાર્ય ભગવંત કે ઉપાધ્યાય ભગવંતે નથી કરી. આ રચના કરી છે એક શ્રાવકે...ગાજે ગાજે છે મહાવીરનું શાસન...

તત્ત્વપિપાસુ પુણ્યાત્માઓને આ પીયૂષપાન કરવા માટે ન પ્રેરણા કરવાની જરૂર છે, ન આમંત્રણની. બસ, ભાવભીના હૈયે તેમનું સ્વાગત કરું છું. હાર્દિક સ્વાગત.

આનંદ-ઉત્સવના આ માંડવે યાદ આવે છે મારા પ્રશિષ્ય **મુનિરાજશ્રી ધર્મપ્રેમવિજયજી મ.સા,** જેમણે પ્રુફવાંચનાદિ દ્વારા સુંદર શ્રુતભક્તિ કરી...વિરતિગ્રાફિક્સ - શ્રીઅખિલેશભાઈ...જેમની અક્ષરાંકનની કળાએ રંગ રાખ્યો...શિવકૃપા ઑફસેટ - શ્રીભાવિનભાઈ - શ્રીરીતેશભાઈ જેમણે મુદ્રણની સુઘડતા માટે દિલથી કાળજી કરી.

જિનવાણીનું આ અમૃત વિશ્વમાં અમરતાનું પ્રસારણ કરે એ જ શુભેચ્છા સાથે વિરમું છું. જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ-દુક્કડં.

પ્રભુવીરતીર્થ
**શ્રી પરિમલ જૈન સંઘ**
પાલડી, અમદાવાદ.
ફા.સુ. ૭, વિ.સં. ૨૦૭૦

ગુણિનામનુચર
**આ. કલ્યાણબોધિસૂરિ**

# વિષયાનુક્રમ


| ઢાળ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | રત્નત્રયીવિચાર | ૬ |
| ૨ | સ્યાદ્વાદવિચાર | ૮ |
| ૩ | જ્ઞાનવિચાર | ૧૦ |
| ૪ | ભાવવિચાર | ૧૩ |
| ૫ | નરકવિચાર | ૧૭ |
| ૬ | જંબૂદ્વીપવિચાર | ૧૯ |
| ૭ | મનુષ્યલોકવિચાર | ૨૩ |
| ૮ | દેવવિચાર | ૨૬ |
| ૯ | દેવપ્રભેદવિચાર | ૨૮ |
| ૧૦ | ૫૬૩ જીવભેદવિચાર | ૩૦ |
| ૧૧ | દ્રવ્ય-ગુણ-પર્યાયવિચાર | ૩૧ |
| ૧૨ | આશ્રવવિચાર | ૩૭ |
| ૧૩ | આશ્રવહેતુવિચાર | ૪૧ |
| ૧૪ | સંવરવિચાર | ૪૪ |
| ૧૫ | પંચાચારવિચાર | ૪૭ |

| | | |
|---|---|---|
| ૧૬ | અણુવ્રત-ગુણવ્રતવિચાર | ૪૮ |
| ૧૭ | શિક્ષાવ્રતવિચાર | ૫૨ |
| ૧૮ | કર્મબંધવિચાર | ૫૪ |
| ૧૯ | સૂક્ષ્મ-કર્મવિચાર | ૫૭ |
| ૨૦ | પ્રવચનમાતાવિચાર | ૬૦ |
| ૨૧ | પરિસહવિચાર (૧) | ૬૧ |
| ૨૨ | પરિસહવિચાર (૨) | ૬૩ |
| ૨૩ | યતિધર્મવિચાર | ૬૫ |
| ૨૪ | ભાવનાવિચાર | ૬૭ |
| ૨૫ | ચારિત્રવિચાર | ૬૯ |
| ૨૬ | ગુણસ્થાનક + કાળવિચાર | ૭૦ |
| ૨૭ | સિદ્ધવિચાર | ૭૧ |
| ૨૮ | ઉત્તમપુરુષવિચાર | ૭૩ |
| ૨૯ | મહામુનિવિચાર | ૭૭ |
| ૩૦ | મોક્ષગામીવિચાર | ૭૯ |

॥ ॐ પરમગુરુભ્યો નમઃ ॥

॥ ॐ પરમગુરુભ્યો નમઃ ॥

# ॥ શ્રી સૂત્ર તત્ત્વાર્થ સાર વિચારની ઢાલો લિખ્યતે ॥

## ॥ દોહરા ॥

બ્રહ્માણી વંદી વદૂ, સ્યાદવાદ શુચિ બોધ ॥
તત્ત્વ અધિગમ સૂત્રથી, નિર્મલ આતમ શોધ ॥૧॥
વંદૂ વીર જિનેંદ્રને, તીર્થપતિ જિનરાજ ॥
આતમ વીર્ય અચલ લહું, સિદ્ધે વંછિત કાજ ॥૨॥
ગોયમ ગણધર પદ નમું, દ્વાદશાંગ કરતાર ॥
તસુ લબ્ધિ સુપસાયથી, લખું પરમ શ્રુત સાર ॥૩॥

## ॥ ઢાલ (૧) પેહેલી (રત્નત્રયીવિચાર)

### ॥ પ્રાણી એકલ ભાવના ભાવ ॥ એ રાગ ॥

સમ્યક દર્શન જ્ઞાનનું રે, શુદ્ધ સ્વભાવ ચરિત્ત,
મારગ ભાખ્યો મોક્ષનો રે, આદરિયે દ્રઢ ચિત્ત રે ॥
પ્રાણી આતમ શક્તિ સંભાળ મોહાધિનતા વાર રે ॥ પ્રાણી૦ ॥
એ આંકણી ॥૧॥

દર્શન જ્ઞાન ચરિત્ર છે રે, નિશ્ચય આત્મ અભેદ ॥
ભેદ રત્નત્રયી સાધતાં રે, લહિયે મોક્ષ અખેદ રે ॥ પ્રાણી૦ ॥૨॥
એ ત્રણ ગુણ નિરમલ કરો રે, ટાલિ સકલ અતિચાર ॥
એ ત્રણમાં એક ન્યૂનથી રે, કેમ લહિયે ભવપાર રે ॥ પ્રાણી૦ ॥૩॥
જિન દેશિત સપ્ત તત્ત્વની રે, શ્રદ્ધા રુચી પ્રતિત ॥
નિર્મલ હોવે જેહને રે, સમકિત કહિયે મિત્ત રે ॥ પ્રાણી૦ ॥૪॥
નય નિક્ષેપ પ્રમાણથી રે, આઠ પક્ષ શુચિ બોધ ॥
હોવે જીવાદિક તણો રે, યથા સૂત્ર અવિરોધ રે ॥ પ્રાણી૦ ॥૫॥
સમ સંવેગ નિરવેદ છે રે, આસ્તા અનુકંપા હોય ॥
શંકાદિ દૂષણ વિના રે, નિશંકાદિ અડ જોય રે ॥ પ્રાણી૦ ॥૬॥

નિસર્ગ ને અધિગમ થકી રે, ચ્યાર ગતીમાં ધાર ॥
ભવ્ય સન્નિ સમકિત લહે રે, લહિ જિન શાસન સાર રે ॥ પ્રાણી૦ ॥૭॥
જીવાજીવાસ્રવ બંધ છે રે, સંવર નિર્જર મુક્ત ॥
ઉપયોગવંત તે જીવ છે રે, દ્વિવિધ ચેતના યુક્ત રે ॥પ્રાણી૦ ॥૮॥
ધર્મ અધર્મ આકાશ છે રે, પુદ્ગલને વલિ કાલ ॥
પંચ અજીવ એ જાણિયે રે, દ્રવ્ય અચેતન ભાલ રે ॥ પ્રાણી૦ ॥૯॥
કાલ વિના ખટ દ્રવ્યમાં રે, અસ્તિ દ્રવ્ય છે પંચ ॥
કાલ દ્રવ્ય ઉપચારથી રે, એમ ખટનો હોય સંચ રે ॥ પ્રાણી૦ ॥૧૦॥
પર રમણે આસ્રવ કહ્યો રે, રાગાદિકની આય ॥
અષ્ટ કર્મદલ વર્ગણા રે, આત્મ સમૂદ્ર ભરાય રે ॥ પ્રાણી૦ ॥૧૧॥
ભેદ બેંતાલીશ તેહના રે, પંચઇંદ્રિ ચાર કષાય ॥
પંચ અવ્રત ત્રણ જોગ છે રે, ક્રિયા પચ્ચીશ મિલાય રે ॥ પ્રાણી૦ ॥૧૨॥
પયઇ ઠિઇ રસ પ્રદેશ છે રે, બંધના ચાર પ્રકાર ॥
આતમ બંધે કર્મથી રે, દ્રવ્ય ભાવ વિધિ ધાર રે ॥ પ્રાણી૦ ॥૧૩॥
તજિ આસ્રવ શુદ્ધાત્મમાં રે, થિર ઉપયોગ સુરંગ ॥
સિદ્ધ સમો નિજ ધ્યાવતાં રે, પ્રગટે સંવર અંગ રે ॥ પ્રાણી૦ ॥૧૪॥
ભેદ સત્તાવન્ન તેહના રે, પંચ સમિતિ ગુપ્તિ તીન ॥
પરિસહ બાવિશ જીતતા રે, ક્ષાંત્યાદિ દશગુણ લીન રે ॥ પ્રાણી૦ ॥૧૫॥
બાર ભાવના ભાવિયે રે, ચારિત્ર પંચ પ્રકાર ॥
સમ સંવર જે આદરે રે, તેહ તરે સંસાર રે ॥ પ્રાણી૦ ॥૧૬॥
ષટ્ ષટ્ બાહ્ય અભ્યંતરે રે, તપ તપિ નિર્જરા થાય ॥
આતમ રમણે આતમા રે, સહજાનંદ ઉપાય રે ॥ પ્રાણી૦ ॥૧૭॥
શુક્લ ધ્યાન ધરિ આતમા રે, ક્ષય કરિ અષ્ટે કર્મ ॥
પૂર્ણ વ્યક્તિ સ્વ પ્રજાયની રે, કરિ વિલસે શિવશર્મ રે ॥ પ્રાણી૦ ॥૧૮॥
સાત તત્ત્વ એણિ પેરે કહ્યા રે, નવ ગ્રંથાંતર માંહ્ય ॥
પુણ્ય પાપ દોય બંધથી રે, કહ્યા વિશેષે ત્યાંહ્ય રે ॥ પ્રાણી૦ ॥૧૯॥

નયઆદિક કાંઇ વર્ણવું રે, સંક્ષેપ તત્ત્વ વિચાર ॥
મનસુખ સમ્યક્ દર્શથી રે, લહિયે શિપદ સાર રે ॥ પ્રાણી૦ ॥૨૦॥

## ॥ દોહરા ॥

વસ્તુ અનંત ધરમ મયી, સમકાલે ન કહાય ॥
નય વચને જો ઉચ્ચ રે, તો કાંઇ વિરુદ્ધ ન થાય ॥૧॥
પજ્જવ ગૌણ દરવ મૂખે, દ્રવ્યાર્થિક એ જાણ ॥
દ્રવ્ય ગૌણ પજ્જવ મૂખે, પજ્જવ અર્થ વખાણ ॥૨॥
નૈગમ સંગ્રહ વ્યવહારને, રૂજુસૂત્ર એ ચાર ॥
દ્રવ્યાર્થિક નય જાણિએ, ધારો એહ વિચાર ॥૩॥
શબ્દ સમભિરૂઢને, એવંભૂત એ તીન ॥
પજ્જવ નય મન ધારતાં, પંડિત હોય પ્રવીણ ॥૪॥

## ॥ ઢાલ (૨) બીજી (સ્યાદ્વાદવિચાર)

### ॥ શ્રી સુપાર્શ્વ જિન વંદિયે ॥ એ રાગ ॥

સકલ વસ્તુને જાણીએ, ચાર નિક્ષેપ સમેત લલના ॥
ન્યાસ કહ્યા એ વસ્તુના, દ્રવ્ય પ્રજાય અભેદ લલના,
તત્ત્વ દ્રષ્ટિ દ્રઢ રાખીએ ॥ એ આંકણી ॥૧॥
નામ સ્થાપના દ્રવ્યને, ભાવ સહિત હોય ચ્યાર લલના ॥
વસ્તુના વસ્તુ વિષે, શુદ્ધ નિક્ષેપ વિચાર લલના ॥ તત્ત્વ૦ ॥૨॥
ઉપચારે પણ વસ્તુના, દાખ્યા ચાર નિક્ષેપ લલના ॥
સૂત્રે વિશેષે વર્ણવ્યા, ઇહાં દાખ્યું સંક્ષેપ લલના ॥ તત્ત્વ૦ ॥૩॥
ચાર નિક્ષેપે વસ્તુનો, ભિન્ન ભિન્ન હોય બોધ લલના ॥
ન્યાસ જે જેહના તે તેહમાં, જાણો સદા અવિરોધ લલના ॥ તત્ત્વ૦ ॥૪॥
નિત્યાનિત્ય વસ્તુ સવિ, તેમ વલિ એક અનેક લલના ॥
સત્ય અસત્ય પણે સદા, વક્ત અવક્તવ લેખ લલના ॥ તત્ત્વ૦ ॥૫॥
આઠે પક્ષે જાણીએ, ભિન્ન ભિન્ન સપ્તભંગ લલના ॥
સ્યાદવાદ એમ જાણતાં, લહિયે સમકિત રંગ લલના ॥ તત્ત્વ૦ ॥૬॥

સ્યાદવાદ પરિણામમાં, પરિણમે વસ્તુ સદાય લલના ॥
આપે આપ સ્વરૂપમાં, વર્ત્તે વિણ પણ સહાય લલના ॥ તત્ત્વ૦ ॥૭॥
દોય પ્રકાર પ્રમાણ છે, પ્રત્યક્ષ પરોક્ષ તે જાણ લલના ॥
પ્રત્યક્ષ દોય પ્રકારનું, સર્વને દેશ વખાણ લલના ॥ તત્ત્વ૦ ॥૮॥
કેવલ સર્વ પ્રત્યક્ષ છે, દેશ અવધિ મનનાણ લલના ॥
મતિ સુત પરોક્ષ વખાણીએ, પ્રમેય માપે પ્રમાણ લલના ॥ તત્ત્વ૦ ॥૯॥
બીજાં ચાર પ્રમાણ છે, પ્રત્યક્ષ અનુમાન વચન્ન લલના ॥
ચોથું ઉપમાન જાણીએ, એ ચઉ ધારો મન્ન લલના ॥ તત્ત્વ૦ ॥૧૦॥
સકલ વસ્તુ પ્રમેયને, જે માપે તે જ્ઞાન લલના ॥
જ્ઞાન પ્રમાણ હૃદય ધરો, જેમ નાશે દુર્ધ્યાન લલના ॥ તત્ત્વ૦ ॥૧૧॥
સકલ તત્ત્વ [૧]નિર્દેશને વલિ, [૨]સ્વામિત્વ વિચાર લલના ॥
[૩]સાધન [૪]અધિકરણ જાણીએ, [૫]સ્થિતિ [૬]વિધાન ખટ ધાર લલના ॥
તત્ત્વ૦ ॥૧૨॥
એ અનુયોગે આત્મનું, દર્શન નિર્મલ હોય લલના ॥
થિરતા આવે ચરણમાં, આતમ તત્ત્વ વિલોય લલના ॥ તત્ત્વ૦ ॥૧૩॥
સત સંખ્યા ક્ષેત્ર ફરસના, કાલને અંતર ભાગ લલના ॥
ભાવ ને અલ્પબહુત્વએ, નવ અનુયોગનો લાગ લલના ॥ તત્ત્વ૦ ॥૧૪॥
ચઉદશ માર્ગણામાં કરો, સમ્યક તત્ત્વ વિચાર લલના ॥
નિર્મલ સુતરસ ઊપજે, લહિયે દર્શન સાર લલના ॥ તત્ત્વ૦ ॥૧૫॥
એમ અનુયોગને અનુગમે, પ્રગટે સમ્યક બોધ લલના ॥
મનસુખ શિવસંપતિ લહે, સહજાતમ અવિરોધ લલના ॥ તત્ત્વ૦ ॥૧૬॥

## ॥ દોહરા ॥

દર્શન પદ વર્ણન કર્યું, હવે કહું જ્ઞાન સ્વરૂપ ॥
આત્મ જ્ઞાન નિર્મલ લહી, ભવિ મૂદો ભવ કૂપ ॥૧॥

## ॥ ઢાલ (૩) ત્રીજી (જ્ઞાનવિચાર)

**॥ ભવિકા સિદ્ધચક્ર પદ વંદો ॥ એ રાગ ॥**

પંચ પ્રકાર છે જ્ઞાનના રે, મતિ શ્રુત અવધિ સાર ॥
મનપજ્જવ કેવલ ભલું રે, સેવિ લહો ભવ પાર રે પ્રાણી ॥
વીર વચન ચિત્ત ધરિયે, ભવદધિ વેગથી તરિયે રે પ્રાણી૦ ॥ વીર૦ ॥૧॥
એ આંકણી ॥

જ્ઞાન પ્રમાણ છે સર્વનું રે, માપે સકલ પ્રમેય ॥
આપ રહે નિજ રૂપમાં રે, જ્ઞાનાનંદ અમેય રે ॥ પ્રાણી૦ ॥૨॥
પંચ ઇંદ્રિ એક મન વડે રે, ભેદ અઠાવિશ સાર ॥
મન નયન વિણ ચારના રે, વ્યંજનાવગ્રહ ચાર રે ॥ પ્રાણી૦ ॥૩॥
અથ્થા ઈહા અવાય છે રે, ચોથો ધારણા ભેદ ॥
પંચ ઇંદ્રિ એક મન તણા રે, ચોવિશ ભેદ અખેદ રે ॥ પ્રાણી૦ ॥૪॥
બહુ અબહુ બહૂવિધે રે, અબહૂવિધે જણાય ॥
ક્ષિપ્ર અક્ષિપ્રપણે લખે રે, નિશ્રિત અનિશ્રિત લખાય રે ॥ પ્રાણી૦ ॥૫॥
યુક્ત અયુક્ત પણે લખે રે, ધ્રુવ અધ્રુવ હોય લક્ષ ॥
બાર અઠાવિશથી ગુણો રે, તિસય છત્તિશ ભેદ દક્ષ રે ॥ પ્રાણી૦ ॥૬॥
ઉત્પાત વિનયકી કામિઆ રે, ચોથી પરિણામી બુદ્ધિ ॥
ત્રણશેં ચાલીશ ભેદ એ રે ॥ મતિના જાણો શુદ્ધિ રે ॥ પ્રાણી૦ ॥૭॥
મતિ સ્મૃતી સંજ્ઞા કહી રે, ચિંતા આભિનિબોધી ॥
પંચ નામ મતિનાં કહ્યાં રે, તે જાણે અવિરોધિ રે ॥ પ્રાણી૦ ॥૮॥
અક્ષર અનક્ષર કહ્યું રે, સન્ની અસન્ની દોય ॥
સમ્યક મિથ્યા સુત તથા રે, સાદિ અનાદિ હોય રે ॥ પ્રાણી૦ ॥૯॥
સપજ્જવસિત કહ્યું રે, વલિ અપજ્જવસિત ॥
ગમિક અગમિક જાણિએ રે, અંગ અંગબાહ મિત્ત રે ॥ પ્રાણી૦ ॥૧૦॥
ચૌદ ભેદ એમ શ્રુતના રે, વલિ છે વીશ પ્રકાર ॥
પજ્જવ અક્ષર પદ તથા રે, ચોથો સંઘાત વિચાર રે ॥ પ્રાણી૦ ॥૧૧॥

પડિવત્તી અનુયોગ છે રે, પાહુડ પાહુડ સત્ત ॥
આઠમો પાહુડ જાણિએ રે, નવમો વથ્થુ પયત્ત રે ॥ પ્રાણી૦ ॥૧૨॥
પૂર્વ ભેદ દશમો કહ્યો રે, વલિ એ દશના સમાસ ॥
મિલતાં વીશ ભેદે હુવે રે, જાણો સુત વિલાસ રે ॥ પ્રાણી૦ ॥૧૩॥
બાર ભેદ બાર અંગથી રે, દ્રવ્ય ભાવ દોય ભેદ ॥
એમ સુત ભેદ અનેક છે રે, કરો અભ્યાસ ઉમેદ રે ॥ પ્રાણી૦ ॥૧૪॥
ખટ વિધ અવધિજ્ઞાન છે રે, પ્રથમ કહ્યો અનુગામી ॥
અનનુગામી બીજો કહ્યો રે, ત્રીજો વર્દ્ધમાન નામી રે ॥ પ્રાણી૦ ॥૧૫॥
હેયમાન ચોથો કહ્યો રે, પંચમ છે પ્રતિપાતી ॥
આવ્યું ન જાવે ઊહિ જે રે, છઠો અપ્રતિપાતી રે ॥ પ્રાણી૦ ॥૧૬॥
ભવપ્રત્ય નારક દેવને રે, તિર્ય મનુજ ગૂણપ્રત્ય ॥
ભેદ વિશેષ અસંખ્ય છે રે સૂત્રે જાણો સત્ય રે ॥ પ્રાણી૦ ॥૧૭॥
ઋજુ વિપુલ દોય ભેદથી રે, કહ્યું મનપજ્જવ નાણ ॥
કેવલ એક અભેદ છે રે; નિર્મલ જલહલ ભાણ રે ॥ પ્રાણી૦ ॥૧૮॥
ઋજુમતિથી વિપુલમતી રે, વિશુદ્ધ અપડિવાયી ॥
મનપજ્જવથી ઓહિના રે, ભાવ સુણો અધિકાઈ રે ॥ પ્રાણી૦ ॥૧૯॥
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી રે, અધિક તથા વિશુદ્ધ ॥
મનપજ્જવથી ઓહિનો રે, સ્વામી જાણો બુદ્ધ રે ॥ પ્રાણી૦ ॥૨૦॥
મુનિ અપ્રમાદીને હુવે રે, મનપજ્જવ દોય સાર ॥
ચઉ ગતિ ક્ષયઉપશમ ગુણે રે, ઉપજે ઓહિ ઉદાર રે ॥ પ્રાણી૦ ॥૨૧॥
સર્વ એકાવન્ન ભેદ છે રે, જ્ઞાનના ચિત્તમાં ધારો ॥
શુદ્ધ જ્ઞાન આરાધતાં રે, લહિયે ભવજલ પારો રે ॥ પ્રાણી૦ ॥૨૨॥
રૂપી અરૂપી વિષય છે રે ॥ મતિશ્રુત જ્ઞાનનો જાણો ॥
અસંખ્ય સમયમાં એ લખે રે, નિજ નિજવિષય પ્રમાણો રે ॥ પ્રાણી૦ ॥૨૩॥
રૂપિ વિષય અવધિ તણો રે, પુદ્ગલનોએ જ્ઞાતા ॥
મનપજ્જવ સંજ્ઞીતણા રે, મન ભાવ જાણે વિખ્યાતા રે ॥ પ્રાણી૦ ॥૨૪॥

કેવલ રૂપી અરૂપિના રે, અનંતાનંત પ્રજાય ॥
એકસમય ત્રિહુંકાલના રે, જાણએ પુરણ અસહાય રે ॥ પ્રાણી૦ ॥૨૫॥
વિપ્રયાસ પણ જાણિએ રે, કુમતિ કુસુત વિભંગ ॥
હોય મિથ્યાતી જીવને રે, સમકિતિ જ્ઞાન સુચંગ રે ॥ પ્રાણી૦ ॥૨૬॥
એક સમય એક જીવને રે, મઈ સુય ઓહિ મન હોય ॥
મઈ સુય ઓહિ ત્રિય કોઈને રે, મઈ સુય મન ત્રિય જોય રે ॥ પ્રાણી૦ ॥૨૭॥
મતિ સુત દો હોય કોઈને રે, કોઈને કેવલ એક ॥
એક સમય ત્રિહું કાલના રે, જાણે ભાવ અશેખ રે ॥ પ્રાણી૦ ॥૨૮॥
ભાગ અનંત ઓહી થકી રે, વિષય છે મનપજ્જવનો ॥
અનંત વિષય કેવલ તણો રે, આનંદ નિજ અનુભવનો રે ॥
પ્રાણી૦ ॥ ॥૨૯॥
જ્ઞાન અજ્ઞાન કેવલ વિના રે, ક્ષયઉપશમથી સાત ॥
છદ્મસ્થ ભાવે હોય છે રે, કેવલ અવ્યાઘાત રે ॥ પ્રાણી૦ ॥૩૦॥
નિર્મલ જ્ઞાન આરાધતાં રે, હોય સમાધિ સ્વતંત ॥
મનસુખ શિવસંગે સદા રે, વિલસે સૂખ અત્યંત રે ॥ પ્રાણી૦ ॥૩૧॥

## ॥ દોહરા ॥

કહ્યો જ્ઞાન અધિકાર એ, કહું કછુ જીવ સ્વભાવ ॥
લખો શુદ્ધ સ્વરૂપનિજ, નાશે જેમ વિભાવ ॥૧॥
દર્શ જ્ઞાનમયી ચેતના, ઉપયોગી ગુણવંત ॥
કર્ત્તા ભોક્તા આદિ નિજ, ગૃણ અરૂપિ અનંત ॥૨॥
ચાર પ્રાણયુત જીવતો, જે છે વિદ્યમાન ॥
આગે પણ એમ જીવશે, સ્વપર વસ્તુનો જાણ ॥૩॥
ઇંદ્રિય બલ આણપાન છે, ચોથો આયુ પ્રાણ ॥
છે સંસારી જીવને, ઉત્તર દશવિધ જાણ ॥૪॥
દર્શન જ્ઞાન ચારિત્રને, વીર્ય પ્રાણયુત ચાર ॥
ભાવપ્રાણ એ સિદ્ધના, અમલ અચલ સુખકાર ॥૫॥

આઠકર્મ આવરણથી, ભમે ચતુર્ગતિ માંહ્ય ॥
નિજ ગુણ સર્વ મલિન હુવા, નિજ પદ શુદ્ધિ ન કાંય ॥૬॥
પંચ ભાવ સંસારીને, ખાયક પરિણામીક સિદ્ધ ॥
ખાયક પરિણામીક લહ્યો, તે પામ્યો નવ નિદ્ધ ॥૭॥

## ॥ ઢાલ (૪) ચોથી (ભાવવિચાર)

### ॥ અડિલ્લ છંદ ॥

દોય ભાવ ઉપશમિક, પ્રથમ મિથ્યાતનો,
બીજો ઉપશમ ચરણ, મોહની જાતનો ॥
ક્ષાયિકસમકિત ક્ષાયિકચરણ તે જાણિયે,
કેવલ દર્શન જ્ઞાન એ, ક્ષાયિક માનિએ ॥૧॥
દાન લાભ ને ભોગપભોગ લબ્ધિ કહી,
અનંત વીરજ લબ્ધિ, એ નવ ક્ષાયિક સહી ॥
કેવલ વિણ ચઉ જ્ઞાનને, દર્શન તીન છે,
તિન અજ્ઞાન ને લબ્ધિ, પંચે ભિન્ન છે ॥૨॥
વેદકસમકિત ને વલિ, ચરણ સરાગ છે,
સંજમાસંજમ મલિ અઠદશનો લાગ છે ॥
ક્ષયઉપશમથી જીવના, ભાવ અઢાર છે,
કર્મક્ષય કરી ક્ષાયિક, વરવું સાર છે ॥૩॥
ચઉગતિ ચાર કષાય, લિંગત્રય જાણિયે,
મિથ્યાદર્શનને અજ્ઞાન પ્રમાણિયે ॥
અસંજમ અસિદ્ધત્ત્વને ખટ લેશ્યા,
ભેદ ઉદયના એકવીશ જાણો સહી ॥૪॥
જીવ ભવ્ય અભવ્ય પરિણામીક ત્રણ કહ્યા,
સૌ મલી ત્રેપન ભેદ સૂત્રમાંથી લહ્યા ॥
દ્વિવિધ કહ્યો ઉપયોગ ભેદ તસ બાર છે,
જ્ઞાન અજ્ઞાન એ આઠ ને દર્શન ચાર છે ॥૫॥
જ્ઞાન પંચ અજ્ઞાન તીન સાકાર છે,
ચઉ દર્શન સામાન્યથી નીરાકાર છે ॥

ઉપયોગવંત તે જીવ સંસારીને સિદ્ધ છે ॥
સંજ્ઞી અસંજ્ઞી ભવવાસી દ્વીવિધ છે ॥૬॥
થાવર ત્રસ સંસારી દોય પ્રકારના,
પૃથ્વિ આદિ પંચ તે થાવર ધારણા ॥
બી તી ચઉ પંચેંદ્રિ ત્રસ વિચારિયે,
ઇંદ્રિ પંચને દોય પ્રકારે ધારિયે ॥૭॥
નિવૃત્તી ઉપકરણ તે દ્રવ્ય ઇંદ્રિ કહી,
લબ્ધિ ને ઉપયોગ તે ભાવ ઇંદ્રિ સહી ॥
ફરસ વિષય છે આઠ પંચ રસના તણા,
ઘ્રાણના દોય પ્રકાર પંચ [1]દ્રગના ભણ્યા ॥૮॥
સચિત અચિત ને મિશ્રશબ્દ ત્રય શ્રોતના,
વિષય ત્રેવિશ પ્રકાર તજો થઈ શુભમના ॥
સુતગોચર જે વિષય તે મનનો જાણિયે,
વિષય રાગ તજી કર્મની સત્તા ભાનિએ ॥૯॥
થાવર પંચને એકજ ફરસ ઇંદ્રિ કહી,
બિ તિ ચઉ પંચેંદ્રિ એક એક વધતી લહી ॥
પુદ્ગલ વિણ નહીં ભેદ સિદ્ધ શુદ્ધ જીવમાં ॥
સહજાનંદ સ્વતંત્ર તે વિલસે શીવમાં ॥૧૦॥
કર્મયોગ કોઇ જીવને, વિગ્રહગતિ કહી,
શુદ્ધ જીવ હોય સિદ્ધ તે અવિગ્રહ ગતિ લહિ ॥
જીવ પરમાણુનું સમ શ્રેણીમાં ગમન છે,
પુદ્ગલ યોગે જીવનું ચઉગતિ ભ્રમણ છે ॥૧૧॥
ગત્યાંતર જાતાં કોઇ વિગ્રહગતિ કરે,
બીજે ત્રીજે ચોથે સમયે [2]આહરે ॥
એક દો તિન વિગ્રહથી ચોથા સમયમાં,
નૌતન ધરે પ્રજાય કરમ કૃત્ય ઉદયમાં ॥૧૨॥
અવિગ્રહિ અનાહારી એકજ સમયનો,
વિગ્રહવંત અનાહારી બે ત્રણ સમયનો ॥

---

૧. ચક્ષુ. ૨. આહારી હોય.

સમૂર્છિમ ગર્ભજ ઉતપાતકી તીન એ,
જન્મ કહ્યા એમ ભિન્ન ભિન્ન જગજીવને ॥૧૩॥
દેવ નરકને જન્મ સદા ઉતપાતથી,
મનુષ્ય તિર્યંચને ગર્ભ સમૂર્છિમ જાતથી ॥
અંડજ પોતજ જરાયુજ ત્રણ જાતના,
એ વિધ ગર્ભ પ્રકાર જૂઇ જૂઇ જાતના ॥૧૪॥
નવ પ્રકારની યોનિ કહી તે જાણિએ,
સચિત અચિતને શીતઉષ્ણ પરમાણિએ ॥
સંવૃત ને વિવૃત એ ખટ વિધ ધારીએ,
સચિત અચિત મિશ્ર સપ્તમી વિચારીએ ॥૧૫॥
ઉષ્ણ શીત મિશ્રની આઠમી જાણીએ,
સંવૃત વિવૃત મિશ્ર એ નવમી માનીએ ॥
ચુલસી લાખ વિશેષ જીવ યોની કહી,
તજિએ મમતા સર્વ વિમલ શક્તિ ગ્રહી ॥૧૬॥
ઉદારિક વૈક્રિય આહારક તેજસ તથા,
પંચમું કાર્મણ નામ શરિ(રી)ર હોયે યથા ॥
એક એકથી સૂક્ષમ અનુક્રમે જાણીયે,
અનંતાનંત પ્રદેશી કાર્મણ માનીયે ॥૧૭॥
તેથી અનંતમે ભાગ પ્રદેશ તૈજસ કહ્યું,
તેથી અનંતમે ભાગ આહારક તનુ લહ્યું ॥
આગે ઓછા ઓછા પ્રદેશ છે થૂલમાં,
જેમ સૂક્ષમ તેમ અધિક પ્રદેશી મૂલમાં ॥૧૮॥
તેજસ કાર્મણ દોય એ અપ્રતિઘાતીને,
વજ્રાદિક નવિ રોકે એ દોય જાતીને ॥
એ ન કરે પ્રતિઘાત જગતમાં કોઈને,
તત્ત્વ વિચારો સાર સિદ્ધાંતમાં જોઈને ॥૧૯॥
કાર્મણ તેજસ જીવ સંબંધ અનાદિનો,
નવ નવ ગ્રહણે હોયે સંબંધ તે સાદિનો ॥

એક સમય કોઇ જીવને ચારે દેહ છે,
ઉદારિક વૈક્રિય તેજસ કમ્મ એહ છે ॥૨૦॥
આહાર ઉદારિક તેજસ કાર્મણ પણ કદા,
બાકી સર્વ સંસારી તી શરિરી સદા ॥
વિગ્રહગતિમાં તૈજસ કાર્મણ જાણિયે,
નિત્ય નિગોદમાં તીન્ન શરીર પ્રમાણિયે ॥૨૧॥
તૈજસ કાર્મણ દોય તે નિરૂપભોગ છે,
ઉદારિક વૈક્રિય આહારકથી ભોગ છે ॥
ગર્ભ સમૂર્છિમને મૂલ તીનજ દેહ છે,
ઉદારિક તૈજસ કાર્મણ જાણો એહ છે ॥૨૨॥
ઉત્પાતિકને વૈક્રિય આદિક ત્રણ કહ્યાં,
લબ્ધિવંત અદિકે વૈક્રિય આહારક લહ્યાં ॥
તૈજસ લબ્ધિવંત કરે તૈજસ કદા,
એક મુહુરત સ્થિતિ આહારક અધિકી નહિ કદા ॥૨૩॥
ચૌદ પુરવધર આહારક શક્તિ લહી કરી,
આહારક કરતો આવે પ્રમાદ ગુણે ફરી ॥
અવ્યાઘાતને શુભ વિશુધ આહારક કહ્યું,
ચૂકિ ઊચેથી છઠમ ગુણઠાણુ લહ્યું ॥૨૪॥
સમૂર્છિમને નારક સવિ નપુંસક કહ્યા,
સ્ત્રી પુરુષ દોય વેદ દેવ માંહે લહ્યા ॥
ગર્ભજ મનુષ્યને તિર્યંચને ત્રણ વેદ છે,
સિદ્ધ જીવ નિરવેદ અચલ નિરભેદ છે ॥૨૫॥
અસંખ્ય વર્ષ જે આયુ યુગલિયાદિકમાં,
નિરૂપક્રમ છે આયુ નરકને દેવમાં ॥
સોપક્રમ પણ આયુ ચરમ તનુનું સુણ્યું,
નિરૂપક્રમ વિશેષ ગ્રંથાંતરથી મુણ્યું ॥૨૬॥
ચરમ શરિરીનું આયુ દુવિધથી જાણીએ, પ્રાયે નિરૂપક્રમ સૂત્રથી માનીયે ॥
ત્યાગી સકલ વિભાવ નિરાયુ પદ લહો, મનસુખ વિમલ સ્વભાવ લહિ
શિવઘર રહો ॥૨૭॥

## ॥ દોહરા ॥

પંચ ભાવ આદિ તણું, વર્ણન કીધું સાર ॥
નરકાદિક કહુ વર્ણવું સ્થાનક આદિ વિચાર ॥૧॥

## ॥ ઢાલ (૫) પાંચમી (નરકવિચાર)

**॥ વીર જિનેશ્વર વદન વચન આદર ભવિ પ્રાણી ॥ એ રાગ ॥**

રત્ન શર્કરા વાલુપ્રભા પંક ધુમ્ર જેહ,
છઠી તમઃપ્રભા કહી તમતમઃ સપ્ત એહ ॥
સપ્ત ગોત પુઢવીય નામ ધમ્મા વંશા શેલા છે,
અંજના અરીષ્ટા તથા મઘા માઘવઈ એ ॥૧॥
અનુક્રમે નામ એ સાત નરક જીવ વાસ તિહાં છે,
કડવાં ફલ છે પાપનાં પરવશ દુઃખ સહે છે ॥
રત્નપ્રભાદિ સાત એ અધો અધો ભાગે,
તીન વલયથી વીંટી પહેલો ઘનોદધિ લાગે ॥૨॥
ઘનવાત વલય બિજો ત્રિજો તનુવાત વલય છે,
ચોથો આધાર આકાશ આકાશને અવર નહીં છે ॥
એક લાખ એંશીહજાર જોયણ રત્નપ્રભા નામે,
ત્રણ ભાગ તેહના કરો ત્રીજા ભાગને ઠામે ॥૩॥
જોયણ સોલ હજારનો તે ઉપર ખર ભાગ,
ચિત્રા વજા વૈડૂર્ય આદિ સોલ પૃથ્વી લાગ ॥
સહસ્ર સહસ્ર જોયણ કહી નીચે ઉપરની ટાલો,
મધ્યની ચૌદે પુઢવીમાં દેવ નિવાસ નિહાલો ॥૪॥
કિન્નર કિંપુરૂષ મહોરગ ગંધર્વ યક્ષ,
ભૂત વ્યંતર દેવ રહે છે તિહાં પિશાચ સંયુત ॥
નાગ વિદ્યુત સુપર્ણ છે અગ્નિ વાયુકુમાર,
સ્તનિત ઉદધિ દ્વિપ દીગ એ નવ જાતી ધાર ॥૫॥

ભુવનવાસી નવ એહનાં નિવાસનાં સ્થાન,
ખરભાગ નીચે મધ્યલો સહસ્ત્ર ચોરાશી માન ॥
જોયણનો પંકભાગ છે અસુર રાક્ષસ વાસ,
પંક ભાગ હેઠે કહ્યો એંશીહજારનો ખાસ ॥૬॥
અબહુલ જોયણનો કહ્યો તિહાં નારકી જાણો,
નીચે રાજ એક અંતરે બીજી શર્કરા માનો ॥
એક એક રાજને અંતરે સાતમી ક્રમે જાણો,
તમતમઃ પ્રભા કહી મહાદુઃખ ઠાણો ॥૭॥
નરકાવાસ લક્ષ ત્રીશ છે રત્નપ્રભા માંહે,
લાખ પચ્ચીશ નિવાસ કહ્યા શર્કરા માંહે ॥
પંદર લાખ વાલુપ્રભા દશ પંકમાં ધારો,
ધુમ્રપ્રભા ત્રણ લાખ છે નેરઈયા વિચારો ॥૮॥
પંચ ઓછા લખ વાસ છે તમઃ પ્રભાની માંહે,
પંચ વાસ સતમી વિષે તમતમઃ જ્યાં હે ॥
સાતે નરકના વાસ કહ્યા છે લક્ષ ચોરાશી,
નારકી જીવ વસે તિહાં ભોગવે દુઃખ રાશી ॥૯॥
અશુભ લેશ્યાના સ્વામિ તથા અશુભ પરિણામી,
દેહ વિક્રિયા અશુભ વલી અશુભના સ્વામી ॥
ખેત્ર તનુ મન વેદના પરમાધામી કૃત્ય,
અન્યોઅન્ય ઉદીરતાં પૂરવ ફલ અકૃત્ય ॥૧૦॥
પંચ પ્રકારની વેદના મૂખ્યે તિહાં ભાખી,
પણ છે વિવિધ પ્રકારની ગ્રંથોમાં સાખી ॥
પહેલીથી ત્રીજી લગે પરમાધામી જાએ,
ચાર પાંચ છ સાતમી પરમાધામી ન જાએ ॥૧૧॥
એક તીન સત દશ કહ્યું સત્તર બાવીશ,
તેત્રીસસાગરનું કહ્યું આયુ જગદીશ ॥

અનુક્રમે ઉત્કૃષ્ટ આયુ છે સાતમી લગે જાણો,
દશ સહસ્ર એક સાગર તીન સાગર માનો ॥૧૨॥
સાત સાગર દશ સાગર સાગર સત્તર પ્રમાણ,
બાવીશ સાગર સાતમે જઘન્ય આયુ જાણ ॥
અનુક્રમે સાતે નરકનું જઘન્ય આયુ દાખ્યું,
જેણે જિન વચન ન આદર્યા તેણે એ ફલ ચાખ્યું ॥૧૩॥
પહેલેથી સાતમી લગે દુઃખ અધિક અધિક છે,
અસંજ્ઞી જીવ પ્રથમ લગે સરિસસર્પ બીજે ॥
પક્ષિ પહેલેથી ત્રીજીમાં ચોથિ લગ સિંહ જાય,
વિષધર સર્પ પંચમી લગે છઠિ લગે સ્ત્રી જાય ॥૧૪॥
મનુષ્ય મત્સ્ય સાતમી લગે એહ રીત સદાય,
નારકી મરિ નવિ નરકમાં નવિ દેવમાં જાય ॥
જૈન ધર્મ જેણે આદર્યો તેને દુરગતી નાહીં,
શુદ્ધાતમતા ભાવતો મનસુખ શિવ માંહી ॥૧૫॥

## ॥ દોહરા ॥

કહ્યો નરક અધિકાર એ, હવે કહું ક્ષેત્ર વિચાર ।
શુદ્ધ સ્વભાવે આતમા, ધ્યાતાં ભવજલ પાર ॥૧॥

## ॥ ઢાલ (૬) છઠી (જંબૂદ્વીપવિચાર)

**॥ નગરિ મહાણ કુંડમાં વસે રે ॥ એ રાગ ॥**

જંબુ આદિક દ્વીપ છે રે લાલા સમૂદ્ર લવણાદિક,
શુભ નામે તે જાણિએ રે લાલા એક એકથી ઠીક રે લાલા
એક એકથી ઠીક ॥૧॥
એક એકથી દુગૂણા કહ્યા રે લાલા વલિયાકારે જાણ,
સમુદ્રે વીંટ્યો દ્વીપ છે રે લાલા દ્વિપે સમૂદ્ર વખાણ રે લાલા ॥ દ્વીપે૦ ॥૨॥
જંબૂથી બમણો કહ્યો રે લાલા લવણસમૂદ્ર વિચાર,
લવણથી દૂણો ધાતકી રે લાલા દુગુણ કાલોદધિ ધાર રે લાલા ॥
દુગુણ૦ ॥૩॥

પુષ્કર બમણો તેહથી રે લાલા દુગુણ અનુક્રમે જાણ,
સ્વયંભૂરમણ લગે ગણો રે લાલા દુગુણ દુગુણનું માન રે લાલા ॥
દુગુણ૦ ॥૪॥

મધ્યે જંબૂદ્વીપ છે રે લાલા લવણે વીંટ્યો તેહ,
લવણને વીંટ્યો ધાતકી રે લાલા કાલોદધિ એ તેહ રે લાલા ॥
કાલો૦ ॥૫॥

તે વીંટ્યો પુષ્કરારધે રે લાલા તેણે પુષ્કર સમૂદ્ર ।
સ્વયંભૂરમણ લગે રે લાલા દ્વીપ અસંખ્ય સમૂદ્ર રે લાલા ॥ દ્વીપ૦ ॥૬॥
જંબુ મધ્યે મેરુ છે રે લાલા તનમાં નાભી જેમ,
જંબુ ગોલાકાર છે રે લાલા લખ જોયનનો એમ રે લાલા ॥ લખ૦ ॥૭॥
લંબો ચોડો લાખ છે રે લાલા પરધિ જોયણ ત્રણ લાખ,
સોલ હજાર છે ઉપરે રે લાલા બશો સત્તાવીશ ભાખ રે લાલા ॥
બશો૦ ॥૮॥

યોજન એટલા જાણીએ રે લાલા ત્રણ કોશ ઉપર જાણ,
એકશો સત્તાવીશ ધનુષને રે લાલા સાડાતેર અંગલ માન રે લાલા ॥
સાડાતેર૦ ॥૯॥

તેથી કાંઈ અધિક છે રે લાલા જંબૂ પરધી એહ,
બે હજાર કોશનું કહ્યું રે લાલા જોયન માનો તેહ રે લાલા ॥
જોયન૦ ॥૧૦॥

સાત ખેત્ર જંબૂ વિષે રે લાલા ભરત હેમવંત જાણ,
હરિવિદેહ રમ્યક તથા રે લાલા હૈરણ્યવંત ખટ માન રે લાલા ॥
હૈરણ્ય૦ ॥૧૧॥

ઐરાવત છે સાતમો રે લાલા જેહથી થાય વિભાગ,
તેવા ખટ પર્વત કહ્યા રે લાલા તે સુણજો ધરી લાગ રે લાલા ॥
તે૦ ॥૧૨॥

હીમવાન પહેલો કહ્યો રે લાલા દુતીય મહાહીમવાન,
નિષધ ત્રીજો જાણીએ રે લાલા ચોથો નીલ વખાણ રે લાલા ॥
ચોથો૦ ॥૧૩॥

રુક્મી પર્વત પંચમો રે લાલા છઠો શિખરી જોય,
એ ખટ પર્વતથી સવિ રે લાલા ક્ષેત્ર વિભાગજ હોય રે લાલા ॥
ક્ષેત્ર૦ ॥૧૪॥

ભરતહેમવંત વીચે રે લાલા છે પર્વત હીમવાન,
એમ દો દો ખેત્રો વીચે રે લાલા એક એક પર્વત જાણ રે લાલા ॥
એક૦ ॥૧૫॥

સુવર્ણમય હીમવાન છે રે લાલા રજત મહાહીમવાન,
તપત હીમ સમ નિષધ છે રે લાલા નીલ મયુર સમ જાણ રે લાલા ॥
નીલ૦ ॥૧૬॥

રુક્મી ઋપામય કહ્યો રે લાલા શિખરી સોના વર્ણ,
એ ખટ પર્વત જાણીએ રે લાલા ભિન્ન ભિન્ન ભૂ વર્ણ રે લાલા ॥
ભિન્ન૦ ॥૧૭॥

નીચે ઉપર તેહનો રે લાલા દાખ્યો સમ વિસ્તાર,
તે ઉપર ખટ દ્રહ કહ્યા રે લાલા નામ કહું તસ સાર રે લાલા ॥
નામ૦ ॥૧૮॥

પદ્મ તથા મહાપદ્મ છે રે લાલા તીગંચ કેશરિ નામ,
મહાપુંડરિક તીમ જાણીએ રે લાલા પુંડરિક ખટ નામ રે લાલા ॥
પુંડરિક૦ ॥૧૯॥

સહસ્ત્ર જોયણ પદ્મદ્રહ છે રે લાલા પૂરવ પશ્ચિમ લંબ,
અરધો ઉત્તર દક્ષિણે રે લાલા ચોડો દીશે રમ્ય રે લાલા ॥ ચોડો૦ ॥૨૦॥

દશ જોજન ઊંડો કહ્યો રે લાલા પદ્મ જોયનનું હોય,
રત્નમયી તે જાણજો રે લાલા શ્રીદેવિ રહે સોય રે લાલા ॥ શ્રી૦ ॥૨૧॥

દુગુણ દુગુણ છે તેહથી રે લાલા મહાપદ્મ દ્રહપદ્મ,
અનુક્રમે એહ પ્રમાણથી રે લાલા તીગંચ લગે દ્રહપદ્મ રે લાલા ॥
તીગંચ૦ ॥૨૨॥

પદ્મદ્રહ અને પદ્મથી રે લાલા દુગુણ મહાપદ્મ દ્રહપદ્મ,
તીગંચપદ્મ તેથી દુણો રે લાલા એ સમ કેશરીપદ્મ રે લાલા ॥
એ૦ ॥૨૩॥

કેશરિથી અર્ધો કહ્યો રે લાલા મહાપુંડરીક દ્રહપદ્મ,
તેથી અર્ધો જાણીએ રે લાલા પુંડરિકદ્રહ અને પદ્મ રે લાલા ॥
પુંડરિક૦ ॥૨૪॥

તીન પહેલા તીન પાછલા રે લાલા દ્રહ અને પદ્મ સમાન ॥
ચઢતા ઉતરતા માપથી રે લાલા તત્ત્વાર્થે છે વખાણ રે લાલા ॥
તત્ત્વાર્થે૦ ॥૨૫॥

દ્રહ કમલ એ શાશ્વતા રે લાલા વિગત સૂત્રથી જાણ ॥
તિહાં દેવી સ્થાનક કહ્યાં રે લાલા, ગ્રંથથી જાણો સુજાણ રે લાલા ॥
ગ્રંથથી૦ ॥૨૬॥

શ્રી હ્રી ધૃતિ કીર્ત્તિ કહી રે લાલા બુદ્ધિ લક્ષ્મી જાણ ॥
પલ્યોપમ આયુ કહ્યું રે લાલા કાંતી દ્યુતી અમાન રે લાલા ॥
કાંતી૦ ॥૨૭॥

બહુ પરિવાર તે દેવિનો રે લાલા ભાખ્યો સૂત્ર મોજાર ॥
પંચેંદ્રિ સુખભોગમાં રે લાલા ક્રીડા કરત અપાર રે લાલા ॥
ક્રીડા૦ ॥૨૮॥

રત્નમયી તે કમલની રે લાલા કિરણીકામાં સાર ॥
ઉજ્જવલ ભવન તિહાં કહ્યાં રે લાલા તિહાં દેવી પરિવાર રે લાલા ॥
તિહાં૦ ॥૨૯॥

પરિષદ સામાનીક તિહાં રે લાલા દે અનેક નિવાસ ॥
દિવ્ય ભોગ તિહાં ભોગવે રે લાલા કરતા લીલ વિલાસ રે લાલા ॥
કરતા૦ ॥૩૦॥

મધ્ય કમલ ચઉ ઓરમાં રે લાલા બીજા કમલ અનેક ॥
તે સવિ સૂત્રથી જાણજો રે લાલા રાખી હૃદય વિવેક રે લાલા ॥
રાખી૦ ॥૩૧॥

સ્થાનક એમ અનેકમાં રે લાલા જીવ અનંતી વાર ॥
આતમ તત્ત્વ લહ્યા વિના રે લાલા ભમિયો એ સંસાર રે લાલા ॥
ભમિયો૦ ॥૩૨॥

દર્શન જ્ઞાન ચરણમયી રે લાલા જાણી આત્મ સ્વરૂપ,
લહે મનસુખ સમભાવથી રે લાલા સિદ્ધ સમાધિ અનૂપ રે લાલા ॥
સિદ્ધ૦ ॥૩૩॥

## ॥ દોહરા ॥

દેવ ભવન આદિ કહ્યાં, કહું સરિતાદિ વિચાર ॥
આતમ તત્ત્વ અજાણતો, ભમ્યો જીવ સંસાર ॥૧॥

## ॥ ઢાલ (૭) સાતમી (મનુષ્યલોકવિચાર)

### ॥ ધણરા ઢોલા ॥ એ દેશી ॥

સાતે ક્ષેત્ર માંહે કહી રે હાં,
દો દો નદિ ગંભીર મોહ નિવારિયે ।
સબ મલિ ચૌદ મહા નદી રે હાં,
જિહાં વહે નિરમલ નીર ભવદુઃખ વારિયે ॥૧॥

[૧]ગંગા [૨]સિંધુ [૩]રોહિતા રે હાં, [૪]દ્રોહિતાસ્યાએ નામ મોહ૦ ॥
[૫]હરીત [૬]હરિકાંતા [૭]સીતા રે હાં, વલી [૮]સીતોદા નામ ॥ ભવ૦ ॥૨॥
[૯]નારી [૧૦]નરકાન્તા તથા રે હાં, [૧૧]સુવર્ણ [૧૨]રૂપ્યકુલાય મોહ૦ ॥
[૧૩]રક્તા રક્તોદા[૧૪] કહી રે હાં, સરિતા બલ અતુલાય ॥ ભવ૦ ॥૩॥
ખેત્ર ખેત્ર દો દો નદી રે હાં, સહુ મલિ ચૌદે હોય ॥ મોહ૦ ॥
બહુ પરિવારે પરિવરી રે હાં, ખેત્રે વહેતી સોય ॥ ભવ૦ ॥૪॥

સાત યુગલ નદિનાં કહ્યાં રે હાં, પ્રથમ પુરવદધિ જાય ॥ મોહ૦ ॥
શેષ સાતે પશ્ચિમ દિશે રે હાં, સિંધુ માંહિ સમાય ॥ ભવ૦ ॥૫॥
ઈહાં એ મૂખ્ય નદી કહી રે હાં, બત્રીશ વિજયની ઓર ॥ મોહ૦ ॥
એમ અનેક સરિતા કહી રે હાં, વહતી નિજ નિજ ઠોર ॥ ભવ૦ ॥૬॥
જંબુદ્વીપ એક લાખનો રે હાં, ભરત ક્ષેત્ર એ માંહ્ય ॥ મોહ૦ ॥
એક સત નેવુ ભાગમાં રે હાં, વિસ્તારે સુત માંહ્ય ॥ ભવ૦ ॥૭॥
પાંચશેં છવ્વીશ જોજને રે હાં, અધિક કલા ખટ જાણ ॥ મોહ૦ ॥
તેથી દુગુણ દુગુણ પણે રે હાં, વિદેહ લગે પરમાણ ॥ ભવ૦ ॥૮॥
ઉત્સર્પિણી અવસર્પિણિ રે હાં, ભરત ઐરવત જોય ॥ મોહ૦ ॥
આયુ કાય ભોગાદિકે રે હાં, વધતું ઘટતું હોય ॥ ભવ૦ ॥૯॥
દશ કોડાકોડિ સાગરૂ રે હાં, ઉત્સર્પિણિનો કાલ ॥ મોહ૦ ॥
અવસર્પિણિ પણ એ સમો રે હાં, મલિ કાલચક્રની ચાલ ॥ ભવ૦ ॥૧૦॥
વિજયની પુઢવી પાંચમાં રે હાં, ઉત્ અસર્પિણિનિ નાંહિ ॥ મોહ૦ ॥
ચોથા આરા સમ સદા રે હાં, વર્ત્તે વિદેહની માંહિ ॥ ભવ૦ ॥૧૧॥
જુગલિઆનું જાણિએ રે હાં, એક બી તીય પલ્ય આય ॥ મોહ૦ ॥
ગર્ભજતિરી મનુષ્યનું રે હાં, વર્ત્તે ત્યાંય સદાય ॥ ભવ૦ ॥૧૨॥
પંચ મેરુ સંબંધિયા રે હાં, દાખ્યા પંચ વિદેહ ॥ મોહ૦ ॥
આયુ વર્ષ સંખ્યાતનું રે હાં, ગબ્ભય પણેંદી જેહ ॥ ભવ૦ ॥૧૩॥
ધાતકી ખંડ માંહે કહ્યા રે હાં, દો દો ભરત ઐરવત ॥ મોહ૦ ॥
એમ પુષ્કલાર્ધ દ્વીપમાં રે હાં, બે બે ઐરવત ભર્ત્ત ॥ ભવ૦ ॥૧૪॥
સોલ લાખ જોજન કહ્યું રે હાં, પુષ્કરદ્વીપ પ્રમાણ ॥ મોહ૦ ॥
મનુષોત્તર પર્વત તિહાં રે હાં, મધ્યે જાણ સુજાણ ॥ ભવ૦ ॥૧૫॥
જોયણ એક સહસ્ત્રને રે હાં, બાવિશનું છે માન ॥ મોહ૦ ॥
મનુષોત્તર લગ જાણિયે રેહા, મનુષ્ય તણું રહેઠાણ ॥ ભવ૦ ॥૧૬॥
ગમનાગમન મનુષ્યનું રે હાં, દ્વીપ અઢીમાં થાય ॥ મોહ૦ ॥
મનુષ્યોત્તર બાહિર કોઈ રે હાં, મનુષ્ય કદાય ન જાય ॥ ભવ૦ ॥૧૭॥

છપ્પન અંતર દ્વીપના રે હાં, મનુષ્ય કહ્યા છે જેહ ॥ મોહ૦ ॥
અઢી દ્વીપમાં તે રહ્યા રે હાં, બાહિર નહિ કોઇ એહ ॥ ભવ૦ ॥૧૮॥
પંચ પંચ ભર્ત ઐરવત છે રે હાં, ભાખ્યા પાંચ વિદેહ ॥ મોહ૦ ॥
કર્મભૂમી એહ જાણિયે રે હાં, પંદર દાખી એહ ॥ ભવ૦ ॥૧૯॥
મુહૂર્ત્ત દોય ઘડિનું કહ્યું રે હાં, અંદરનો જે કાલ ॥ મોહ૦ ॥
અંતર્મુહૂરત જાણિયે રે હાં, તત્ત્વારથની ભાલ ॥ ભવ૦ ॥૨૦॥
આયુ તિર્યંચ મનુષ્યનું રે હાં, તીન પલ્ય ઉક્કોસ ॥ મોહ૦ ॥
જઘન્ય અંતર મુહૂર્ત્તનું રે હાં, એમ જાણો નિરદોષ ॥ ભવ૦ ॥૨૧॥
દ્વીપ સમૂદ્ર અસંખ્યમાં રે હાં, નદિ જલ પર્વત ઠાણ ॥ મોહ૦ ॥
શ્રી જિન વચન અજાણતાં રે હાં, જીવ ભમ્યો એહ ઠાણ ॥ ભવ૦ ॥૨૨॥
સુહુમ ઇયર એકેંદ્રિય દો રે હાં, વિગલ ત્રીય વલિ જાણ, મોહ૦ ॥
સન્નિ અસન્નિ પણઇંદિ છે રે હાં, સાત પજ્જતા માન ॥ ભવ૦ ॥૨૩॥
અપજત્તા પણ સાત છે રે હાં, ચઉ દશ ભેદ વિચાર ॥ મોહ૦ ॥
કહ્યા સૂત્રે સંક્ષેપથી રે હાં, એ જીય ઠાણ વિચાર ॥ ભવ૦ ॥૨૪॥
જીવ ઠાણ ચૌદે કહ્યાં રે હાં, સંક્ષેપે મન ધાર ॥ મોહ૦ ॥
પાંચસેં તેંસઠ ભેદ છે રે હાં, કાંઇ વિશેષે વિચાર ॥ ભવ૦ ॥૨૫॥
સકલ જીવઠાણે ભમ્યો રે હાં, વિણ સમકિત મતિ હીણ ॥ મોહ૦ ॥
પરવશતાએ દુઃખ સહ્યાં રે હાં, નિશદિન દુઃખિયો દીન ॥ ભવ૦ ॥૨૬॥
ઇંદ્રિ વિષય વિષ સેવતાં રે હાં, કેમ આવે ભવ પાર ॥ મોહ૦ ॥
તજે વિષય વિષ ઇંદ્રિના રે હાં, તે તરશે સંસાર ॥ ભવ૦ ॥૨૭॥
ઉત્તમ નર ભવ પામિને રે હાં, કરિ નિત શ્રુત અભ્યાસ ॥ મોહ૦ ॥
આતમ ગુણ નિરમલ કરી રે હાં, પામો શિવપુર વાસ ॥ ભવ૦ ॥ ૨૮॥
પર રમણ તજિ આદરે રે હાં, આત્મ રમણ ગુણ ગેહ ॥ મોહ૦ ॥
શિવ સંપતિ મનસુખ લહે રે હાં, ઇહાં નહિ કો સંદેહ ॥ ભવ૦ ॥૨૯॥

## ॥ દોહરા ॥

દેવો ચાર નિકાયના, ભુવનપતી દશ જાણ ॥
વ્યંતર આઠ પ્રકારના જોઈસ પંચ પ્રમાણ ॥૧॥
દ્વાદશ કલ્પ વિમાની છે, નવ ગ્રૈવેક વખાણ ॥
પંચ અનુત્તર વાસિના, કલ્પાતીત સુજાણ ॥૨॥

## ॥ ઢાલ (૮) આઠમી (દેવવિચાર)

**॥ રાગ મારુ ॥ નિશદિન જોઓ તારી વાટડી ઘર આવોને ઢોલા ॥ એ દેશી ॥**

ભુવનવાસી વ્યંતર વિષે, આદિ લેશ્યા ચાર ॥ હાંહાં રે૦ ॥
જ્યોતીષીમાં એકલી, તેજુ લેશ્યા ધાર ॥ હાંહાં રે તેજુ૦ ॥૧॥
ચાર પ્રકારના દેવમાં, ભેદ તો દશ દાખ્યા ॥ હાં૦ ॥
[૧]ઇંદ્ર [૨]સામાનીક ને વલી, [૩]ત્રાયત્રિંશક ભાખ્યા ॥ હાંહાં રે ત્રાય૦ ॥૨॥
[૪]પારિસદ [૫]આતમરક્ષક, [૬]લોકપાલ તે જાણો ॥ હાં૦ ॥
[૭]અનીક [૮]પ્રકીર્ણક જાણિયે, [૯]આભીયોગીક માનો ॥ હાં૦ ॥૩॥
[૧૦]કિલ્વિષ તીન પ્રકારના, એમ દશવિધ કહિયે ॥ હાં૦ ॥
તત્ત્વારથ ટીકા થકી, અરથ એહ લહિયે ॥ હાં૦ ॥૪॥
અણિમા મહિમા આદિક, રિદ્ધિ બહુ જેને ॥ હાં૦ ॥
આજ્ઞા કરતો સ્વામી એ, કહ્યો ઇંદ્ર તે તેને ॥ હાં૦ ॥૫॥
ઇંદ્ર સમો રિદ્ધિ ખરી, પણ ઇંદ્ર ન જેહ ॥ હાં૦ ॥
આયુ વીર્ય ભોગાદિકે, સરખા છે તેહ ॥ હાં૦ ॥૬॥
સામાનિક તેહ જાણિયે, ઇંદ્ર સમ પરિવાર ॥ હાં૦ ॥
હેતુ મિત્ર જે ઇંદ્રના, ત્રાયત્રિંશક ધાર ॥હાં૦ ॥૭॥
બાહ્ય અભ્યંતર મધ્યની, સભા ત્રણ પ્રકાર ॥ હાં૦ ॥
બેસે ઇંદ્ર સભા વિષે, પારીસદ ધાર ॥ હાં૦ ॥૮॥
ઇંદ્ર અંગ રક્ષણ કરે, ધારી હથિયાર ॥ હાં૦ ॥
આતમરક્ષક જાણિયે, ભેદ પંચમો સાર ॥ હાં૦ ॥૯॥

કોટવાલ સમ જે રહે, લોકપાલ છે તેહ ॥ હાં૦ ॥
સૈન્યા રુપે જે હુવે, અનીક કહ્યા એહ ॥ હાં ॥૧૦॥
પ્રજા જે છે ઇંદ્રની, પ્રકીર્ણક જાણો ॥ હાં૦ ॥
ઇંદ્ર હુકમ હાજર સદા, આભિયોગીક માનો ॥ હાં૦ ॥૧૧॥
ઇંદ્રાદિકથી દુર રહે, જસ નહિ સનમાન ॥ હાં૦ ॥
હીણ આદર છે જેહનો, કિલ્વિષક જાણ ॥ હાં૦ ॥૧૨॥
ત્રાયત્રિંશક લોકપાલ વિણ, વ્યંતર જ્યોતિષમાં ॥ હાં૦॥
આઠ પ્રકારે દેવ તો, ભાખ્યા સૂત્રોમાં ॥ હાં૦ ॥૧૩॥
ભુવનપતી વિશ ઇંદ્ર છે, વ્યંતર સોલ જાણો ॥ હાં૦ ॥
સોલ છે વ્યાણવંતર તણા, જ્યોતિષી દોય માનો ॥ હાં૦ ॥૧૪॥
બાર દેવલોકના પતી, ઇંદ્રો દશ કહિયે ॥ હાં૦ ॥
સૌ મલી ચોસઠ ઇંદ્ર તો, સૂત્રોમાં લહિયે ॥ હાં૦ ॥૧૫॥
નવ ગૈવેક માંહે નહીં, કોઇ ઇંદ્ર અનેરા ॥ હાં૦ ॥
આપે આપહિ ઇંદ્ર છે, નિજ નિજ ઘર કેરા ॥ હાં૦ ॥૧૬॥
અનુત્તર પંચ વિમાનમાં, અહમેંદ્ર સવે છે ॥ હાં૦ ॥
હૂકમ નહિ કોઈ અન્યનો, સ્વતંત્ર રહે છે ॥ હાં૦ ॥૧૭॥
ભુવનપતીથી જાણિયે જાવ દેવ ઇશાન ॥ હાં૦ ॥
દેવ દેવી મૈથુનનો, ભોગ મનુષ્ય સમાન ॥ હાં૦ ॥૧૮॥
ફરસ રૂપ ને શબ્દનો, મન ચિંતન ભોગ ॥ હાં૦ ॥
અચ્યુત દેવ લગે જાણિયે, યથાવત યોગ ॥ હાં૦ ॥૧૯॥
સનતકુમારથી માંડીને, બાકી દશ દેવલોગ ॥ હાં૦ ॥
મૈથુન ભોગ એહમાં નહીં, નહિ રોગ ને શોગ ॥ હાં૦ ॥૨૦॥
પુદ્ગલ ભોગ ઇહા તજો, જેમ શિવસુખ લહિયે ॥ હાં૦ ॥
શિવસુંદરી મનસુખ ઘરે, આનંદે રહિયે ॥ હાં૦ ॥૨૧॥

## ॥ દોહરા ॥

ઇંદ્રાદિક વર્ણન કર્યું, દેવ નામ કહું સાર ॥
જૂદિ જૂદિ નિકાયના, દાખું તેહ ઉદાર ॥૧॥

## ઢાલ (૯) નવમી (દેવપ્રભેદવિચાર)

**॥ રાગ મારુ ॥ ગિરિ વૈતાઢ્યને ઊપરે ચક્રાંક નયરી લો ॥ એ દેશી ॥**

અસુર નાગ વિદ્યુત છે. સૂપર્ણ કહિજે હો ॥ અહો સૂપર્ણ૦ ॥
અગ્નિ વાત સ્તનિતને, ઉદધિ લહિજે હો ॥ અહો ઉદધિ૦ ॥૧॥
દ્વીપ દીગ મલી સવે, કૂમર દશ ધારો હો ॥ અહો૦ ॥
ભુવનવાસીના જાણીએ, એહ નામ વિચારો હો ॥ અહો૦ ॥૨॥
કિન્નર કીંપૂરુષ કહ્યા, મહોરગ ગંધર્વ હો ॥ અહો૦ ॥
યક્ષ રાક્ષસ જાણિયે, ભૂત પીશાચ સર્વ હો અહો૦ ॥૩॥
ભેદ આઠ વ્યંતર તણા, અડ વ્યાણવ્યંતરના હો ॥ અહો૦ ॥
પંચ જ્યોતિષ ચલ જાણિયે, પંચ થિર જ્યોતિષના હો ॥ અહો૦ ॥૪॥
સૂર્ય ચંદ્ર નક્ષત્ર છે, ગ્રહ તારા કહિએ હો ॥ અહો૦ ॥
ચલ થિર મલિ દશ ભેદ એ, સૂત્રોથી લહિએ હો ॥ અહો૦ ॥૫॥
ચલ જ્યોતિષ મેરુ તણી, પ્રદક્ષિણા કરતા હો ॥ અહો૦ ॥
કાલ વિભાગ છે એહથી, ગગને વિચરતા હો ॥ અહો૦ ॥૬॥
થિર જ્યોતિષ પંચ જાણિયે, અઢી દ્વીપથી બહારે હો ॥ અહો૦ ॥
સવ મલિ જ્યોતિષ ભેદ તો, ભાખ્યા વિસ્તારે હો ॥ અહો૦ ॥૭॥
સૌધર્મ ઈશાન છે, સનત મહેન્દ્ર હો ॥ અહો૦ ॥
બ્રહ્મદેવ લાંતક તથા, મહાશુક્ર સુરીંદ્ર હો ॥ અહો૦ ॥૮॥
સહસ્રાર આણત જાણિએ, પ્રાણત વિચારો હો ॥ અહો૦ ॥
આરણ્ય અચ્યુત ભેદ એ, બારે પ્રકારો હો ॥ અહો૦ ॥૯॥
નવ ગ્રૈવેકના જાણિએ, અનુત્તર પંચ કહિએ હો ॥ અહો૦ ॥
વિજય વિજયંત જયંત છે, અપરાજીત લહિએ હો ॥ અહો૦ ॥૧૦॥

સર્વારથ વીમાન છે, અનુત્તર એહ જાણો હો ॥ અહો૦ ॥
પૂરણ સુખ ઈહાં દેવનાં, વિલસે મનમાનો હો ॥ અહો૦ ॥૧૧॥
અચ્યુત દેવના ઊપરે, ગ્રૈવેક તે નવ છે હો ॥ અહો૦ ॥
તે ઊપર અનુત્તર કહ્યાં, ઈક ઈક અનુક્રમ છે હો ॥ અહો૦ ॥૧૨॥
લોકાંતિક આલય કહ્યાં, બ્રહ્મદેવના અંતે હો ॥ અહો૦ ॥
સારસ્વત આદિત્ય છે, ત્રિજો વન્હિ સંત હો અહો૦ ॥૧૩॥
ચોથો અરુણ એ નામનો પંચમ ગર્દતોય હો ॥ અહો૦ ॥
છઠો તુષિત જાણિએ, અવ્યાબાધ જોય હો ॥ અહો૦ ॥૧૪॥
આઠમો આજ્ઞેય જાણિએ, નવમ અરિષ્ટ જાણો હો ॥ અહો૦ ॥
અંગ પુરવધર સુતરસી, આવે એહ ઠાણો હો ॥ અહો૦ ॥૧૫॥
આઠ સાગરનું આયુ છે, સહુ લોકાંતિક માન હો ॥ અહો૦ ॥
શ્રુત બોધ હૃદયે રહ્યો, ભાવ પુરવના જાણ હો ॥ અહો૦ ॥૧૬॥
તીરથપતી દિક્ષા સમે, લોકાંતિક આવે હો ॥ અહો૦ ॥
દિક્ષા અવસર જાણિને, પ્રભુને ચેતાવે હો અહો૦ ॥૧૭॥
સુધર્મ દેવથી જાણિએ, સ્થિતિ આયુ પ્રભાવ હો ॥ અહો૦ ॥
સુખ દ્યુતિ લેશ્યા વિશુદ્ધતા, ઈંદ્રિ વિષયના ભાવ હો ॥ અહો૦ ॥૧૮॥
અધિક વિષય અવધિ તણો, સર્વારથ સિદ્ધ જાવ હો ॥ અહો૦ ॥
સુધર્મદેવથી અનુક્રમે, અધિકા એ ભાવ હો ॥ અહો૦ ॥૧૯॥
સર્વારથ સિદ્ધિ લગે, ન્યૂનતા હવે ધારો હો ॥ અહો૦ ॥
ગમન શરીરની ઊંચતા, મૂર્છા માન વિચારો હો ॥ અહો૦ ॥૨૦॥
સુધર્મદેવથી જાણિએ, જાવ સર્વારથ સિદ્ધ હો ॥ અહો૦ ॥
અનુક્રમે ચાર એ ન્યૂન છે, દાખી છે પ્રસિદ્ધ હો ॥ અહો૦ ॥૨૧॥
સુધર્મને ઈશાનમાં, તેજુલેશ્યા કહિએ હો ॥ અહો૦ ॥
સનંત મહીંદ્રને બ્રહ્મમાં, પદ્મ લેશ્યા લહિએ હો ॥ અહો૦ ॥૨૨॥
બાકી સાત વિમાનનાં, લેશ્યા શુક્લ કહી છે હો ॥ અહો૦ ॥
અનુક્રમે લેશ્યા વિશુદ્ધ છે, સૂત્રોથી લહિએ હો ॥ અહો૦ ॥ ૨૩॥

વિજયાદિ ચાર વિમાનમાં, કોઇ બે ભવ નરના હો ।। અહો૦ ।।
કરી મોક્ષપદ પામતા, ભોગી શિવ ઘરના હો ।। અહો૦ ।।૨૪।।
વિજયાદિ ચાર વિમાનના, કોઈ નરભવ પામી હો ।। અહો૦ ।।
તે ભવમાં સિદ્ધિ વરે, હોય શિવ વધુ સ્વામી હો ।। અહો૦ ।।૨૫।।
સર્વ વિમાનીક દેવના, કોઇ નર ભવ પામી હો ।। અહો૦ ।।
આતમ સંપતી પદ વરે, હોવે શિવ ગામી હો ।। અહો૦ ।।૨૬।।
સર્વારથ વિમાનના, નરભવ લહી સિદ્ધે હો ।। અહો૦ ।।
મનસુખ શુદ્ધ સ્વભાવનો આનંદ રસ લીધે હો ।। અહો૦ ।।૨૭।।

## ।। દોહરા ।।

નામાદિક કહ્યા દેવના, વલિ કહું કાંઇ વિશેષ ।।
દેવ ભેદ આદિક સુણો ।। સૂત્ર તણો કાંઇ લેશ ।।૧।।

## ।। ઢાલ (૧૦) દશમી (૫૬૩ જીવભેદ વિચાર)

**।। એક દિન ગંગા કે બીચે સૂર સાથ બહોરા ।। એ રાગ ।।**

સવિ મલી દેવના ભેદ છે, ઇગસય અઠાણું ।। હાંહાં રે ઇગસય૦ ।।
ભુવનપતી દશ જાણિયે, વ્યંતર અડ માનું ।। હાંહાં રે વ્યંતર૦ ।।૧।।
વ્યાણવ્યંતરના આઠ છે, ચલ જોઇસ પંચ ।। હાંહાં૦ ।।
થિર જોઇસ પણ પંચ છે, કિલવિષ તીન સંચ ।। હાં૦ ।।૨।।
પંદર પરમાધામી છે, તિર્યક જૃંભક દશ છે ।। હાં૦ ।।
નવ ભેદ લોકાંતિકના, જેને અતિ શ્રુત રસ છે ।। હાં૦ ।।૩।।
કલ્પવાસી વૈમાનિના, ભેદ બાર પ્રકારો ।। હાં૦ ।।
નવ ગ્રૈવેકના નવ કહ્યા, તેહ મનમાં ધારો ।। હાં૦ ।।૪।।
અનુત્તર પંચ વિમાન છે, પણ નામે લહિયે ।। હાં૦ ।।
નવ્વાણુ પજ્જત્ત ભેદ એ, ચિત્તમાં સદ્દહિએ ।। હાં૦ ।।૫।।
અપજ્જત્તા એહના નવ્વાણુ ભેદ ।। હાં૦ ।।
એક સત અઠાણુ થયા તે જાણો અખેદ ।। હાં૦ ।।૬।।

છપ્પન અંતર દ્વીપના અકમ્મ ભૂ ત્રીશ ॥ હાં૦ ॥
પંદર કર્મભૂમિતણા સય એક જગીશ ॥ હાં૦ ॥૭॥
પજ્જત્તા અપજત્તા મલી, દો સયને દોય ॥ હાં૦ ॥
સમૂર્છિમ એકસત એક મલી તીનસય તીન હોય ॥ હાં૦ ॥૮॥
એણિપેરે ભેદ મનુષ્યના ચિત્તમાંહિ વિચારો હાં૦ ॥
પજ્જ અપજ્જતા નારકી સપ્તના ચૌદ ધારો ॥ હાં૦ ॥૯॥
પણ પણ સૂક્ષમ બાદર પ્રત્યેક તરુ છે ॥ હાં૦ ॥
એકેંદ્રી અગિઆરના ભેદ એકાદશ એ ॥ હાં૦ ॥૧૦॥
વિગલ ઇંદ્રિના ત્રણ કહ્યા ભેદ એ ચઉદશ છે ॥ હાં૦ ॥
જલચર થલચર ખેચરા ઉરપરિ ભુજપરિ છે ॥ હાં૦ ॥૧૧॥
સમૂર્છિમ ગર્ભજ મલી દશ ભેદ એ લહિએ ॥ હાં૦ ॥
અપજત્તા પજ્જત્તા મલી અડતાલીશ કહીએ ॥ હાં૦ ॥૧૨॥
પણસય ત્રેસઠ ભેદમાં સંસારી જીવ ॥ હાં૦ ॥
સિદ્ધ અભેદ આણંદમાં લહ્યું શાશ્વત શીવ ॥ હાં૦ ॥૧૩॥
આત્મ અભેદ ગુણે રમે થિરતા ત્રણ યોગે ॥ હાં૦ ॥
મનસુખ શિવસંગે સદા શાશ્વત સુખ ભોગે હાં૦ ॥૧૪॥

## ॥ દોહરા ॥

દેવાદિક વર્ણન કર્યું, હવે કહું તત્ત્વ સ્વરૂપ ॥
જીવાદિક ખટ દ્રવ્યનું, સુણજો વચન અનૂપ ॥૧॥

## ॥ ઢાલ (૧૧) અગિઆરમી (દ્રવ્ય-ગુણ-પર્યાયવિચાર)

### ॥ રાગ ચોપાઈ ॥

ધર્માધર્મ પુદ્‌ગલ નભ સાર, ભાખ્યા અસ્તિ અજીવ એ ચાર ॥
બહુપ્રદેશી અચેતન એહ, અસંખ્યપ્રદેશી જીવાસ્તિ જેહ ॥૧॥
અસ્તિ દ્રવ્ય એ પંચ વખાણ, ખટમ કાલ ઉપચા રે જાણ ॥
નિજગુણ પજ્જવમય તિહું કાલ, દ્રવ્ય સ્વરુપની જાણો ચાલ ॥૨॥

વચમાં નવિ બદલાયે જેહ, ઉત્પતિવ્યય ધ્રુવ સત્તજ એહ ॥
અનંતગુણ પજ્જવનો પિંડ, દ્રવ્ય સ્વરુપ તે જાણો અખંડ ॥૩॥
દ્રવ્યાર્થિક નય નિત્ય સદાય, પજ્જવ નયે અનિત્ય કહાય ॥
દ્રવ્યાર્થિક નય એક સ્વરૂપ, પજ્જવ નયથી અનેક અનૂપ ॥૪॥
દ્રવ્યાર્થિક એક રૂપ અભેદ, પજ્જવ નય જેહમાં બહુ ભેદ ॥
સીય વક્તવ્ય અવક્તવ્ય હોય, લક્ષણ લક્ષ્ય અભેદે સોય ॥૫॥
નિજ દ્રવ્યાદિક અસ્તિ સ્વરૂપ, પર દ્રવ્યાદિકે નાસ્તિ રૂપ ॥
નિત્ય અવસ્થિત નિજ નિજ રૂપ, દ્રવ્ય ગ્રહે નહિ અન્ય સ્વરૂપ ॥૬॥
રૂપી દ્રવ્ય તે પુદ્‌ગલ હોય, ફરસ વરણ રસ ગંધી સોય ॥
શબ્દાદિક જિહાં બહુ પરજાય, પુદ્‌ગલ પુદ્‌ગલ મલતાં થાય ॥૭॥
ધર્માધર્મ નભ એક એક હોય, પુદ્‌ગલ જીવ અનંતા જોય ॥
અનંત સમય દાખ્યો છે કાલ, પંચાસ્તિ પરાવર્ત્તન ચાલ ॥૮॥
પંચાસ્તિ વર્ત્તના પરિણામ, અગુરુલઘુથી કાલ એ નામ ॥
નવ નવ કિરિયા જે પલટાય, કાલ ભિન્નતા એહથી થાય ॥૯॥
મંદગતી પુદ્‌ગલ અણુ જાય, ક્ષેત્રથી બીજે પ્રદેશે આય ॥
સમય અણુ એ સૂક્ષમ કાલ, આવલિ આદિ સ્થૂલ નિહાલ ॥૧૦॥
પ્રયોગ વિશ્રસા મિશ્રસા જેહ, ક્રિયા તીન પ્રકારે એહ ॥
પ્રત્વા પ્રત્વે કાલ સ્વરૂપ, તત્ત્વારથ જોઇ લેજો અનૂપ ॥૧૧॥
તીન વરસ વલિ કહિએ સાત, પ્રત્વા પ્રત્વે કાલ વિખ્યાત ॥
પહોર દુપહોર ને તીસરો કાલ, એ પણ પ્રત્વા પ્રત્વની ચાલ ॥૧૨॥
ધર્માધર્મ નભ અક્રિય જાણ, પુદ્‌ગલ સક્રિય રૂપ વખાણ ॥
સક્રિય છે સંસારી જીવ, અક્રિય જાણો સિદ્ધ સદીવ ॥૧૩॥
ધર્મ અધર્મ અને જીવ જેહ, અસંખ્ય પ્રદેશી દાખ્યા તેહ ॥
અનંત પ્રદેશી સર્વ આકાશ, અસંખ્ય પ્રદેશી લોકાકાશ ॥૧૪॥
અપ્રદેશી કહ્યો છે કાલ, અસ્તિકાયા નાંહિ નિહાલ ॥
પુદ્‌ગલ સંખ્ય અસંખ્ય અનંત, પ્રદેશી ભાખ્યો ભગવંત ॥૧૫॥

નાંહિ પ્રદેશ પરમાણુ માંહ્ય, પ્રદેશ થવાની સત્તા ત્યાંહ્ય ।।
પરશું મલતાં હોય પ્રદેશ, પણ પોતે નહિ કોઈનો દેશ ।।૧૬।।
પંચ અત્થિ લોકમાંહિ રહ્યા, અલોકાકાશે નવિ કહ્યા ।।
અલોકે એકજ આકાશ, ત્યાં નહિ અવર દ્રવ્યનો વાસ ।।૧૭।।
જિહાં દ્રવ્ય ગુણ પજ્જવ હોય, લક્ષણ વિવિધે દેખિએ કોય ।।
તે તુમ જાણો દ્રવ્ય સ્વરૂપ। જેહ ત્રિકાલે એક અનૂપ ।।૧૮।।
પજ્જવથી પલટાયે જેહ, તોપણ દ્રવ્ય અખંડિત એહ ।।
ગુણ પજ્જવ નવિ કાલમાં હોય, દ્રવ્ય ઉપચારે કહ્યો સોય ।।૧૯।।
અવકાશ દાન દિયે આકાશ, ક્ષેત્ર કહ્યો તે આપે વાસ ।।
રહે ખેત્રમાં ખેત્રી તેહ, ધર્માધર્મ પુદ્‌ગલ જીવ જેહ ।।૨૦।।
કાલ સહિત એ ખેત્રી પંચ, નભને અવર ખેત્ર નહિ રંચ ।।
ધર્મ અધર્મ આકાશ સદાય, અચલ પ્રદેશી નિત્ય કહાય ।।૨૧।।
તેમ અચલ છે સિદ્ધ પ્રદેશ, કર્મવંત જીવ સચલ હમેશ ।।
પુદ્‌ગલ સચલ સદાય કહાય; પૂરણગલણ તેમાંહે થાય ।।૨૨।।
સડણ પડણ વિધ્વંસણ રૂપ, એમ બહુ વિધ પુદ્‌ગલનું રૂપ ।।
શબ્દ બંધ છાયા તમ જેહ, ઉદ્યોત પ્રભા કાન્તિ તપ દેહ ।।૨૩।।
ઇત્યાદિક ઉપાધિ કહી, પુદ્‌ગલ ગુણ પજ્જવની સહી ।।
ફરસ આઠ રસ પંચ વખાણ, દોય ગંધ પંચ વર્ણ તું જાણ ।।૨૪।।
સ્થુલ પુદ્‌ગલમાં વીશ ગુણ એહ, ઓછે ચાર ફરસ સોલ તેહ ।।
સૂક્ષમ પુદ્‌ગલમાં એ લહ્યા, પરમાણુ ગુણ પંચજ રહ્યા ।।૨૫।।
દોય ફરસ રસ એક એક ગંધ, એક વર્ણ એમ પંચ પ્રબંધ ।।
કર્ત્તા એક દ્રવ્ય છે જીવ, કારણ બીજા પંચ અજીવ ।।૨૬।।
જીવ કારણ નિજ આપે હોય, નિશ્ચે કારણ અવર ન કોય ।।
રહે સ્વક્ષેત્રે આપહિ આપ, જિહાં નહીં અન્ય દ્રવ્યનો વ્યાપ ।।૨૭।।
કર્ત્તા શુદ્ધ સ્વભાવનો સિદ્ધ, સંસારી કરે કર્મ દુવિધ ।।
દ્રવ્યકર્મ કર્ત્તા વ્યવહાર, અશુદ્ધ નિશ્ચય રાગાદિકકાર ।।૨૮।।

શુધનય ભોક્તા શુદ્ધ સ્વભાવ, અશુદ્ધે રાગાદિ વિભાવ ॥
અજ્ઞાને પર ગ્રહણે લાગ, જ્ઞાને સગુણ ગ્રહે પર ત્યાગ ॥૨૯॥
મિથ્યાતે વ્યાપે પર માંહ્ય, જ્ઞાને વ્યાપકતા નિજ માંહ્ય ॥
આત્મ જ્ઞાન વિણ પરમાં રમે, વિષય વશ પુદ્ગલ ગુણ ગમે ॥૩૦॥
જબ જાણે નિજ શુદ્ધ સ્વભાવ, નિજ ગુણ રમતો ત્યાગિ વિભાવ ॥
પુદ્ગલ વિષયનો દાની હોય ॥ બાંધે કર્મ અનંતા સોય ॥૩૧॥
શુદ્ધ સ્વરૂપ જ્ઞાન નિજ લહે, જ્ઞાનાદિક નિજ દાની રહે ॥
પુદ્ગલ લાભ લિયે અજ્ઞાનિ, શુધ ગુણ લાભ લિયે શુધ જ્ઞાનિ ॥૩૨॥
ક્ષિણ ક્ષિણ ચાહે પર ઉપભોગ, કર્મબંધ અજ્ઞાને રોગ ॥
નિરમલ આતમ ગુણ ઉપભોગ, જ્ઞાનીને શિવ સંપત્તિ યોગ ॥૩૩॥
પુદ્ગલ વીરજ ફોરે જેહ। બંધે અષ્ટ કર્મદલ તેહ ॥
ભાવ વીરજ ફોરે જો દક્ષ, શુધ ગુણ પ્રગટે પૂર્ણ પ્રત્યક્ષ ॥૩૪॥
ઈત્યાદિક જીવ ગૂણ અનંત, શ્રીમુખ ભાખ્યા શ્રી અરિહંત ॥
સર્વગત દાખ્યો આકાશ, પંચ દેશગત લોકાકાશ ॥૩૫॥
કહ્યો સર્વગત ચેતનજ્ઞાન, ભાવનયેથી એહ વખાણ ॥
લોક ખેત્ર પંચ અથ્થિ રહે, પરગુણ પજ્જવ કોઈ નવિ ગ્રહે ॥૩૬॥
લક્ષણ ગુણ પરજાય અનંત, સકલ દ્રવ્યમાં સહજ સ્વતંત ॥
નિશ્ચય પરસહાયી નહિ કોય, ગુરુ સહાય વ્યવહારે હોય ॥૩૭॥
વ્યવહાર ક્ષેત્ર છે લોકાકાશ, અસંખ્ય પ્રદેશે હોય નિવાસ ॥
જૂદા જૂદા પંચે દર્વ, નિશ્ચે નિજ ખેત્રે છે સર્વ ॥૩૮॥
વ્યવહારે પરખેત્રી પંચ, નિશ્ચે ન કોઈ પરક્ષેત્રે રંચ ॥
નિશ્ચે પરિણામી સહુ દર્વ, નિજ નિજ ગુણ પજ્જવના સર્વ ॥૩૯॥
વ્યવહારે જીવ પુદ્ગલ દોય, પરિણામી છે અવર ન કોય ॥
કાલ વિના પંચાસ્તિ સ્વભાવ, કાલ વિન પંચ દ્રવ્યત્ત્વ ભાવ ॥૪૦॥
વસ્તુ કાલ વિના છે પંચ, પ્રમેય દ્રવ્ય સકલમાં સંચ ॥
કાલ વિના હોય પંચે સત્ત્વ, દ્રવ્ય સર્વમાં અગુરુલઘુત્ત્વ ॥૪૧॥

પુદ્ગલ ખંધ ગુરુ લઘુ હોય, શુદ્ધ દ્રવ્ય અગુરુલઘુ જોય ॥
કાલ દ્રવ્ય ઉપચારે જાણ, તસ ગુણ ઉપચારે મન આણ ॥૪૨॥
દ્રવ્ય ગુણ પરજાય વિવિધ, પંચાસ્તિમાં હોવે સિદ્ધ ॥
દ્રવ્ય ગુણ પજ્જવ એક સમે, ઉત્પત્તિ વ્યય ધ્રુવતા પરિણમે ॥૪૩॥
સમકાલે સામાન્ય વિશેષ, તેહિજ દ્રવ્ય કહ્યો શ્રી જિનેશ ॥
દ્રવ્ય ગુણ પજ્જવ જિહાં નાંહી, વ્યય ઉત્પત્તિ સ્થિતિ પણ નાંહી ॥૪૪॥
સામાન્ય વિશેષ જેહમાં નહીં, તેહ દ્રવ્ય ઉપચારે સહી ॥
પરમાણુ ખેત્ર પ્રમાણ પ્રદેશ, પંચ દ્રવ્યના જાણ વિશેષ ॥૪૫॥
લોકાકાશ અસંખ્ય પ્રદેશ, પ્રતિ પ્રદેશે જાણ વિશેષ ॥
ધર્મ અધર્મ એક એક પ્રદેશ, પુદ્ગલ જીવ અનંત પ્રદેશ ॥૪૬॥
ગતિ સ્થિતિ કારણ ધર્મ અધર્મ, અવકાશ કારણ છે નભ મર્મ ॥
કારણ પ્રાણ પર્યાપ્તિનું હોય, તે તો પુદ્ગલ જાણો સોય ॥૪૭॥
પુદ્ગલ સુખ દુઃખ કારણ કહ્યું, રાગાદિક નિશ્ચે સદહ્યું ॥
જીવ જીવનું કારણ હોય, જ્ઞાન અજ્ઞાન તણું પણ કોય ॥૪૮॥
નિશ્ચે કારણ દ્રવ્યહિ આપ, બાકી વ્યવહારે આલાપ ॥
સકલ દ્રવ્યમાં ચાર પ્રકાર, દાખ્યા તે જાણો સુખકાર ॥૪૯॥
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ એ ચાર, આપ આપણા સહુમાં ધાર ॥
જે જેહનાં તે તેહના કહ્યા, કોઈના કોઈ માંહી નહિ રહ્યા ॥૫૦॥
અનંત પરમાણુ છૂટા હોય, દ્વયણુક ખંધ અનંતા જોય ॥
ત્ર્યણુક ખંધ પણ હોય અનંત, સંખ્યાતિક એમ ખંધ અનંત ॥૫૧॥
અસંખ્યાતિક ખંધ અનંત, અનંતાણુક પણ ખંધ અનંત ॥
અણુ અણુ મલતાં હોય સંઘાત, પુદ્ગલ ખંધ તણો ઉત્પાદ ॥૫૨॥
મલી ખંધ બહુ ઈક ખંધ થાય, ભાગી ખંધ વિવિધ ખંધ થાય ॥
ફરસો ચાખો સુંઘો જેહ, દેખો સુણો સવિ પુદ્ગલ એહ ॥૫૩॥

સૂક્ષ્મ પુદ્ગલ નવિ દેખિયે, પણ ગુણ પજ્જવથી લેખિયે ॥
એમ પુદ્ગલ પરિણમન અનંત, વચને કેમ કહિ શકિએ તંત ॥૫૪॥
તદ્ભાવથી નવિ વિણસે જેહ, અવ્યય નિત્ય કહીજે તેહ ॥
સકલ સમય નિજ રૂપે રહે, અવર ભાવ કોઇ સમય ન ગ્રહે ॥૫૫॥
તેહિજ જાણો નિત્ય સ્વભાવ, અવયપણું એમ લખિયે દાવ ॥
દ્રવ્ય અનંત ધર્મમય એક, એક વચને કેમ કહિયે છેક ॥૫૬॥
નય વચને કરિ કહિએ જેહ, અરપિત ભાવ કહાવે તેહ ॥
પ્રયોજન વિણ નવિ કહિએ જેહ, ગૌણ ભાવ અનર્પિત એહ ॥૫૭॥
અભિલાપ્ય ધર્મ જે હોય, વચનદ્વારે કહિ શકિએ સોય ॥
અનભિલાપ્ય ધર્મ જે હોય, વચને કહી શકે નહિ કોય ॥૫૮॥
કેવલી જાણે પણ ન કહાય, અનભિલાપ્ય ધર્મ કહેવાય ॥
એણિપેરે વસ્તુ ધર્મ અનંત, દાખ્યા શ્રી કેવલી ભગવંત ॥૫૯॥
અભિલાપ્યથી ગુણ અનંત, અનભિલાપ્ય જાણિએ સંત ॥
સ્નિગ્ધ રૂક્ષ ગુણ પુદ્ગલ માંહ્ય, અનંતાનંત કહ્યા સુત માંહ્ય ॥૬૦॥
દો ગુણ અધિક સ્નિગ્ધ રુખ મલે, દ્વિગુણ અધીક રૂખ સ્નિગ્ધ ભલે ॥
રૂક્ષ રૂક્ષ મલે દ્વિગુણ અધીક, સ્નિગ્ધ સ્નિગ્ધ મલે દ્વિગુણ અધીક ॥૬૧॥
એક તીન અધિક નવિ મલે, સમ સમ ગુણ પણ નાંહિજ મલે ॥
પરમાણૂ મલિ વર્ગણા હોય, સૂક્ષ્મ સ્થૂલ દુવિધથી જોય ॥૬૨॥
ગુણ સકલ દ્રવ્યાશ્રિત હોય, ગુણમાં અવર ગૂણ નહિ કોય ॥
પજ્જવ પરિણમે દ્રવ્ય સ્વરૂપ, સકલ સમય એમ દ્રવ્ય અનૂપ ॥૬૩॥
દ્રવ્ય ગુણ પરજાય અભેદ, સ્વપર દ્રવ્યે લખિ ટાલો ખેદ ॥
ગુણ પર્યાયવંત તે દ્રવ્ય, નિશ્ચે ભિન્ન ક્ષેત્રી સહુ દ્રવ્ય ॥૬૪॥
આતમ વિદ્યા વિદ્યા એહ, એ વિણ વિદ્યા અવિદ્યા તેહ ॥
જેહથી સકલ દૂ:ખ ક્ષય જાય, આતમ પરમાતમ પદ પાય ॥૬૫॥
પરભાવે ઉદાસિન થઈ, આત્મ ભાવ ઉપયોગે રહી ॥
છોડો અષ્ટ કરમના પાસ, લહો મનસુખ શિવ સહજ વિલાસ ॥૬૬॥

## ॥ દોહરા ॥

કહ્યો દ્રવ્ય અધિકાર એ, કહું કછુ આસ્રવ રૂપ ॥
બંધન કારણ કર્મનાં, ભાખું દુવિધ સ્વરૂપ ॥૧॥

### ઢાલ (૧૨) બારમી (આશ્રવવિચાર)

**॥ ચતુર ચિત્ત ચેતોને ॥ એ રાગ ॥**

મન વચ કાય ત્રિયોગની ॥ ચિત્ત ચેતોને ॥ કિરિયા આસ્રવ મૂલ ॥
ચતુર ચિત્ત ચેતોને ॥ જે જે છે સંપ્રાયની ॥ ચિત્ત ચેતોને ॥
તે આતમ પ્રતિકૂલ ॥ ચતુર ચિત્ત ચેતોને ॥૧॥
મન વચ કાય ત્રિયોગથી ॥ ચિત્ત૦ ॥ સકંપે આત્મ પ્રદેશ ॥ ચતુર૦ ॥
ચલ યોગે બંધન કહ્યું ॥ ચિત્ત૦ ॥ જિહાં નિવૃત્તિ ન લેશ ॥ ચતુર૦ ॥૨॥
પંદર ભેદ છે તેહના ॥ ચિત્ત૦ ॥ ચઉ ચઉ મન વચ જાણ ॥ ચતુર૦ ॥
કાય યોગ સાતજ કહ્યા ॥ ચિત્ત૦ ॥ ગ્રંથથી જાણ સુજાણ ॥ ચતુર૦ ॥૩॥
અશુભ પ્રવૃત્તિ યોગથી ॥ ચિત્ત૦ ॥ હોય પાપનો બંધ ॥ ચતુર૦ ॥
શુભ પ્રવૃત્તિ યોગથી ॥ ચિત્ત૦ ॥ જાણ પુણ્યનો બંધ ॥ ચતુર૦ ॥૪॥
હિંસા અનૃત ચોરિમાં ॥ ચિત્ત૦ ॥ અબ્રહ્મ પરિગ્રહ માંહ્ય ॥ ચતુર૦ ॥
જોગ પ્રવૃત્તે જે સમે ॥ ચિત્ત૦ ॥ પાપ બંધ હોય ત્યાંહ્ય ॥ ચતુર૦ ॥૫॥
એમ અઠ દશ પાપજ વિષે ॥ ચિત્ત૦ ॥ જોગ પ્રવૃત્તિ અશુદ્ધ ॥ ચતુર૦ ॥
ટાલિ થિરતા આદરો ॥ ચિત્ત૦ ॥ સંવર રાખી બુદ્ધ ॥ ચતુર૦ ॥૬॥
દાન દયા તપ શીલમાં ॥ ચિત્ત૦ ॥ પૂજાદિકમાં જેહ ॥ ચતુર૦ ॥
શુભ પ્રવૃત્તિ જોગથી ॥ ચિત્ત૦ ॥ પુણ્યબંધ હોય તેહ ॥ ચતુર૦ ॥૭॥
ક્ષયઉપશમ શક્તિ લહી ॥ ચિત્ત૦ ॥ કરણવીર્ય ત્રય યોગ ॥ ચતુર૦ ॥
ફોરે જેહ વિભાવમાં ॥ ચિત્ત૦ ॥ બંધે કર્મ અડ રોગ ॥ ચતુર૦ ॥૮॥
ક્ષયઉપશમ ત્રણ યોગની ॥ ચિત્ત૦ ॥ શક્તિ કરિ નર નાર ॥ ચતુર૦ ॥
મારે મોહ ભિલિંદને ॥ ચિત્ત૦ ॥ તે પામે ભવપાર ॥ ચતુર૦ ॥૯॥
હણાયે આતમ શક્તિથી ॥ ચિત્ત૦ ॥ કર્મ શત્રુ દલ ફોજ ॥ ચતુર૦ ॥
ક્ષાંત્યાદિ મિત્રો પોષીને ॥ ચિત્ત૦ ॥ લહિયે નિજ ગુણ મોજ ॥
ચતુર૦ ॥૧૦॥

વિણુ કષાય ત્રિય યોગની ॥ ચિત્ત૦ ॥ કિરિયા ઈરિયાપથ્ય ॥ ચતુર૦ ॥
કષાય યુક્ત કિરિયા કહી ॥ ચિત્ત૦ ॥ નહિ આતમ ગુણ પથ્ય ॥
ચતુર૦ ॥૧૧॥
સંપરાયિક કિરિયા થકી ॥ ચિત્ત૦ ॥ સ્થિતિ રસનો હોય બંધ ॥ ચતુર૦ ॥
વિણુ કષાય જે યોગની ॥ ચિત્ત૦ ॥ પ્રકૃતિ પ્રદેશનો બંધ ॥
ચતુર૦ ॥૧૨॥
પંચ ઈંદ્રિ વિષય રસે ॥ ચિત્ત૦ ॥ બાંધે કર્મ અજાણ ॥ ચતુર૦ ॥
બંધે ચાર કષાયથી ॥ ચિત્ત૦ ॥ તે નવિ કહિયે જાણ ॥ ચતુર૦ ॥૧૩॥
સેવત પંચ અવ્રત જે ॥ ચિત્ત૦ ॥ નહિ નિવૃત્તિ કદાય ॥ ચતુર૦ ॥
કર્મ બંધ બહુ વિધ કરી ॥ ચિત્ત૦ ॥ ભવસાગર ભટકાય ॥
ચતુર૦ ॥૧૪॥
કિરિયા પચિશ પ્રવર્ત્તતો ॥ ચિત્ત૦ ॥ બંધે શુભ અશુભ ॥ ચતુર૦ ॥
ઈરિયા પથ્થની શુભ છે ॥ ચિત્ત૦ ॥ શેષથી શુભ અશુભ ॥
ચતુર૦ ॥૧૫॥
તીવ્ર કષાયે બંધ જે ॥ ચિત્ત૦ ॥ અશુભ તીવ્ર બંધાય ॥ ચતુર૦ ॥
મંદરસ મંદકષાયથી ॥ ચિત્ત૦ ॥ અશુભ કર્મનો થાય ॥ ચતુર૦ ॥૧૬॥
મંદકષાયે પુણ્યનો ॥ ચિત્ત૦ ॥ તીવ્ર રસબંધ જાણ ॥ ચતુર૦ ॥
તીવ્રકષાયે પુણ્યનો ॥ ચિત્ત૦ ॥ એમ મંદો રસ માન ॥ ચતુર૦ ॥૧૭॥
કરણવીર્ય વિશેષથી ॥ ચિત્ત૦ ॥ હોય શુભ અશુભ વિશેષ ॥ ચતુર૦ ॥
ન્યૂન કરણવીર્યે કરી ॥ ચિત્ત૦ ॥ ઓછો કર્મ કલેશ ॥ ચતુર૦ ॥૧૮॥
અધિકરણ આસ્રવ તણું ॥ ચિત્ત૦ ॥ દુવિધે હોય સદીવ ॥ ચતુર૦ ॥
ભાવકર્મનું જીવ છે ॥ ચિત્ત૦ ॥ દ્રવ્યકર્મનું અજીવ ॥ ચતુર૦ ॥૧૯॥
અભિપ્રાય આરંભનો ॥ ચિત્ત૦ ॥ કરતાં છે સંરંભ ॥ ચતુર૦ ॥
શસ્ત્રાદિ કારણ મેલવે ॥ ચિત્ત૦ ॥ તે જાણો સમારંભ ॥ ચતુર૦ ॥૨૦॥
કર્યો આરંભ જેણે સમે ॥ ચિત્ત૦ ॥ તે તો આરંભ જાણ ॥ ચતુર૦ ॥
કૃત કારિત અનુમોદના ॥ ચિત્ત૦ ॥ ત્રણ ત્રણથી નવ માન ॥
ચતુર૦ ॥૨૧॥

ભૂત વર્ત્તતા આવતા ॥ ચિત્ત૦ ॥ કાલથી સત્તાવીશ ॥ ચતુર૦ ॥
મન વચ કાય ત્રિયોગથી ॥ ચિત્ત૦ ॥ ગુણત એકાશી લહીશ ॥
ચતુર૦ ॥૨૨॥

ગુણતાં સોલ કષાયથી ॥ ચિત્ત૦ ॥ બારસેં છન્નુ હોય ॥ ચતુર૦ ॥
સૂત્રે ભેદ અનેક છે ॥ ચિત્ત૦ ॥ આસ્રવના તું જોય ॥ ચતુર૦ ॥ ૨૩॥

મોહનિકર્મના જાણિયે ॥ ચિત્ત૦ ॥ અધ્યવસાય અસંખ્ય ॥ ચતુર૦ ॥
તે સહુ આસ્રવ ભેદ છે ॥ ચિત્ત૦ ॥ જાણો ચિત્ત નિશંક ॥
ચતુર૦ ॥ ૨૪॥

પણ પણ ઈંદ્રિ અવ્રત છે ॥ ચિત્ત૦ ॥ તેમ વલિ ચાર કષાય ॥ ચતુર૦ ॥
પચિશ ક્રિયા ત્રણ યોગની ॥ ચિત્ત૦ ॥ ભેદ બેતાલીશ થાય ॥
ચતુર૦ ॥૨૫॥

આસ્રવ ક્રિયા પરિણામથી ॥ ચિત્ત૦ ॥
પરિણામ સંકલ્પથી હોય ॥ ચતુર૦ ॥
સંકલ્પ આત્મ અજ્ઞાનથી ॥ ચિત્ત૦ ॥
કર્મબંધ એમ જોય ॥ ચતુર૦ ॥૨૬॥

નિશ્ચય પર રમણે હુવે ॥ ચિત્ત૦ ॥ આસ્રવ એક અભેદ ॥ ચતુર૦ ॥
બંધે પુદ્‌ગલ સ્નેહથી ॥ ચિત્ત૦ ॥ બહુવિધ કર્મના ભેદ ॥ ચતુર૦ ॥૨૭॥

એ સવિ આસ્રવ રોકતાં ॥ ચિત્ત૦ ॥ પ્રગટે સંવર રૂપ ॥ ચતુર૦ ॥
તજિ પ્રમાદ સંવર ગ્રહો ॥ ચિત્ત૦ ॥ મૂદો ભવજલ કૂપ ॥
ચતુર૦ ॥ ૨૮॥

અધિકરણ આસ્રવ તણાં ॥ ચિત્ત૦ ॥ નિર્વર્ત્તના નિક્ષેપ ॥ ચતુર૦ ॥
સંજોગ નિસર્ગ જાણિયે ॥ ચિત્ત૦ ॥ ચાર ભેદ સંક્ષેપ ॥ ચતુર૦ ॥૨૯॥

કિરિયા ચેષ્ટા શરિરની ॥ ચિત્ત૦ ॥ ધુર ઉપકરણ તે જાણ ॥ ચતુર૦ ॥
બીજી કિરિયા શસ્ત્રની ॥ ચિત્ત૦ ॥ ઉપકરણ નિર્વર્ત્તના માન ॥૩૦॥

પંચ પ્રકાર શરિર તથા ॥ ચિત્ત૦ ॥ નિપાવે મન વચ કાય ॥ ચતુર૦ ॥
એ મૂલ ગુણ નિર્વર્ત્તના ॥ ચિત્ત૦ ॥ તત્ત્વાર્થે મન લાય ॥ ચતુર૦ ॥૩૧॥

કાષ્ટ પાષાણ ચિત્રાદિ તે ।। ચિત્ત૦ ।। કાંઇ બનાવે કોય ।।
ચતુર૦ ।।૩૨।।
નિક્ષેપ કહિયે સ્થાપવું ।। ચિત્ત૦ ।। ચાર ભેદ તસ માન ।। ચતુર૦ ।।
સહસાધિકરણ પ્રથમ કહ્યું ।। ચિત્ત૦ ।। અનાભોગ બિય જાણ ।।
ચતુર૦ ।।૩૩।।
ત્રીજું દુપ્રમાર્જના ।। ચિત્ત૦ ।। અપ્રતિપેક્ષિત ચાર ।। ચતુર૦ ।।
નિક્ષેપા અધિકરણ છે ।। ચિત્ત૦ ।। અર્થ સૂણો તસ સાર ।।
ચતુર૦ ।।૩૪।।
વિણ વિચાર ઉતાવલે ।। ચિત્ત૦ ।। ઉપકરણ મૂકે કોય ।। ચતુર૦ ।।
સહસાઅધિકરણ કહ્યું ।। ચિત્ત૦ ।। દોષ ઈહાં બહુ હોય ।।
ચતુર૦ ।।૩૫।।
વિણ ઉપયોગે જે મૂકવું ।। ચિત્ત૦ ।। અનાભોગ તે હોય ।। ચતુર૦ ।।
હાણી કારણ જીવનું ।। ચિત્ત૦ ।। કરે દોષ બહુ સોય ।। ચતુર૦ ।। ૩૬।।
પ્રમાર્જના અયથાર્થથી ।। ચિત્ત૦ ।। મૂકે સંજમ હથિયાર ।। ચતુર૦ ।।
દોષ ઈહાં બહુ ઊપજે ।। ચિત્ત૦ ।। તૃતિય ભેદ મન ધાર ।।
ચતુર૦ ।।૩૭।।
વિણ દેખે મૂકે લિયે ।। ચિત્ત૦ ।। અપ્રતિપેક્ષિત એહ ।। ચતુર૦ ।।
એ ચઉ અવિધિ ન આદરે ।। ચિત્ત૦ ।। સંજમધર છે તેહ ।।
ચતુર૦ ।। ૩૮।।
શીત ઉષ્ણ ન વિચારતા ।। ચિત્ત૦ ।। ઉપકરણ મેલવે કોય ।। ચતુર૦ ।।
તે ઉપકરણ સંયોજના ।। ચિત્ત૦ ।। પ્રથમ ભેદ એ હોય ।।
ચતુર૦ ।।૩૯।।
ગમતા આહરને પાનનો ।। ચિત્ત૦ ।। કરે સંયોગે ભક્ષ ।। ચતુર૦ ।।
દોષ લગે સંજમ વિષે ।। ચિત્ત૦ ।। બીજો ભેદ પ્રત્યક્ષ ।। ચતુર૦ ।।૪૦।।
દુપ્રયોગ ત્રિય યોગનો ।। ચિત્ત૦ ।। નીસર્ગાધિકરણ કહાય ।। ચતુર૦ ।।
સહુ મલિ એકાદશ કહ્યા ।। ચિત્ત૦ ।। દોષ તજે નિરમાય ।।
ચતુર૦ ।।૪૧।।

એમ બહુ વિધ આસ્રવ પ્રત્યે ॥ ચિત્ત૦ ॥ રોકે સંવરવંત ॥ ચતુર૦ ॥
મનસુખ શીવ સ્વતંત્રતા ॥ ચિત્ત૦ ॥ પામે સૂખ અત્યંત ॥
ચતુર૦ ॥૪૨॥

## ॥ દોહરા ॥

કહ્યો આસ્રવ અધિકાર એ, કર્મબંધનું મૂલ ।
જેહથી જેહ બંધાય છે, કહું સૂત્ર અનુકૂલ ॥૧॥

## ॥ ઢાલ (૧૩) તેરમી (આશ્રવહેતુવિચાર)

### ॥ ધર્મ જિનેશ્વર ગાઊ રંગશં ॥ એ દેશી ॥

દર્શન જ્ઞાન ચરણ ગુણવંતનું, સમકિત તપસીનું જેહ ॥ સુગુણ નર ॥
અરિહંત સિદ્ધ આચારજ મુનિતણું, પાઠક આદિનું એહ ॥ સુગુણ નર ॥
તત્ત્વ વિચાર સુધારસ પીજીએ, લહિયે આતમ રિદ્ધ ॥ સુ૦ ॥૧॥
એ આંકણી ॥

જે નર પ્રત્યનીકપણું આદરે, એહથી વિપરીત હોય ॥ સુ૦ ॥
કર્મબંધ કરિ ભવ ભમંતો રહે, મૂઢ જીવ જેહ કોય ॥ સુ૦ ॥ તત્ત્વ૦ ॥૨॥
જે નિન્હવ હોય સુગુરુ તણો કદા, તેહ મૂઢમતી હીણ ॥ સુ૦ ॥
નિંદે સદ્ગુરુ આદિક શુભ પ્રતે, કર્મ અશુભને આધીન ॥ સુ૦ ॥
તત્ત્વ૦ ॥૩॥

જ્ઞાન દર્શન દાતા સદ્ગુરુ પ્રતે, જેહ છુપાવે હો મૂઢ ॥ સુ૦ ॥
આપ અજાણ છતાં કહે જાણ છું, જાણ્યું રાખે હો ગૂઢ ॥ સુ૦ ॥ ત૦ ॥૪॥
કરે ઉપઘાત સુગુરુ આદિક તણો, સમ્યક શાસ્રનો કોય ॥ સુ૦ ॥
બંધી દૂષ્ટ કરમ બહુ દુઃખ સહે, મિથ્યા મૂઢ તે હોય ॥ સુ૦ ॥ ત૦ ॥૫॥
શિવમાર્ગી જન ઊપર જે કરે, નિશદિન અધિકો હો દ્વેષ ॥ સુ૦ ॥
અનિષ્ટ વચન બોલે ઉત્તમ પ્રતે, પામે બહુ વિધ ક્લેશ ॥ સુ૦ ॥
ત૦ ॥૬॥

કરે અંતરાય ગુરુ આદિ તણો, જ્ઞાનાદિકનો હો વિશેષ ॥ સુ૦ ॥
બાંધે વિવિધ પ્રકારે અંતરાય તે, લહે દુઃખ રાશી અશેષ ॥ સુ૦ ॥
ત૦ ॥૭॥

અરિહંતાદિક દશની આશાતના, શીલ સંજમની હો જાણ ॥ સુ૦ ॥
તે પગલે પગલે બહુ દુઃખ સહે, પામે અધિક અપમાન ॥ સુ૦ ॥
ત૦ ॥૮॥

એ ખટ અશુભ ભાવ જે આદરે, બાંધે દર્શન જ્ઞાનાવર્ણ ॥ સુ૦ ॥
જાણિ તજો ખટ એ અશુભ ભાવને, રાખિ શુદ્ધાતમ ચર્ણ ॥ સુ૦ ॥
ત૦ ॥૯॥

દેતો દેશના જે ઉનમાર્ગની, સુમગ નશાવે હો કોય ॥ સુ૦ ॥
મૂઢમતી કરિ દેવદરવ હરે, જિન મુનિ પ્રત્યનીક હોય ॥ સુ૦ ॥
ત૦ ॥૧૦॥

ચૈત્ય સંઘ તણો પ્રત્યનીક તે, બાંધે દરશનમોહ ॥ સુ૦ ॥
કષાય નોકષાય વશે હૂવો, જેહને અધિકો હો કોહ ॥ સુ૦ ॥ ત૦ ॥૧૧॥
બાંધે ચરણમોહની દોય ભેદથી, કષાય તથા નોકષાય ॥ સુ૦ ॥
અધિક આરંભ પરિગ્રહ જે કરે, બાંધે નરકનું હો આય ॥ સુ૦ ॥
ત૦ ॥૧૨॥

ગુરુભક્તિ ખાંતિ કરુણા કરુ, વ્રત જોગ કષાયની જીત ॥ સુ૦ ॥
દ્રઢ ધર્માદાની અજ્જવધરુ, શાતાબંધની એ રીત ॥ સુ૦ ॥ ત૦ ॥૧૩॥
વિપરિત એથી અશાતા વેદની, કરિ હિંસાદિ કૂકર્મ ॥ સુ૦ ॥
બાંધે પાપસ્થાનક સેવતો, જેણે ન લહ્યો શુદ્ધ ધર્મ ॥ સુ૦ ॥ ત૦ ॥૧૪॥
તિર્યક આયુ કૂડ કપટ વશે, બાંધે રાખી હો શલ્ય ॥ સુ૦ ॥
મંદકષાય પ્રકૃતી જેહને, દાન રુચી હોય નિશલ્ય ॥ સુ૦ ॥ ત૦ ॥૧૫॥
મધ્યમકષાયી મનુષ્ય આયુ લહે, ન કરે અધિક કૂકર્મ ॥ સુ૦ ॥
અવિરતી સમ્યકદ્રષ્ટિ તથા, બાલ તપસ્વી શુભ ધર્મ ॥ સુ૦ ॥ ત૦ ॥૧૬॥
અકામ નિર્જરા કરતો ઈંદ્રિજયી, એ આદિ બાંધે દેવ આય ॥ સુ૦ ॥
દેશવ્રતી મનુષ્ય તિર્યંચ જે, આયુ દેવનું નિપાય ॥ સુ૦ ॥ ત૦ ॥૧૭॥
ગર્વ રહિત મદ કપટ રહીત જે, વિષયથી કાંઈક વિરામ ॥ સુ૦ ॥
મંદકષાય નહીં પર પીડતો, બાંધે છે શુભ નામ ॥ સુ૦ ॥ ત૦ ॥૧૮॥

એહથી વિપરિત જે હોય જગતમાં, અશુભ નામ કરે બંધ ॥ સુ૦ ॥
ગુણપેક્ષી મદ કપટ રહિત સદા, સુતરુચિ ગુરુમિત્ર સંબંધ ॥ સુ૦ ॥
ત૦ ॥૧૯॥

કરે ભક્તિ જિન ગુરુઆદિ તણી, બંધ કરે ઊંચ ગોત્ર ॥ સુ૦ ॥
એહથી વિપરિત જે જન જગતમાં, બંધે છે નીચ ગોત્ર ॥ સુ૦ ॥
ત૦ ॥૨૦॥

જિન આણા પૂજા જિન માર્ગમાં, વિઘ્ન કરે જન કોય ॥ સુ૦ ॥
દાન લાભ ભોગ ઉપભોગની, શક્તિ હણે નર સોય ॥ સુ૦ ॥
ત૦ ॥૨૧॥

રોકે સુખ ભોગાદિક જીવનાં, હિંસા વશ પણ હોય ॥ સુ૦ ॥
બાંધે દુવિધ પંચ અંતરાય તે, બાલ મૂઢ જન સોય ॥ સુ૦ ॥ ત૦ ॥૨૨॥
દાન લાભ ભોગ ઉપભોગમાં, ન કિજે વીર્ય અંતરાય ॥ સુ૦ ॥
આતમ લબ્ધિ અનુભવ રંગમાં, રહિએ શીવ સદાય ॥ સુ૦ ॥
ત૦ ॥૨૩॥

[૧]દરશનવિશુદ્ધિ જેહ આદરે, ચુકે ન [૨]વિનય યોગ ॥ સુ૦ ॥
ન લગાવે [૩]અતિચાર શિયલ વિષે, ક્ષિણ ક્ષિણ [૪]જ્ઞાન ઉપયોગ ॥ સુ૦ ॥
ત૦ ॥૨૪॥

ભવભીરૂ નિજ [૫]શક્તિ ન ગોપવે, દાન [૬]સંવેગ તપ લાગ ॥ સુ૦ ॥
ખટ વિધ બાહ અભ્યંતર [૭]તપ કરે, [૮]મુનિસંભાલ સોભાગ્ય ॥ સુ૦ ॥
ત૦ ॥૨૫॥

[૯]વૈયાવચ્ચ કરે નિત ધર્મીની, અરિહંતાદિની [૧૦]ભક્તિ ॥ સુ૦ ॥
તેમ [૧૧]સુરિશ્વરની સેવા કરે, યથાયોગ્ય નિજ શક્તિ ॥ સુ૦ ॥
ત૦ ॥૨૬॥

સુતધર ને [૧૨]સુતપદ નિત સેવતો, [૧૩]પ્રવચનભક્તિ કરે સાર ॥ સુ૦ ॥
[૧૪]આવશ્યક નિત નિત પ્રતે કરે, [૧૫]માર્ગપ્રભાવના ઉદાર ॥ સુ૦ ॥
ત૦ ॥૨૭॥

પ્રવચન [૧૬]વાત્સલ્યતા નિત આદરે, એ સોલે પદ ધામ ।।સુ૦ ।।
સેવે તન્મય થઈ નિજ આત્મમાં, બાંધે જિનપદ નામ ।। સુ૦ ।।
ત૦ ।। ૨૮।।

જે જિન શાસન અધિક ફેલાવવા, તારવા ભવ્ય સદાય ।। સુ૦ ।।
તત્ત્વારથે દાખ્યો અધિકાર એ, તીર્થપતી પદ પાય ।। સુ૦ ।। ત૦ ।।૨૯।।
એમ સવિ બંધન કારણ જાણીને, તજિએ તતખીણ તેહ ।। સુ૦ ।।
મનસુખ દરશન જ્ઞાન ચરણ લહી, લહિયે શિવ સુખ ગેહ ।। સુ૦ ।।
ત૦ ।।૩૦।।

## ।। દોહરા ।।

કર્મ બંધ કારણ કહ્યો, કહું વ્રત આદિ સ્વરૂપ ।।
લહિ નિવૃત્તિ વિભાવથી, લહો સમાધિ અનૂપ ।।૧।।

## ।। ઢાલ (૧૪) ચૌદમી ।। (સંવરવિચાર)

**।। હું તો નહીં રે નમું દુજા દેવને રે લો ।। એ દેશી ।।**

હું તો નહીં રે તજું જિન ધર્મને રે લો, રૂડી રૂડી અરિહંત જીની સેવ મહારા લાલ નહીં રે તજું જિન ધર્મને રે લો ।। એ આંકણી ।। વ્રત પહેલે હિંસા તજી સેવિએ રે લો, શુદ્ધ આતમ ચરણ અશેષ મહારા લાલ ।। દશ પ્રાણ હણો નહીં દ્રવ્યથી રે લો, ભાવ પ્રાણ નવિ હણિએ લેશ મહારા લાલ ।। નહીં રે૦ ।।૧।।

કાંઈ અલીક વચન નવિ બોલિએ રે લો, ક્રોધાદિક વશ થઈ કાંઈ મહારા લાલ ।। જિન આણાએ વાક્ય ઉચારિયે રે લો, દ્રષ્ટિ રાખી આતમ ગુણ માંહિ મહારા લાલ ।। નહીં રે૦ ।।૨।।

અણ દિધી પરવસ્તુ નવિ લીજિએ રે લો, દ્રવ્ય ભાવથી દુવિધ પ્રકાર મહારા લાલ ।। જ્ઞાનાદિક ગુણ ગ્રહી થિર રહો રેલો, પુદ્‌ગલ ગ્રહણ નહિ સાર મહારા લાલ ।। નહીં રે૦ ।।૩।।

નર નારી અબ્રહ્મ નવિ સેવિએ રે લો, છોડી સુમતિનો રંગ

અભંગ મહારા લાલ ॥ દ્રવ્ય ભાવ પરિગ્રહ ત્યાગિએ રે લો, નવિ રાખો કાંઇ મૂર્ચ્છા સંગ મહારા લાલ ॥ નહીં રે૦ ॥૪॥

મુનિ રાખે એ પંચ વ્રત સર્વથી રે લો, ગ્રહસ્થોને હોય દેશ વિવેક મહારા લાલ ॥ એમ ચરણ શરણ દ્રઢ આદરો રે લો, જિન ધર્મે અચલ દ્રઢ ટેક મહારા લાલ ॥ નહીં રે૦ ॥૫॥

વ્રત થિર અર્થે નિત ભાવિયે રે લો, વ્રત પંચની ભાવના પચીશ મહારા લાલ ॥ શુદ્ધ આતમ ગુણ પ્રગટે સવે રે લો, એથી લહિયે શુદ્ધાત્મ જગીશ મહારા લાલ ॥ નહીં રે૦ ॥૬॥

[૧]ઇરિયાસમિતિ સહિત નિત ચાલવું રે લો, વારો પાપથી [૨]મનને સદાય મહારા લાલ ॥ [૩]હિંસાકારી વચન નવિ બોલવું રે લો, [૪]આદાનનિક્ષેપણ દોષ ન લગાય મહારા લાલ ॥ નહીં રે૦ ॥૭॥

[૫]આહાર પાણી વિલોક્યા વિના ન લિયે રે લો, પંચ પહેલા વ્રતની જાણ મહારા લાલ ॥ અહિંસા વ્રત એથી વિમલું રહે રે લો, શિવ સાધન ગુણગણખાણ મહારા લાલ ॥ નહીં રે૦ ॥૮॥

[૧]ક્રોધ [૨]લોભ [૩]ભય [૪]હાસ્યથી ન બોલવું રે લો, કાંઈ અલીક વચન દુઃખદાય મહારા લાલ ॥ જિન [૫]આણા વિચારી બોલિએ રે લો, નિજ પર આતમ સુખદાય મહારા લાલ ॥ નહીં રે૦ ॥૯॥

ક્રોધ લોભ ભય હાસ્ય વશ ના થશો રે લો, જાણિ એ અહિતકારી ભાવ મહારા લાલ ॥ પંચ ભાવના એ બીજા વ્રત તણી રે લો તેથી નાશે દૂષ્ટ વિભાવ મહારા લાલ ॥ નહીં રે૦ ॥૧૦॥

વસ્તિ [૧]અવગ્રહ પરિમિત વિચારિ લે રે લો, દાતા દિધો રજાએ [૨]આહાર પાણ મહારા લાલ ॥ કાલ ક્ષેત્ર [૩]મર્યાદા રાખિને રે લો, લિયે વસ્તિ અવગ્રહ શુદ્ધ જાણ મહારા લાલ ॥ નહીં રે૦ ॥૧૧॥

વાર વાર [૪]અવગ્રહ હદ બાંધિ લે રે લો, એ ચોથી ભાવના હોય મહારા લાલ ॥ અવગ્રહ [૫]પરિમિત સાધર્મિથી રે લો, માગિ લેતાં ત્રીજા વ્રતની જોય મહારા લાલ ॥ નહીં રે૦ ॥૧૨॥

[1]વાર વાર સ્ત્રીકથા કરે નહીં રે લો, [2]સ્ત્રી ઈંદ્રિ અંગ નિરખે ન કોય મહારા લાલ ॥ પુરવ કામ ક્રિડા[3] ન સંભાલતા રે લો, અધિક માદક [4]આહારક ન હોય મહારા લાલ ॥ નહીં રે૦ ॥૧૩॥

સ્ત્રી નપુંસક પશુ જિહાં રહે રે લો, વસ્તી [5]આસન તેહ ન લેય મહારા લાલ ॥ ચોથા મહાવ્રતની એ પંચ ભાવના રે લો, વ્રત રાખે સુખ હોય અમેય મહારા લાલ ॥ નહીં રે૦ ॥૧૪॥

શબ્દ[1] રૂપ[2] ગંધ[3] રસ[4] [5]ફરસ પંચને રે લો, ઈઠ અનિઠ ન ધારે મન માંહ્ય મહારા લાલ પુદ્‌ગલ પજ્જવ માહરા નથી રે લો, માહરી જ્ઞાયકતા શિવ છાંહ મહારા લાલ ॥ નહીં રે૦ ॥૧૫॥

પંચ ભાવના એ પંચ વિષય ત્યાગની રે લો, ધન વિષયનો લોભ ન કદાય મહારા લાલ ॥ ઈમ ભાવના પંચવિશ ભાવિએ રે લો, પંચ વ્રત શુદ્ધ અખંડ રખાય મહારા લાલ ॥ નહીં રે૦ ॥૧૬॥

ચિત ચિંતે પંચ મહાવ્રત આદર્યાં રે લો, મન વચ કાયથી નિરમાય મહારા લાલ ॥ વ્રત પાલી પલાવી અનુમોદતાં રે લો, જિન આણા આરાધક થાય મહારા લાલ ॥ નહીં રે૦ ॥૧૭॥

હિંસાદિ પંચ અવ્રત સેવતાં રે લો, અપકિત્તે આલોક પરલોક મહારા લાલ ॥ રાજદંડાદિક બહુ દુઃખ સહે રે લો, નિરય તિરિયકનાં દુઃખ થોક મહારા લાલ ॥ નહીં રે૦ ॥૧૮॥

હિંસાદિક પંચ દુઃખદાય છે રે લો, તજે શાશ્વત સુખ નિરૂપાય મહારા લાલ ॥ વલી મિત્રાદિક ચાર ભાવના રે લો, ભાવો નિરમલ ગુણ થિર થાય મહારા લાલ ॥ નહીં રે૦ ॥૧૯॥

જગજીવ સહુ મિત્ર સમ જાણિને રે લો, તેહને તારવાની કીજિએ બુદ્ધિ મહારા લાલ ॥ કરૂણા સહુ જીવ પર કીજીએ રે લો, રાખિ દ્રવ્યને ભાવ વિશુદ્ધિ મહારા લાલ ॥ નહીં રે૦ ॥૨૦॥

આચરજ વાચક મુનિ લખી રે લો, સાધુ સાધર્મીથી પ્રમોદ મહારા લાલ ॥ ધન્ય હું મ્હારે ઉત્તમ ગુરૂ મલ્યા રે લો, કરે ઉત્તમનો

વિનય વિનોદ મહારા લાલ ॥ નહીં રે૦ ॥૨૧॥

હિંસક મિથ્યાતી આદિ લખી રે લો, તે ઊપર રાગ ન રોષ મહારા લાલ ॥ એમ ચિત્ત ચોખે ચાર ભાવના રે લો, ભાવતાં લહે નિજ ગુણ પોષ મહારા લાલ ॥ નહીં રે૦ ॥૨૨॥

લહી ચરણ કરણની શુદ્ધતા રે લો, કરી અનુભવ રંગ વિલાસ મહારા લાલ ॥ મનસુખ શિવ સુંદરિશું રમે રે લો, આનંદપુરી શાશ્વત વાસ મહારા લાલ ॥ નહીં રે૦ ॥૨૩॥

## ॥ ઢાલ (૧૫) પંદરમી (પંચાચારવિચાર)

**॥ ચેતન ભાવ તે ચેતના જીહો, ઉલટ અચેતન ભાવ ॥ એ રાગ ॥**

પંચાચાર આરાધિએ લાલા ટાલી સકલ અતિચાર ॥
આતમ ભાવે આતમા લાલા, રમત લહો ભવપાર ॥
સુગુણનર આરાધો જિન ધર્મ, તજિ દુરમતિ કૂકર્મ ॥
સુગુણ૦ ॥૧॥ એ આંકણી ॥

કાલ વિનય બહુમાનથી લાલા, વલિ ધારી ઉપધાન ॥
નિન્હવપણું છોડી કરિ લાલા, વ્યજન અરથ પ્રમાણ ॥ સુગુણ૦ ॥૨॥
વ્યંજન અર્થ ઉભય મલી લાલા, લખિ લહો તત્ત્વ વિચાર ॥
એમ શુભ જ્ઞાન આરાધતાં લાલા, લહિયે ભવજલ પાર ॥ સુગુણ૦ ॥૩॥
શંકા કંખા દુગંચ્છના લાલા, મૂઢદ્રષ્ટિ તજિ સાર ॥
નય આદિ મન ધારિને લાલા, કીજે તત્ત્વ વિચાર ॥ સુગુણ૦ ॥૪॥
ગુરુ અવગુણ નવિ બોલિએ લાલા, થિર કરિ સમ્યકદ્રષ્ટિ ॥
વાત્સલ્યતા જિન ધર્મની લાલા, કરિ પ્રભાવના પુષ્ટ ॥ સુગુણ૦ ॥૫॥
એમ દરશન નિરમલ કરો લાલા, જેહથી ભવભય જાય ॥
ચારિત્ર આવે નિરમલું લાલા, સહેજે શિવસૂખ થાય ॥ સુગુણ૦ ॥૬॥
ત્રિપ્રણિધાન શુદ્ધ આદરો લાલા, પણ સમિતિ ત્રય ગુપ્તિ ॥
ચરણ કરણ આરાધતાં લાલા, મુનિવર પામે મુક્તિ ॥ સુગુણ૦ ॥૭॥
બાહ અભ્યંતર તપ તપો લાલા, દ્વાદશ વિધે અતિ શુદ્ધ ॥
કુશલદ્રષ્ટિ રાખી સદા લાલા, ગિલાણતા તજિ બુદ્ધ ॥ સુગુણ૦ ॥૮॥

આજીવિકાદિ ન ઇચ્છિએ લાલા, નવિ ચાહો ભવભોગ ॥
પુદ્‌ગલ ભાવ નિરીહથી લાલા, તપ શિવ સાધન યોગ ॥ સુગુણ૦ ॥૯॥
ફોરે સદા ધર્મ કાર્યમાં લાલા, આતમ વીર્ય અમાય ॥
તપ સુત ધ્યાનાદિ આદરે લાલા, ગોપે ન વીર્ય કદાય ॥
સુગુણ૦ ॥૧૦॥

જે જે કારણ ધર્મનાં લાલા, તેહમાં મન વચ કાય ॥
ધિર વીર વીરજ ફોરવે લાલા, આલસ નિંદ નસાય ॥ સુગુણ૦ ॥૧૧॥
પંચે આચાર આરાધિયે લાલા, નવિ કીજે અતિચાર ॥
મનસુખ શિવ સંપત્તિ લહે લાલા, અચલ વિમલ સૂખકાર ॥
સુગુણ૦ ॥૧૨॥

## ॥ દોહરા ॥

મહાવ્રતાદિક વર્ણવ્યા, દેશવ્રતાદિક સાર ॥
ભાખું સૂત્રાધારથી, શુદ્ધાતમ હિતકાર ॥૧॥

## ॥ ઢાલ (૧૬) સોલમી (અણુવ્રત-ગુણવ્રતવિચાર)

**॥ પાડલીપુરની શેરિએ રમતાં, રત્નચિંતામણિ લાધ્યુંજી ॥ એ રાગ ॥**

સંવેગને નિરવેદને અરથે, જગત સ્વરૂપ વિચારો ॥
ભાવના અનિત્યાદિક બારે, મનથી કબ ન વિસારો ॥
વિરતી રસ લીજેજી, આત્મ અનુભવ અભ્યાસ, અમૃત રસ પીજેજી ॥૧॥
એ આંકણી ॥

પ્રમાદ વશે દ્રવ્ય ભાવ પ્રાણની, હાણી કબહુ ન કીજેજી ॥
જિન શાસન લહિ સમકિત પામી, દેશવિરતી આદરીજે ॥
વિરતી૦ ॥૨॥

સાત ધાતુને સાતે મલથી, દુગંછિત એ દેહોજી ॥
રોગ અનેકનું ભાજન એહિજ, દુઃખદાયક દુઃખ ગેહો ॥ વિરતી૦ ॥૩॥

જગત પદારથ સવિ પુદ્ગલના, ખિણ ખિણ ઉપજે વિણસેજી ॥
ખિણમાં ઇષ્ટ અનિષ્ટ ખીણમાં, દેખી મૂરખ હરષે ॥ વિરતી૦ ॥૪॥
સવિ પુદ્ગલ અથિર સમલ જડ, જગની એંઠ પ્રતંતજી ॥
મૂરખ ભોગની બુદ્ધે દેખી, માને સૂખ અત્યંત ॥ વિરતી૦ ॥૫॥
રાગાદિક પરમાદ આદરતાં, દુવિધે હિંસા જન્મેજી ॥
ઇંદ્રિ આદિ દશ દ્રવ્યપ્રાણની, હાણિ કરી રસ મનમેં ॥ વિરતી૦ ॥૬॥
ભાવપ્રાણ જ્ઞાનાદિ જીવના, તે કબહૂ નવિ હણિયેજી ॥
ભવ ભ્રમણ બહુ દુઃખનું કારણ, હાણિ જાણિ પરિહરિયે ॥
વિરતી૦ ॥૭॥
પંદર ભેદે પ્રમાદ કહ્યો છે, પંચ વિષય ઇંદ્રીનાજી ॥
ચાર કષાય ને વિકથા ચારે, નિંદ્રા રાગાદિક ભીના ॥ વિરતી૦ ॥૮॥
સ્વપર જીવના સુખ હાણીથી, હિંસા શ્રીજિન દાખીજી ॥
સ્વપર જીવ હાણિ નવિ કીજે, નિજ ગુણ નિરમલ રાખી ॥
વિરતી૦ ॥૯॥
વધ બંધન છવિ છેદ ન કીજે, ભાર અધિક નવિ ભરિયેજી ॥
ભાત પાણિ વીછોહ જીવને, પ્રમાદ વસે નવિ કરિએ ॥ વિરતી૦ ॥૧૦॥
મંત્ર ઓસડ જૂઠાં દેખાડી, કષ્ટમાં કોઈને ન પાડોજી ॥
ગુપ્ત વાત નિજ નારિથી જાણી, રહસ્ય નવી દેખાડો ॥ વિરતી૦ ॥૧૧॥
મૃષા ઉપદેશ ન દિજે કોઈને, કૂડો લેખ ન લખિએજી ॥
સાચું પણ દુઃખકારી ન બોલો, બિય વ્રત રસ ઈમ ચખિએ ॥
વિરતી૦ ॥૧૨॥
પર દ્રવ્ય નવિ હરવું ત્રીજે, થૂલ ભેદ તસ પંચજી ॥
ચોરિ આણેલી વસ્તુ ન લીજે, ભેલ ન કીજે રંચ ॥ વિરતી૦ ॥૧૩॥
દાન આદિમાં રાજ વિરુદ્ધ નહીં, કુડાં તોલ ન માપોજી ॥
મદદ કાંઈ ચોરને નવિ દીજે, ત્રીજા વ્રત ફલ ચાખો ॥ વિરતી૦ ॥૧૪॥
પરદારા પર પુરુષથી ક્રીડા, ચોથા વ્રતથી ન કીજેજી ॥
સ્થૂલ અબ્રહ્મ તજિને શ્રાવક, સમતા સંગ રમીજે ॥ વિરતી૦ ॥૧૫॥

અપરિગ્રહિતા ને પર નારી, અનંગ ક્રિડા નવિ કીજેજી ॥
પર વિવાહ જોડાવો ન કબહૂ, તિવ્ર રાગ છંડીજે ॥ વિરતી૦ ॥૧૬॥
ધન ધાન્ય ક્ષેત્રને વસ્તુ, રૂપું સોનું જાણોજી ॥
કૂપ દુપદ ચૌપદ મર્યાદા, રાખો દ્રઢ પ્રમાણો ॥ વિરતી૦ ॥૧૭॥
દશ દિશાનો ગમણ પ્રમાણ તે, કીજે વ્રત ગુણ હેતેજી ॥
ટાલિ પંચ અતિચાર એહના, રાખો વ્રત અખેદે ॥ વિરતી૦ ॥૧૮॥
ઉર્ધ અધો તિર્યગ દિશિ નીમથી, ન જાય મર્યાદા વધારીજી ॥
એક દિશિ ત્યાગી બીજી વધારે, એમ કુમતી નિવારી ॥
વિરતી૦ ॥૧૯॥
લીધું નેમ સંભાલ ન રાખે, એમ પણ વિધિ અતિચારોજી ॥
નિર્મલ વ્રત રાખિ હિત કારણ, એ વિધિ દોષ નિવારો ॥
વિરતી૦ ॥૨૦॥
મદિરા માંસ ભક્ષણ નવિ કીજે, ફૂલ ફળ ને ગંધ માલાજી ॥
ભોગ ઉપભોગનું નીમ કરીને, છોડો મોહના ચાલા ॥ વિરતી૦ ॥૨૧॥
અભક્ષ બાવિશ નવિ વાપરિયે, અનંતકાય બત્રીશજી ॥
સચિત તણો પ્રતિબંધ ન કીજે, અપક તજો નિશદીશ ॥ વિરતી૦ ॥૨૨॥
દુપક આહારને રયણી ભોજન, કૂલાં ફલ નિવારોજી ॥
જીવ દયાનું કારણ જાણી, એ વિધિ વ્રત નિરધારો ॥ વિરતી૦ ॥૨૩॥
સચિત દ્રવ્ય વિગયને વાણી, તંબોલ વસ્રને કુસુમોજી ॥
વાહન શયન વિલેપન સ્નાનને, બ્રહ્મ દિશિ ભક્ત નીમો ॥
વિરતી૦ ॥૨૪॥
ચૌદ નીમ એ નિત્ય આદરિયે, નવિ ચૂકો કોઈ વારજી ॥
તુચ્છ ફલ વિષ ભક્ષ નિવારો, રાખો વ્રત દ્રઢ સાર ॥ વિરતી૦ ॥૨૫॥
[૧]આંગારા કરી મત વેચો, [૨]હાડ ચામ મતિ વણજોજી ॥
[૩]વન ન છેદાવો [૪]સર ન ફોડવો, [૫]કબહૂ ન વણજો કિણજો ॥
વિરતી૦ ॥૨૬॥

[૬]ભાડીકર્મ ન કીજે કબહૂ, [૭]નિર્લંછન [૮]દવ દાણજી ॥
[૯]પીલણ કર્મ ન કીજે કબહૂ, [૧૦]શસ્ત્રનું કર્માદાન ॥ વિરતી૦ ॥૨૭॥
[૧૧]દંત [૧૨]રસ વ્યાપાર ન કીજે, [૧૩]વિષ વ્યાપાર તજીજેજી ॥
[૧૪]કેશ વણજ [૧૫]અસંજતિપોષણ, તજિ વ્રત શુદ્ધ દ્રઢ કીજે ॥
વિરતી૦ ॥૨૮॥

પંદર કર્માદાન એ મોટાં, કારણ પાપ કરમનુંજી ॥
જિન ધર્મે દ્રઢ રંગ ધરીને રાખો મૂલ ધરમનું ॥ વિરતી૦ ॥૨૯॥
પંદર કર્માદાન તજીજે, ગુણવ્રત બીજું ધારીજી ॥
વિશ અતિચાર એહના જાણી, ચિતથી દૂર નિવારી ॥ વિરતી૦ ॥૩૦॥
આઠમે અનરથદંડ ન કીજે, સજ્જન અર્થ વિણ કોઈજી ॥
શસ્ત્ર અગ્નિ મૂશલ ને યંત્ર, જેહથી હિંસા હોઈ ॥ વિરતી૦ ॥૩૧॥
તૃણ કાઠ મૂલ મંત્ર ને ઔષધ, પોતે કાંઈ ન દીજેજી ॥
બીજા પાસે નવિ દેવરાવો, અનરથ પાપ ન કીજે ॥ વિરતી૦ ॥૩૨॥
ન્હવણ ઉવટ્ટણ વિલેપન એ, વસ્ત્ર આસન આભરણજી ॥
વિણ કારણ કોઈને નવિ દીજે, કીજે ચરણનું શરણ ॥ વિરતી૦ ॥૩૩॥
કંદર્પ વશ કૂચેષ્ટા ન કીજે, પાપ અધિકરણ ન દીજેજી ॥
પાપકારી શબ્દ નવિ બોલીજે, નિરમલ વ્રત ફલ લીજે ॥
વિરતી૦ ॥૩૪॥

વિષય ભોગની વસ્તુ કોઈને, દેવાનું શું કામજી ॥
આપ આપણી આત્મ શક્તિમાં, કિજે થિર આરામ ॥ વિરતી૦ ॥૩૫॥
મિથ્યા પાપ ઉપદેશ ન દીજે, બહુ વિધ અનરથ ત્યાગોજી ॥
ગુણવ્રત એમ તિન નિરમલ રાખી, આતમ કાજે લાગો ॥
વિરતી૦ ॥૩૬॥

અનરથ દંડ વ્રત એમ પાલીજે, અણુવ્રતને ગુણકારીજી ॥
દરશન જ્ઞાન ચરણ આરાધો, મનસુખથી શિવકારી ॥ વિરતી૦ ॥૩૭॥

## ॥ દોહરા ॥

પંચ અણુવ્રત વર્ણવ્યાં, તિન ગુણવ્રત સુખકાર ॥
ચઉ શિક્ષાવ્રત દાખશું, શ્રી જિન વચનાધાર ॥૧॥

## ઢાલ (૧૭) સત્તરમી (શિક્ષાવ્રતવિચાર)

**॥ હો સુખકારી આ સંસાર થકી જો મુજને ઉદ્ધ રે ॥ એ દેશી ॥**

નવમે સામાયક આદરિયે, મન વચ કાયા ત્રણ દ્રઢ કરિયે ॥
પુદ્‌ગલ મમતા સવિ પરિહરિયે, તજી રાગ દ્વેષ પ્રાતિક હરિયે ॥
હો ચેતનજી આતમ અનુભવ અમૃત રસ ભર પીજે,
નરભવ પામી પ્રમાદ તજીને સંજમ લાહો લીજે ॥ એ આંકણી ॥૧॥
દુઃપ્રણિધાન ત્રિવિધ તજિયે, દોય ઘડિ આદિ થિરતા ભજિયે ॥
ટાલી પરસંગ આતમ યજિયે, ધીર વીરજ રાખી સુમતી ભજિયે ॥
હો ચેતનજી૦ ॥૨॥
એક ઠામે થિર આસન ધારી, તન વચ મન ચંચલતા ટાલી ॥
નિરમલ નિજ સત્તા નિહાલી, જિન આણાએ દ્રષ્ટિ ભાલી ॥
હો ચેતનજી૦ ॥૩॥
દ્રવ્ય ભાવ થકી સાવદ્ય છંડી, નિજ દરશન જ્ઞાન ચરણ મંડી ॥
શુદ્ધ નય સુતપદ દ્રઢ અભ્યાસી, નિજ આતમ ધ્યાવો અવિનાશી ॥
હો ચેતનજી૦ ॥૪॥
દિશા અવગાહીને રહિએ, ત્યાંથી બાહિર શબ્દ નવિ કહિએ ॥
સમતા ધરિને સુત રસ લહિએ, જ્ઞાનાદિક ગુણમાં ગહગહિએ ॥
હો ચેતનજી૦ ॥૫॥
બાહિરથી કાંઈ ન મંગાવો, કાંઈ બાહિર પણ નવિ ભેજાવો ॥
બાહિર નિજ રૂપ ન દેખાવો, ના કંકર બાહિર ક્ષેપાવો ॥
હો ચેતનજી૦ ॥૬॥
કરિ પોષધ રહિ પોષધ શાલે, નિજ શુદ્ધાતમ ગુણ સંભાલે ॥
સંથારા વિધિ કાંઈ નવિ ચૂકે, પરમાદ વશૈ વિધિ નવિ મૂકે ॥
હો ચેતનજી૦ ॥૭॥

આહારાદિક ચિંતા નવિ કીજે જ્ઞાનાદિક ગુણ ગણ પોષીજે ।।
રાગાદિક દોષ સકલ વારી, થિર રહિએ શુદ્ધાતમ અધિકારી ।।
હો ચેતનજી૦ ।।૮।।
અસૂરો પોષો નવિ લીજે, ઉણે કાલે નવિ પાલીજે ।।
દેવવંદન કાલ ન ચૂકિજે, સમભાવે નિજ ગુણ ધ્યાયીજે ।।
હો ચેતનજી૦ ।।૯।।
શુદ્ધ આહારદિક મુનિને દીજે, સચિત્ત પડિબંધ નવિ કીજે ।।
દેવાબુદ્ધે પરનું અપનું અણદેવા બુદ્ધે કહે પરનું ।। હો ચેતનજી૦ ।।૧૦।।
તપ ચરણ કરણ મુનિ ગુણ ધારી, દાન દેતાં મન મચ્છર વારી ।।
દાન દીજે ભક્તિ બહુ સન્માને, મુનિવર વરતે જેમ શુભ ધ્યાને ।।
હો ચેતનજી૦ ।।૧૧।।
દેતાં અતિચાર ન કાંઈ કરે, મુનિને દેતાં મન હર્ષ ધ રે ।।
દાતાનાં બહુ પ્રાતિક જાવે, શુભદાની સુખ સંપતિ પાવે ।।
હો ચેતનજી૦ ।।૧૨।।
અસંજતિને નવિદાન દિયે, કાંઈ રાગ તથા કાંઈ દ્વેષ લીયે ।।
જો સુખી કે દૂઃખી હોવે, સમ્યકધર નિજ ગુણ કિમ ખોવે ।।
હો ચેતનજી૦ ।।૧૩।।
સંજમીને મેં નવિ દાન દિયો, પણ દેવા હરખે અતિ હૈયો ।।
પ્રાશુક અન્નાદિક હમે દેઈશું, દેઈ દાન જ્ઞાનાદિક ગુણ લેઈશું ।।
હો ચેતનજી૦ ।।૧૪।।
એમ બા રે વ્રત દ્રઢતા ધારો, અંતે સંલેખન છે સારો ।।
કષાય સવી પતલા કીજે, તજી આહાર પાન તન શોષીજે ।।
હો ચેતનજી૦ ।।૧૫।।
ઈહ લોગાશંસા નવિ ધારૂં, પર લોગાશંસા નિવારૂં ।।
જીવિત આશંસા પણ ન કરૂં, મરણાશંસા પણ ચિત્ત ન ધરૂં ।।
હો ચેતનજી૦ ।।૧૬।।

કામ ભોગ તણી આશંસા તજું, નિજ દર્શન જ્ઞાન ચરિત્ત ભજું ॥
એમ શ્રાવક બારે વ્રત ધારીં, ચારિત્ર ઉમાહે સુખકારી ॥
હો ચેતનજી૦ ॥૧૭॥
વિરતિથી પરમ વિરતી આવે, ક્ષિણ ક્ષિણ નિજ જ્ઞાયકતા ભાવે ॥
મનસુખ રંગે શિવ સુખ પાવે, ફરી એ સંસારે ના આવે ॥
હો ચેતનજી૦ ॥૧૮॥

## ॥ દોહરા ॥

શલ્ય રહિત વ્રતી કહ્યો, શલ્ય યુક્ત વ્રતી નાહિ ॥
શલ્ય સહિત વ્રત જો ધરે, ભમે ચતુરગતિ માંહિ ॥૧॥
માટે શલ્ય ન રાખિએ, માયા મિથ્યા નિદાન ॥
શલ્ય રહિત વ્રત આદરો, પામો સુખ અમાન ॥૨॥
પ્રમાદ ત્યાં હિંસકપણું, વિણ પ્રમાદ નહિ તેહ ॥
સહિત પ્રમાદ બાહિર દયા, તો પણ હિંસક એહ ॥૩॥
માટે તજી પ્રમાદને, થિર ઉપયોગ અડોલ ॥
ધારિ ધર્મ શુકલ સદા, લહો નિજ ગુણ રંગ ચોલ ॥૪॥
આગારી અણગારી દો, દેશ સર્વ વ્રત ધાર ॥
શેષ અવ્રતી જે રહ્યા, તે ભમશે સંસાર ॥૫॥
શંકા કંખા દુગંચ્છંના, તજિ ધારો જિનવાણ ॥
સ્તવન પ્રશંસા કુલિંગીની, સમકિત અતિચાર એ જાણ ॥૬॥
વલિ વ્રત બાર તણા કહ્યા, બહુ વિધ જે અતિચાર ॥
ટાલી વ્રત દ્રઢ રાખિએ, શુદ્ધ સ્વભાવાચાર ॥૭॥
વ્રત આદિ અધિકાર એ, દાખ્યો લેશ વિચાર ॥
બંધ હેતુ કાંઈ દાખશું, શ્રોતા ધારો સાર ॥૮॥

### ઢાલ (૧૮) અઢારમી (કર્મબંધવિચાર)

**॥ એ વ્રત જગમાં દિવો મે રે પ્યા રે ॥ એ રાગ ॥**

મિથ્યાદરશન ને અવિરતિ વલી, પ્રમાદ કષાયને યોગ ॥
પંચ કારણ એ કર્મબંધનાં, તજિ લહો શિવમગ યોગ ॥

હો ભવિયા જિન દરશન રસ લીજે, જ્ઞાન સુધારસ પીજે,
હો ભવિયા જિ૦ ॥ એ આંકણી ॥૧॥
મિથ્યારુચી અનાદિ જીવને, તે અગ્રહિત મિથ્યાત ॥
કુગુરુ થકી મિથ્યાત ગ્રહે જે, અભિગ્રહિત મિથ્યાત ॥ હો ભવિયા૦ ॥૨॥
ગ્રહિત મિથ્યાત છે પંચ ભેદથી, પ્રથમ એકાંતે માને ॥
અનંત ધર્મમયી વસ્તુને, એક ધર્મમય જાણે ॥ હો ભવિયા૦ ॥૩॥
હિંસાદિક જે ધર્મથી વિપરિત, તેહને માને ધર્મ ॥
ધર્મ લખી અધર્મ આદરતો, બાંધે બહુવિધ કર્મ ॥ હો ભવિયા૦ ॥૪॥
જીવ માંહે અજીવની શ્રદ્ધા, અજીવ પ્રતે જીવ માને ॥
ધર્મ પ્રતે અધર્મ કહે તે, અધર્મને ધર્મ પ્રમાણે ॥ હો ભવિયા૦ ॥૫॥
કુગુર પ્રતે સુગુરૂ નિરધા રે, સુગુરુને કુગુરુ ઉચા રે ॥
મુક્ત પ્રતે અમુક્ત કહે એમ, અમુક્તને મુક્ત સ્વિકા રે ॥
હો ભવિયા૦ ॥૬॥
દેવપ્રતે અદેવ કહે એમ, અદેવ દેવ કરિ જાણે ॥
એમ બહુ વિધ વિપરીત વાસના, હોય મિથ્યા અભિમાને ॥
હો ભવિયા૦ ॥૭॥
તીનસય ત્રેંસઠ પાખંડી, બહુ મિથ્યાતના ભેદ ॥
સમ્યક તત્ત્વ સુજ્ઞાન લહીને, કિજે મિથ્યાત ઉછેદ ॥ હો ભવિયા૦ ॥૮॥
દેવ અદેવ સુગુરુ કુગુરુને, મોક્ષાર્થે આરાધે ॥
વિનય કરે બેહુનો એક સરખો, ચઉ ગતિ મારગ સાધે ॥
હો ભવિયા૦ ॥૯॥
જિન દેશિત નવતત્ત્વ માંહિ જસ, શંકા વિવિધ પ્રકારો ॥
ચોથો ભેદ મિથ્યાતનો એ તો, જાણી શંકા નિવારો ॥
હો ભવિયા૦ ॥૧૦॥
જીવ અજીવાદિક નવિ જાણે, ગહલ રૂપ હોય અંધ ॥
પંચ મિથ્યાત ભેદનો એહ, દાખ્યો સંક્ષેપ પ્રબંધ ॥ હો ભવિયા૦ ॥૧૧॥

ખટકાયની હિંસા નવિ ત્યાગે, પંચ વિષયનો ભોગ ॥
નિજ મન થિરતા કબહુ ન ધારે, બાર એ અવિરતિ યોગ ॥
હો ભવિયા૦ ॥૧૨॥
પંચ અવ્રત થકી ન નિવર્ત્તે, વલિ ત્રિજોગ ક્રિયાથી ॥
કર્મબંધ કરિ એહથી બહુવિધ, નવિ નિકસે ભવમાંથી ॥
હો ભવિયા૦ ॥૧૩॥
પંદર વિધે પ્રમાદ સેવતો, તેમ વલિ ચાર કષાય ॥
જોગ ચપલતા બહુવિધ કરતો, કર્મબંધ બહુ થાય ॥ હો ભવિયા૦ ॥૧૪॥
રાગ દ્વેષ વશ જીવ પુદ્‌ગલનો, સર્વ પ્રદેશે સંબંધ ॥
પ્રકૃતિ સ્થિતિ અનુભાગ પ્રદેશનો, ચાર પ્રકારે બંધ ॥
હો ભવિયા૦ ॥૧૫॥
લોકાકાશ અસંખ્ય પ્રદેશે, વર્ગણા વિવિધ પ્રકાર ॥
કાલ અનાદિ સદાય ભરી છે, તે માંહે કાર્મણ સાર ॥
હો ભવિયા૦ ॥૧૬॥
આઠ પ્રયોગ છે તેહના રે, સ્નેહથી જીવ બંધાય ॥
જ્ઞાવરણાદિક કરમના, આઠ પ્રકારજ થાય ॥ હો ભવિયા૦ ॥૧૭॥
પ્રકૃતિ કહિયે કર્મ ટેવને, સ્થિતિ કાલનું માન ॥
કર્મ તણો વિપાક શુભાશુભ, તે અનુભવ રસ જાણ ॥
હો ભવિયા૦ ॥૧૮॥
પુદ્‌ગલ વર્ગણા આત્મ પ્રદેશે, બંધે પ્રદેશનો બંધ ॥
આત્મ રમણ કરિ કર્મ ઉછેદો, ટાલિ અનાદિ કુધંધ ॥
હો ભવિયા૦ ॥૧૯॥
મૂલ પ્રકૃતિ આઠજ જાણો, ઉત્તર એકસય અડયાલી ॥
જ્ઞાનાવરણની પંચજ કહિયે, દરશન નવવિધ ભાલી ॥
હો ભવિયા૦ ॥૨૦॥
શાતા અશાતા દોય વેદની, મોહનિ અઠાવીશ ॥
અંતરાયની પંચ પ્રકારે, આયુ ચાર જગીશ ॥ હો ભવિયા૦ ॥૨૧॥

ગોત્ર ઊંચ નીચ દોય પ્રકારે, નામકર્મની ત્રાણું ॥
સત્તાએ એમ દાખી શ્રુતમાં, ઈગસય વીશ બંધ માનું ॥
હો ભવિયા૦ ॥૨૨॥
ઉદય હોય એકસય બાવિશ, એમ દાખી જગદીશ ॥
કર્મ સત્તા હણિ શુદ્ધાતમ લહી, વિલસો સ્વગુણ જગીશ ॥
હો ભવિયા૦ ॥૨૩॥
કર્મબંધ પરરમણથી હોવે, નિજ રમણે શિવ લહિયે ॥
શિવસંગે રંગે આનંદે, મનસુખ શિવઘર રહિયે ॥ હો ભવિયા૦ ॥૨૪॥

## ॥ દોહરા ॥

સ્થૂલ સ્વરુપ કહ્યું કર્મનું, કહું કછુ સૂક્ષ્મ રૂપ ॥
સહજાનંદ અભ્યાસથી, આતમ સિદ્ધ સ્વરૂપ ॥૧॥

## ॥ ઢાલ (૧૯) ઓગણીશમી (સૂક્ષ્મ-કર્મવિચાર)

**॥ એસો કર્મ અતુલ બલવાન જગતકું પીડ રહ્યો ॥ એ રાગ ॥**

એસો કર્મ અતુલ બલવાન, જગત જીય પીડ રહ્યો ॥
કોઈ બંધે તત્ત્વ અજાણ, પુદ્ગલ રસ કીડ રહ્યો ॥ એ આંકણી ॥
નિશ્ચય રાગ વિરોધથી રે બંધે અડવિધ કર્મ ॥
આતમ રમણે આતમા રે, હરે કર્મના મર્મ ॥ જગત૦ ॥૧॥
નિજ જ્ઞાયકતા નવિ લખી રે, દેખત જ્ઞેય અનેક ॥
મમત કરિ પરજ્ઞેયમાં રે, શુધ પદ ભૂલ્યો છેક ॥ જગત૦ ॥૨॥
મમતા વશથી ઉપજયા રે, રાગ રોષ બહુ દોષ ॥
કર્મ વર્ગણા ગ્રહણથી રે, વધ્યો કર્મઘન પોષ ॥ જગત૦ ॥૩॥
સિદ્ધ સમાધિમય સદા રે, જે જાણે નિજરૂપ ॥
દરશન જ્ઞાન ચરણમયી રે, રમ્ય રમણ સુખરૂપ ॥ જગત૦ ॥૪॥
વ્યવહારે પંચાસ્રવે રે, કર્મ વર્ગણા આય ॥
રમતાં પુદ્ગલ ભાવમાં રે, અષ્ટ કર્મ બંધાય ॥ જગત૦ ॥૫॥

જ્ઞાન વિના મમતા રહે રે, મમતાથી મિથ્યાત ॥
અવિરતિ પ્રગટે તેહથી રે, પ્રમાદ કષાય વિખ્યાત ॥ જગત૦ ॥૬॥
જોગ ચપલતા તેહથી રે, પુદ્ગલ સ્નેહ વિકાર ॥
કર્મબંધ તેથી કરી રે, ભમે ચઉગતિ કંતાર ॥ જગત૦ ॥૭॥
શુભાશુભ વિકલ્પથી રે, લહિ નિવૃત્તી ન લેશ ॥
જ્ઞાનાદિક ચલ મલ હુવા રે, ભોગત બહુવિધ ક્લેશ ॥ જગત૦ ॥૮॥
જ્ઞાનસુધારસ પાનથી રે, સકલ વિકલ્પ વિલાય ॥
દ્રઢ સમતા સમભાવમાં રે, અષ્ટ કરમ ક્ષય થાય ॥ જગત૦ ॥૯॥
જ્ઞાન દર્શનાવરણની રે, વેદની ને અંતરાય ॥
તિસ કોડાકોડી સાગરૂ રે, સ્થિતિ કહી જિનરાય ॥ જગત૦ ॥૧૦॥
સિત્તેર કોડાકોડી મોહની રે, તેત્રિશ સાગર આય ॥
નામ ગોત્ર દોય જાણિએ રે, વીશ કોડાકોડી થાય ॥ જગત૦ ॥૧૧॥
એ ઉક્કોસ થિતિ કહી રે, વેદની મુહૂરત બાર ॥
નામ ગોત્ર અડ મુહૂર્ત્તની રે, જઘન્ય સ્થિતિ મન ધાર ॥ જગત૦ ॥૧૨॥
પંચ કર્મ અંતર્મુહૂર્ત્તની રે, જઘન્ય સ્થિતિ કહી એહ ॥
શુદ્ધ સ્વભાવાચરણથી રે, સ્થિતિ રસ છેદો એહ ॥ જગત૦ ॥૧૩॥
મોહની કર્મ તણી સ્થિતિ રે, સામાન્યે કહિ જેહ ॥
સિત્તેર કોડાકોડી સાગરૂ રે, કહું વિશેષે તેહ ॥ જગત૦ ॥૧૪॥
ચાલિશ કોડાકોડી સાગરૂ રે, સ્થિતિ છે સોલ કષાય ॥
પુરુષ હાસ્ય રતિ તીનની રે, દશ કોડાકોડી થાય ॥ જગત૦ ॥૧૫॥
ભય શોગ અરતિ તથા રે, દુગંચ્છા નપુવેદ ॥
વિશ કોડાકોડી સાગરૂ રે, ઉક્કોસ સ્થિતિનો ભેદ ॥ જગત૦ ॥૧૬॥
પંદર કોડાકોડી સાગરૂ રે, નારિવેદ સ્થિતિ હોય ॥
મિથ્યામોહ તણી કહી રે, સિત્તેર કોડાકોડી જોય ॥ જગત૦ ॥૧૭॥
સમકિત મિશ્રમોહની તણો રે, હોય ન બંધ કદાય ॥
મિશ્રમોહની ઉદય તો રે, અંતર્મુહૂર્ત થાય ॥ જગત૦ ॥૧૮॥

સાધિક છાસઠ સાગરૂ રે, ઉદય સમકિતમોહ ॥
નિશ્ચય આતમ ધ્યાવતાં રે, મોહની હોય વિછોહ ॥ જગત૦ ॥ ૧૯॥
ઘનઘાતી ચઉ કર્મનો રે, અશુભ કટુક અનુભાગ ॥
ચાર અઘાતીનો કહ્યો રે, શુભ અશુભ રસ લાગ ॥ જગત૦ ॥૨૦॥
મતિ શ્રુત અવધિ મન તથા રે, નિરમલ કેવલનાણ ॥
પંચ પ્રકાર છે જ્ઞાનના રે, તિન વિપરીત અનાણ ॥ જગત૦ ॥૨૧॥
ચક્ષુ અચક્ષુ ઓહિને રે, કેવલદરશન હોય ॥
નિદ્રા નિદ્રાનિદ્રા કહી રે, ત્રીજી પ્રચલા જોય ॥ જગત૦ ॥૨૨॥
પ્રચલાપ્રચલા ચોથી કહી રે, થીણદ્ધિ પંચમિ જાણ ॥
સહુ મલિ દરશનાવરણના રે, એ નવ ભેદ પ્રમાણ ॥ જગત૦ ॥૨૩॥
શાતા અશાતા વેદની રે, મોહનિ દોય પ્રકાર ॥
પણવીશ ચારિત્ર મોહની રે, દરશનમોહ ત્રય ધાર ॥ જગત૦ ॥૨૪॥
કષાયમોહની સોલ છે રે, નોકષાય નવ જાણ ॥
નરક તિરિય મનુ દેવનું રે, આયુ ચાર પ્રમાણ ॥ જગત૦ ॥૨૫॥
પિંડ પ્રકૃતી ચૌદના રે, પાંસઠ ભેદ તે થાય ॥
ત્રસ થાવર દશ દશ મલે રે, વીશ ભેદ ચિત્ત લાય ॥ જગત૦ ॥૨૬॥
પ્રત્યેક પ્રકૃતી આઠ છે રે, સવિ મલિ ત્રાણું થાય ॥
ઊંચ નીચ દોય ગોત્ર છે રે, દાનાદિ પણ અંતરાય ॥ જગત૦ ॥૨૭॥
દ્રવ્યથી પુદ્ગલ વર્ગણા રે, બંધે જીવ પ્રદેશ ॥
ભાવે અશુદ્ધ ઉપયોગમાં રે, રાગાદિ દોષ વિશેષ ॥ જગત૦ ॥૨૮॥
જીવ પ્રદેશ અસંખ્યમાં રે, પ્રતિપ્રદેશે જાણ ॥
પુદ્ગલ વર્ગણા જાણિએ રે, અનંતાનંત પ્રમાણ ॥ જગત૦ ॥૨૯॥
અજ્ઞાનાદિ ટેવ જે રે, તેહ પ્રકૃતિ નામ ॥
એમ આઠે કમ્મપયડિનો રે, જથાવત પ્રકૃતી નામ ॥ જગત૦ ॥૩૦॥
સમ્યક ચરણ રમણ કરી રે, છેદિ કરમનું મૂલ ॥
શિવસંપતિ મનસુખ લહે રે, સહજાતમ અનુકૂલ ॥ જગત૦ ॥૩૧॥

## ॥ દોહરા ॥

કહ્યો કર્મ અધિકાર એ, વલિ કહું કાંઈ વિશેષ ॥
આતમ શક્તિ ફોરવી, નિજ ધન લહો અશેષ ॥૧॥
સમિતિ ગુપ્તિ આદિ કહું, સંવરનો અધિકાર ॥
જે સેવે મુનિવર સદા, પામે ભવજલ પાર ॥૨॥

## ॥ ઢાલ (૨૦) વીશમી (પ્રવચનમાતાવિચાર)

**॥ પ્રથમ જિનેશ્વર પ્રણમીએ ॥ એ દેશી ॥**

આહાર નિહાર વિહારને, અરથે મુનિવર જાય ॥
હાથ સાડાતીન માંહિ આલોકી આગે ચલે, જેમ જંતૂ ન હણાય ॥૧॥
આડુ અવલું દેખે નહીં, મનમાં ભ્રાંતિ ન કોય ॥
નહિ ચિત્ત રાગ વિરોધ બોધ સુતનો સદા, જેમ સંજમ દ્રઢ હોય ॥૨॥
ભાષા બોલે વિચારીને, રાખી શ્રી જિન આણ ॥
અલિક વચન નવિ બોલે ક્રોધાદિક વશ થઈ, એવા હોય સુજાણ ॥૩॥
દોષ બેતાલીશ ટાલીને, આહારાદિ લીયે શુદ્ધ ॥
લેત આહાર ચઉ દોષ તજી છૈયાલિશ ઈમ, રાખે સંજમ બુદ્ધ ॥૪॥
સંજમ ઉપકરણો સવે, જોઇ પ્રમાર્જી વિશેષ ॥
લેવે મૂકે અભ્રાંત પ્રાણિની હાણી નહીં, કોઇ પ્રકારે લેશ ॥૫॥
પરઠવણા મલ મૂત્રની, વલિ આહારાદિક કાંય ॥
હાણ જંતુની હોય ન એમ સંભાલતા, ઉપયોગી ચિત્ત માંય ॥૬॥
સમ્યક સમિતિ પંચ એ, રાખે મુનિવર શુદ્ધ ॥
સંજમ કારણ દેહ નેહ વિણ સાચવે, વરતે ન જીવ વિરૂદ્ધ ॥૭॥
મન વચ કાય ત્રિયોગની, વારિ ચપલતા દૂર ॥
ગુપ્ત રાખે સંજમમાં ચરણ થીરતા વધે, અનુભવ રસ ભરપૂર ॥૮॥
વિકલપ તજી સમભાવમાં, ધ્યાન શુકલ દ્રઢ ધીર ॥
ધ્યાતાં દ્રવ્ય પ્રજાય અભેદ શુદ્ધાત્મથી, મનસુખ લહે ભવતીર ॥૯॥

## ॥ ઢાલ (૨૧) એકવીશમી (પરિસહવિચાર-૧)

### ॥ વેદની કર્મના અગિઆર પરિસહ વિષે ॥

### હું વારી ધના તુજ જાણ ન દેશ ॥ એ રાગ ॥

હું અવિનાશી આતમા રે અપ્પા, અમર અજર નિદ્ર્વંદ,
હું નિરભય એક ચેતના રે અપ્પા,
અક્ષય જ્ઞાનાનંદ સુજ્ઞાની અપ્પા ધારો સહજ વિવેક,
જ્ઞાનાનંદમય છેક ॥ સુજ્ઞાની૦ ॥ એ આંકણી૦ ॥૧॥
[૧]ક્ષુધાવંત તે દેહ છે રે અપ્પા, દેહથી ભિન્ન હું છેક ॥
અક્ષુધિત ગુણમય સદા રે અપ્પા, એ મુજ ટેક વિવેક ॥ સુજ્ઞાની૦ ॥૨॥
જ્ઞાનામૃત રસ તૃપ્ત તું રે અપ્પા, [૨]તૃષાવંત છે દેહ ॥
મ્હારું ન વિણસે તેહથી રે અપ્પા, હું શાંતિ રસ ગેહ ॥ સુજ્ઞાની૦ ॥૩॥
જ્ઞાનાનંદ રસે ભર્યો રે અપ્પા, તૃષાતુરતા નવિ હોય ॥
તૃષા લગી જે દેહમાં રે અપ્પા, દેહ ન મ્હારી કોય ॥ સુજ્ઞાની૦ ॥૪॥
ફરસ રહિત હું આતમા રે અપ્પા, [૩]કિમ કરિ ફરસે શીત ॥
ફરસ વિના નિરભય સદા રે અપ્પા, [૪]ઉષ્ણ તણી નહીં ભીત ॥
સુજ્ઞાની૦ ॥૫॥
વજ્રમયી મુજ અંગ છે રે અપ્પા, શુદ્ધ અસંખ્ય પ્રદેશ ॥
[૫]દંશ મશક આદિ તણા રે અપ્પા, ડંખ ન હોય પ્રવેશ ॥ સુજ્ઞાની૦ ॥૬॥
મુજ જ્ઞાયકતામાં વસે રે અપ્પા, લોકાલોક અનંત ॥
દેહ ઉદય જે વિચરવું રે અપ્પા, [૬]ચર્યા દૂઃખ ન સંત ॥ સુજ્ઞાની૦ ॥૭॥
થાકે દૂઃખે દેહ તે રે અપ્પા, મેં જાણ્યો તસુ મર્મ ॥
પર પરિણતિ માહરી નહિ રે અપ્પા, મેં લહ્યો આતમ ધર્મ ॥
સુજ્ઞાની૦ ॥૮॥
મમતા મુજ એહની નહિ રે અપ્પા, મેં ત્યાગ્યો પર ગર્વ ॥
પુદ્ગલ ગુણ પરજાયનું રે અપ્પા, કામ ન વંછૂ સર્વ ॥ સુજ્ઞાની૦ ॥૯॥

સંજમ કાજ વિહાર છે રે અપ્પા, પર ચિંતા નહિ મુજ ॥
દેહ ખેદથી જે બિહે રે અપ્પા, તે તો જાણ અબૂજ ॥ સુજ્ઞાની૦ ॥૧૦॥
આતમ દ્રવ્યાદિ ચઉ રે અપ્પા, [૭]શય્યા માહરે એહ ॥
પુદ્‌ગલ શય્યા દેહની રે અપ્પા, ત્યાં માહરે શ્યો નેહ ॥
સુજ્ઞાની૦ ॥૧૧॥
તન દૂઃખે મુજ દુઃખ નહીં રે અપ્પા, હું જાણું તે સર્વ ॥
જેહ દુઃખ કાંઈ અન્યને રે અપ્પા, નહિ મુજ એહનો ગર્વ ॥
સુજ્ઞાની૦ ॥૧૨॥
[૮]જિહાં તનુ ત્યાં મલ ઉપજે રે અપ્પા, દેહથી ભિન્ન હું એક ॥
જ્ઞાયક રૂપી હું સદા રે અપ્પા, મલ દુઃખ મુજ નહિ છેક ॥
સુજ્ઞાની૦ ॥૧૩॥
અભેદી અછેદી છું રે અપ્પા, [૯]વધબંધન મુજ નાંહિ ॥
તાડન તર્જન દેહને રે અપ્પા, અવિનાશી પદ મુજ માંહિ ॥
સુજ્ઞાની૦ ॥૧૪॥
[૧૦]રોગ રહિત હું આતમા રે અપ્પા, રોગી હોય તે દેહ ॥
દરશન જ્ઞાન ચરણમયી રે અપ્પા, હું નિરોગ ગુણગેહ ॥
સુજ્ઞાની૦ ॥૧૫॥
ફરસ રહિત મુજ અંગને રે અપ્પા, નહિ [૧૧]તૃણાદિકફાસ ॥
ગુણ અનંતમય હું સદા રે અપ્પા, મેં લહ્યો જ્ઞાન વિલાસ ॥
સુજ્ઞાની૦ ॥૧૬॥
વેદનીકર્મ ઉદય કહ્યા રે અપ્પા, પરિસહ એ અગિયાર ॥
પણ નહિ આતમ અંગમા રે અપ્પા, પરિસહનો પ્રચાર ॥
સુજ્ઞાની૦ ॥૧૭॥
તજિ મમતા જેણે દેહની રે અપ્પા, તસ નહિ પરિસહ તાપ ॥
જ્ઞાન ચરણમાં મગ્નતા રે અપ્પા, રહે અખંડિત આપ ॥
સુજ્ઞાની૦ ॥૧૮॥

એ પરિસહ અગિઆર તો રે અપ્પા, જિનવરને પણ હોય ॥
પણ નહિ મોહનીકર્મ છે રે અપ્પા, વેદક ભાવ ન કોય ॥
સુજ્ઞાની૦ ॥૧૯॥
ભાવવેદના વિણ કદા રે અપ્પા, કરવા પરિસહ દૂર ॥
કબહુ ન ઇચ્છે ચિત્તમાં રે અપ્પા, સંજમ રસ ભરપૂર ॥ સુજ્ઞાની૦ ॥૨૦॥
પરિસહ દુર કરવા કદા રે અપ્પા, શ્યાને વંછે તેહ ॥
જ્ઞાન ચરણ ધન મગ્નતા રે અપ્પા, વિલસે મુનિ ગુણગેહ ॥
સુજ્ઞાની૦ ॥૨૧॥
અચલ અકંપ સદા રહે રે અપ્પા, ધીર વીર ધરિ ધ્યાન ॥
મનસુખ શિવસંગે લહો રે અપ્પા, શાશ્વત સુખ સુજાણ ॥
સુજ્ઞાની૦ ॥૨૨॥

## ઢાલ (૨૨) બાવીશમી (પરીસહવિચાર-૨)

**॥ અનિહાં રે દરશન દીપક નિરમલો રે ॥ એ રાગ ॥**

અનિહાં રે સંવર અંબરમાં રહ્યો રે, નવિ દેખે મુજને કોય ॥
જે દેખાય તે દેહ છે રે, મુજથી તેહ ભિન્નજ હોય ॥
મોહનિ મૂલ ઉછેદિએ રે, થઇ નિર્મોહી નિરમાય,
સંજમ શ્રેણિ નિહાલતાં રે, શિવ સંપત્તિ સહજ લહાય ॥ મોહનિ૦ ॥
એ આંકણી ॥
અનિહાં રે દેહ ઢાંકવા કારણે રે, [૧]નહિ મુજ વસ્ત્રનું કામ ॥
જ્ઞાન સ્વરૂપી હું આતમા રે, નિજ પદ ગુપ્તારામ ॥ મોહનિ૦ ॥૨॥
અનિહાં રે કામ વિકાર તનમાં રહ્યો રે, હું નિઃકામી નિઃશંક ॥
કામભોગ મમતા કરે રે, તે નર અવિવેકી રંક ॥ મોહનિ૦ ॥૩॥
અનિહાં રે [૨]હાવ ભાવ નારિ તણા રે, દેખી ચિત્ત ચલે અજાણ ॥
હું કામી શિવમાર્ગનો રે, શુદ્ધન નિજ ગુણ કામ અમાન ॥
મોહનિ૦ ॥૪॥

અનિહાં રે [3]રતિ અરતિ તે પુદ્ગલ વિષે રે, કરે અજ્ઞાની જીવ ॥
નવ નવ પજ્જવ ઉપજે રે, વલી વ્યય હોય સદીવ ॥ મોહનિ૦ ॥૫॥
અનિહાં રે નિશ્ચય ધ્રુવ અવિનાશિ છું રે, જ્ઞાયક રૂપ એક ત્રિકાલ ॥
રતિઅરતિ નહીં મુજને રે, પુદ્ગલ પરજાય નિહાલ ॥ મોહનિ૦ ॥૬॥
અનિહાં રે કઠિણ વચન કહે કોઇ કદા રે, કરવો ન ઘટે [4]આક્રોશ ॥
છોડ્યા રાગ વીરોધને રે, તો મુજ કિણ વાતે રોષ ॥ મોહનિ૦ ॥૭॥
અનિહાં રે વચન તે સર્વ પુદ્ગલ દશા રે, વચન મુજ ફરસે ન કોય ॥
વચન અગોચર આતમા રે, વચન દુઃખ મુજ નવિ હોય ॥
મોહનિ૦ ॥૮॥
અનિહાં રે આહારાદિ સંજમ અર્થથી રે, [5]જાચું છું હું તજિ માન ॥
વિણ સંજમ કાલ અનંતથી રે, બહુવિધ પામ્યો અપમાન ॥
મોહનિ૦ ॥૯॥
અનિહાં રે [6]જિન જેહ ભાવ નિષેધિયા રે, તે આદરું નહિ કોઈ વાર ॥
કાઉસ્સગ ધ્યાનમાં થિર રહ્યો રે, હું ન ચલું ભયથી લગાર ॥
મોહનિ૦ ॥૧૦॥
અનિહાં રે વસતિ આદિ જે જે નિષેધિયું રે, નવિ આદરું કોઈ પ્રકાર ॥
હું નિશંકિત ચેતના રે, અક્ષય નિર્ભય સુખકાર ॥ મોહનિ૦ ॥૧૧॥
અનિહાં રે [7]કરે સત્કાર કોઈ મુનિ તણો રે, મુનિ ન કરે લોભ લગાર ॥
ચેતનતા સહુ જીવની રે, સરખી સંગ્રહનય ધાર ॥ મોહનિ૦ ॥૧૨॥
અનિહાં રે સાત પરિસહ ચારિતમોહથી રે, દર્શનમોહનિથી એક ॥
શંકા કંખા જિન વચનમાં રે, ટાલી રાખો દરશ વિવેક ॥
મોહનિ૦ ॥૧૩॥
અનિહાં રે આહારાદિક અણલાભતા રે, જાણે પુરવ ફલ અંતરાય ॥
ભાવલબ્ધિ દાનાદિક ભાવતો રે, રહે નિજગુણ મગ્ન સદાય ॥
મોહનિ૦ ॥૧૪॥

અનિહાં રે [1]તનુપ્રજ્ઞા હોય કોઈને રે, મનમાં નવિ માને ખેદ ॥
ધૈર્ય ધરી સુત સાધવા રે, ધારે મન અધિક ઉમેદ ॥ મોહનિ૦ ॥૧૫॥
અનિહાં રે જ્ઞાનાવરણ ઉદયે હોવે રે, [2]અજ્ઞાન વિવિધ પ્રકાર ॥
ખેદ રહિત નિત આદરે રે, વિનય વૈયાવચ્ચ ઉદાર ॥ મોહનિ૦ ॥૧૬॥
અનિહાં રે ગુરુ સુત આદિ નિત સેવતાં રે, તન્મય રાખિ શ્રુતધ્યાન ॥
પ્રગટે જ્ઞાનાદિક ગુણ સવે રે, નિરમલ થિર અચલ અમાન ॥
મોહનિ૦ ॥૧૭॥
અનિહાં રે જ્ઞાનાદિ નિજ ગુણ ઉપયોગમાં રે, રહે અચલ ધરિ દ્રઢભાવ ॥
પરિસહ તાપ તેહને નહિ રે, પ્રગટે શુદ્ધ આત્મ સ્વભાવ ॥
મોહનિ૦ ॥૧૮॥
અનિહાં રે ધીર વીર થઈ શિવપદ સાધશે રે, લહિ શ્રુત સિદ્ધાંતનો સાર ॥
મનસુખ શિવ કમલા વરે રે, કરશે ભવજલ-દધિ પાર ॥
મોહનિ૦ ॥૧૯॥

## ॥ ઢાલ ॥ (૨૩) ત્રેવીશમી (યતિધર્મવિચાર)

**॥ નયરી મહાનકુંડમાં વસે રે, મહારિદ્ધિ રિખવદત્ત નામ રે ॥ એ રાગ ॥**

પરમ ક્ષમાગુણ આદરો રે મુનિ, શ્રી જિનશાસન સાર ॥ દ્રવ્ય ભાવ ક્ષમા ધરિ રે મુનિ, લહિયે ભવજલ પાર હો મુનિ લહિયે ભવજલ પાર ॥૧॥

અપરાધીશું પણ કદા રે મુનિ, કોપ ન કીજે લેશ ॥ પરપરિણતિ મમતા તજિ રે મુનિ, તજિ મદ માન આવેશ હો મુનિ તજિ૦ ॥૨॥

વિનય કરી ગુણવંતનો રે મુનિ, લહિયે જ્ઞાન અત્યંત ॥ પૂર્ણાતમ ગુણ પ્રગટશે રે મુનિ, નિરમલ શક્તિ અનંત હો મુનિ નિરમલ૦ ॥૩॥

મન વચ કાયની વક્રતા રે મુનિ, ન કરો કપટ કદાય ॥ માયા ત્યાગથી પ્રગટશે રે મુનિ, સમસુખ અચલ અમાય ॥ હો મુનિ સમસુખ૦ ॥૪॥

સમદરશી સમભાષીને રે મુનિ, જગત જીવ હોય મીત ॥

નિરભય નિરાકુલ સદા રે મુનિ, નહિ કોઈની હોય ભીત ।। હો મુનિ નહિ૦ ।।૫।।

ધન વિષય સ્ત્રી આદિનો રે મુનિ, લોભ ન કીજે લેશ ।। તજિ સ્પૃહા પુદ્ગલ તણિ રે મુનિ, રાખો સંજમ અશેષ ।। હો મુનિ રાખો૦ ।।૬।।

ઇચ્છા મૂર્છા કામના રે મુનિ, નહિ પુદ્ગલની જાસ ।। નિરાલંબ નિરલોભતા રે મુનિ, તોડે કર્મના પાસ ।। હો મુનિ તોડે૦ ।।૭।।

દરશન જ્ઞાન ચરણ ગુણે રે મુનિ, તૃપ્ત રહો નિશદીશ ।। વિષય વિકાર ઇહા તજો રે મુનિ, પ્રગટે આત્મ જગીશ ।। હો મુનિ પ્રગટે૦ ।।૮।।

ખટ ખટ બાહ્ય અભ્યંતરે રે મુનિ, તપ તપિ સાધો સિદ્ધિ ।। ઇચ્છા નિરોધે તપ કરિ રે મુનિ, લહિયે નિત નવ નિધિ ।। હો મુનિ લહિયે૦ ।।૯।।

પણ પણ વિષય અવ્રત તજિ રે મુનિ, હણિયે ચાર કષાય ।। મન વચ કાયા થિર કરિ રે મુનિ, નિરમલ સંજમ પાય ।। હો મુનિ નિરમલ૦ ।।૧૦।।

દ્રવ્ય ભાવ મૃષા તજિ રે મુનિ, નિજ પર તત્ત્વ સુજ્ઞાન ।। દ્રવ્યાદિક લખી રાખિએ રે મુનિ, સત્યપણું સુખખાણ ।। હો મુનિ સત્ય૦ ।।૧૧।।

રાગદ્વેષ આદિ સવે રે મુનિ, દોષ તજી નિરમાય ।। શૌચ રહો નિજ રૂપમાં રે મુનિ, નિજઘર મંગલ થાય ।। હો મુનિ નિજ૦ ।।૧૨।।

કંચન તૃણ તૂષ આદિ છે રે મુનિ, પુદ્ગલ વસ્તુ જેહ ।। મુનિ પરિગ્રહ રાખે નહિ રે મુનિ, અકિંચન ગુણ ગેહ ।। હો મુનિ અકિંચન૦ ।।૧૩।।

સહસ્ર અઠદશ ભેદથી રે મુનિ, તજિએ સર્વ અબ્રહ્મ ।। અઢાર હજાર શિલાંગથી રે મુનિ, સેવો પૂરણ બ્રહ્મ ।। હો મુનિ સેવો૦ ।।૧૪।।

દશ યતિધર્મ આરાધીને રે મુનિ, રત્નત્રયી કરિ શુદ્ધ ।।

શિવસુંદરિ મનસુખ વરે રે મુનિ, જગત જંતુ અવિરુદ્ધ ।। હો મુનિ જગત૦ ।।૧૫।।

## ।। ઢાલ (૨૪) ચોવીશમી (ભાવનાવિચાર)

### ।। ઇણિ પેરે ચંચલ આઉખું જીવ જાગો રે ।। એ રાગ ।।

જે જે પુદ્‍ગલ પજ્જવા ।। તુમ જાણો રે ।।
તે સવિ જાણ અનીત ।। તજો દુરધ્યાનો રે ।।
વિણસે ઉપજે ખિણખિણે ।। તુમ૦ ।। તેહશું કેસી પ્રીત ।।
તજો૦ ।।૧।।

ગમતા અણગમતા ક્ષિણક્ષિણે ।। તુમ૦ ।। પુદ્‍ગલ સવિ પરતંત્ર ।।
તજો૦ ।। શ્રમ કરિ રાખ્યા નવિ રહે ।। તુમ૦ ।। તે કેમ ચાહે સંત ।।
તજો૦ ।।૨।।

દેહ ત્રિયાદિક વસ્તુનો ।। તુમ૦ ।। બહુવિધ પરિગ્રહ જેહ ।। તજો૦ ।।
તસુ અધિકારી ન આતમા ।। તુમ૦ ।। તો કિમ કીજે નેહ ।। તજો૦ ।।૩।।
જ્ઞાનાદિક નિજ ગુણ તણો ।। તુમ૦ ।। છે અધિકારી આત્મ ।। તજો૦ ।।
નિજ અધિકાર ન સુંપીએ ।। તુમ૦ ।। વયરી જેહ અનાત્મ ।। તજો૦ ।।૪।।
શરણ નહીં સંસારમાં ।। તુમ૦ ।। ચરણ વિના કોઇ ઓર ।। તજો૦ ।।
સદ્‍ગુરુ પણ વ્યવહારથી ।। તુમ૦ ।। જીવ શરણનો ઠોર ।। તજો૦ ।।૫।।
મરણ કષ્ટ આદિક થકી ।। તુમ૦ ।। વલિ નરકાદિક દુઃખ ।। તજો૦ ।।
એહથી રાખી કોણ દિએ ।। તુમ૦ ।। શુદ્ધાતમ થિર સુખ ।। તજો૦ ।।૬।।
ઘર ધન સ્ત્રી આદિક તણો ।। તુમ૦ ।। રાગ ન કીજે લેશ ।। તજો૦ ।।
પુદ્‍ગલ રાગ તજે થકે ।। તુમ૦ ।। લેશ ન હોય કલેશ ।। તજો૦ ।।૭।।
સંસરતાં સંસારમાં ।। તુમ૦ ।। કર્યા અનેક સંબંધ ।। તજો૦ ।।
પત્ની પુત્ર પણ થઈ ।। તુમ૦ ।। પુત્રી પત્ની સંબંધ ।। તજો૦ ।।૮।।
ભજ્જા તે ભગિની થઈ ।। તુમ૦ ।। ભગિની ભજ્જા હોય ।। તજો૦ ।।
મિત્ર શત્રુ પણ હોય છે ।। તુમ૦ ।। શત્રુ મિત્ર તું જોય ।। તજો૦ ।।૯।।

દાસ હોય છે શેઠનો ॥ તુમ૦ ॥ દાસ શેઠપણું પાય ॥ તજો૦ ॥
એમ અનેક સંબંધમાં તુમ૦ ॥ કિણ પર રાગ કરાય ॥ તજો૦ ॥૧૦॥
સુખ દુઃખ ભોગે એકલો॥ તુમ૦ ॥ જન્મ મરણ કરે એક ॥ તજો૦ ॥
નરક નિગોદમાં એકલો ॥ તુમ૦ ॥ સિદ્ધિ લહે નિજ એક ॥
તજો૦ ॥૧૧॥
દરશન જ્ઞાન પોતે લહે ॥ તુમ૦ ॥ ચરણ લહે નિજ એક ॥ તજો૦ ॥
રાગ તજો પરપદ તણો ॥ તુમ૦ ॥ રાખો એક વિવેક ॥ તજો૦ ॥૧૨॥
જીવથી ભિન્ન શરીર છે ॥ તુમ૦ ॥ ધન કુટુંબ પરિવાર ॥ તજો૦ ॥
પરસંજોગ વિજોગનો ॥ તુમ૦ ॥ કારણ નિશ્ચય ધાર ॥ તજો૦ ॥૧૩॥
અન્યત્વ ભાવના ભાવતાં ॥ તુમ૦ ॥ નાશે રાગ વિરોધ ॥ તજો૦ ॥
આતમતા આતમ લહે ॥ તુમ૦ ॥ પ્રગટે નિરમલ બોધ ॥ તજો૦ ॥૧૪॥
મલમૂત્રાદિક બહુવિધે ॥ તુમ૦ ॥ રોગ અનેકની ખાણ ॥ તજો૦ ॥
દુર્ગંધી વહેતી સદા ॥ તુમ૦ ॥ દેહ છે એહ નિદાન ॥ તજો૦ ॥૧૫॥
સાત ધાતુ સપ્ત મલ ભરી ॥ તુમ૦ ॥ પુરણ અશુચીગેહ ॥ તજો૦ ॥
દુઃખદાયક જાણી તજો ॥ તુમ૦ ॥ ચલમલ દેહનો સ્નેહ ॥ તજો૦ ॥૧૬॥
સમય સમય પરરમણથી ॥ તુમ૦ ॥ આસ્રવ દુવિધની આય ॥ તજો૦ ॥
શુદ્ધાતમ રમણે રમો ॥ તુમ૦ ॥ સંવર ધારી સદાય ॥ તજો૦ ॥૧૭॥
પુદ્ગલ ભોગ ઇહા તજી ॥ તુમ૦ ॥ લહિ શુદ્ધાતમ તૃપ્તિ ॥ તજો૦ ॥
કરિ નિર્જરા કર્મની ॥ તુમ૦ ॥ લઘુકાલે લહો મુક્તિ ॥ તજો૦ ॥૧૮॥
લોકાકાશ પ્રદેશમાં ॥ તુમ૦ ॥ વલિ વલિ ભટક્યો જીવ ॥ તજો૦ ॥
જન્મ મરણ બહુલાં કર્યાં ॥ તુમ૦ ॥ ભોગવ્યાં દુઃખ સદીવ ॥
તજો૦ ॥૧૯॥
ચઉ પુદ્ગલપરિઅટ્ટને ॥ તુમ૦ ॥ ગ્રહિયા પુદ્ગલ સર્વ ॥ તજો૦ ॥
છોડ્યા મરણાદિક કરી ॥ તુમ૦ ॥ રહ્યો નહિ તુજ ગર્વ ॥ તજો ॥૨૦॥
સમ્યકદર્શન દોહિલું ॥ તુમ૦ ॥ સલ્લભ ધન પરિવાર ॥ તજો૦ ॥
વિષયો દેવ મનુષ્યના ॥ તુમ૦ ॥ વિલસ્યા અનંતીવાર ॥ તજો૦ ॥૨૧॥

તો પણ તૃપ્તિ નવિ લહી ॥ તુમ૦ ॥ નરભવ પામ્યો આજ ॥ તજો૦ ॥
સમકિત ગુણ નિરમલ કરી ॥ તુમ૦ ॥ સાધો વંછિત કાજ ॥
તજો૦ ॥૨૨॥
ધર્મ પરમ અરિહંતનો ॥ તુમ૦ ॥ સાધો થઈ ઉજમાલ ॥ તજો૦ ॥
જ્ઞાન ચરણ નિર્મલ કરો ॥ તુમ૦ ॥ લહિયે ગુણમણિમાલ ॥
તજો૦ ॥૨૩॥
તજી શુભાશુભ કલ્પના ॥ તુમ૦ ॥ કરિ પરિણતિ ગુણ લીન ॥ તજો૦ ॥
મનસુખ શિવ શાશ્વત લહે ॥ તુમ૦ ॥ આતમ સંપત્તિ પીન ॥
તજો૦ ॥૨૪॥

## ઢાલ (૨૫) પચીશમી (ચારિત્રવિચાર)

**॥ પદ્મ પ્રભુ જિન તુજ મુજ આંતરૂ રે । એ રાગ ॥**

મન વચ કાયા થિર કરી રે, તજિ સાવદ્ય દુવીધ ॥
દરશન જ્ઞાન આરાધતાં રે, સામાઈક હોય સિદ્ધ ॥
ચરણ આરાધિએ રે, તજિ પર પરિણતિ ચાલ, શિવસુખ સાધિએ રે ॥
એ આંકણી ॥૧॥
રાગ દ્વેષ તજિ આતમા રે, આતમ ભાવે લીન ॥
દ્રઢ થિરતા શુદ્ધ ભાવમાં રે, અનુભવ અમૃત પીન ॥ ચરણ૦ ॥૨॥
શુભાશુભ તજિ કલ્પના રે, નિર્વિકલ્પ એક રૂપ ॥
રમ્ય રમણ શુદ્ધાત્મમાં રે, નિશ્ચય ચરણ અનૂપ ॥ ચરણ૦ ॥૩॥
પ્રમાદ વશ હુઆ દોષ જે રે, છેદિ ચરણ કરિ શુદ્ધ ॥
છેદોપસ્થાપન ધારિયે રે, દ્વિતીય ચરણ થિર બુદ્ધ ॥ ચરણ૦ ॥૪॥
તજિ હિંસા તપસ્યા કરે રે, વિનય ને સુત અભ્યાસ ॥
ચરણપ્રજાય વિશોધતાં રે, પરિહારવિશુદ્ધિ વિલાસ ॥ ચરણ૦ ॥૫॥
કરિ કષાયને પાતલા રે, રહ્યો કછુ સૂક્ષમ લોભ ॥
રમણ શુધાતમ એકતા રે, કરે મુની થિર થોભ ॥ ચરણ૦ ॥૬॥

જિહાં સૂક્ષ્મ સંપરાય છે રે, વરતે દશમ ગુણઠાણ ॥
થિરતા આત્મ સ્વભાવમાં રે, શુકલ પ્રથમ શુભધ્યાન ॥ ચરણ૦ ॥૭॥
સવિ કષાય ઉપશમ કરે રે, એકાદશમ ગુણઠાણ ॥
યથાખ્યાતઉપશમ ચરણ તે રે, શુકલ પ્રથમ પદ ધ્યાન ॥ ચરણ૦ ॥૮॥
પૂર્ણ કષાયના ક્ષય થકી રે, ચરણખાયક યથાખ્યાત ॥
બીજો પાયો શુકલનો રે, થિરતા અવ્યાઘાત ॥ ચરણ૦ ॥૯॥
બાર તેર ને ચૌદમે રે, ખાયકચરણ મહંત ॥
ઘાતીકર્મ ક્ષયે કરી રે, હોય સજોગિ ભગવંત ॥ ચરણ૦ ॥૧૦॥
અઘાતી ચઉ ક્ષય કરે રે, ચતુર્દશમ ગુણઠાણ ॥
શૈલેશી કરિ મુનિ લહે રે, શાશ્વત સુખ નિરવાણ ॥ ચરણ૦ ॥૧૧॥

## ॥ ઢાલ છવ્વીશમી (૨૬) (ગુણસ્થાનક + કાળવિચાર)

### વીર જિનેશ્વર વદન વચન આદર ભવિ પ્રાણી ॥ એ દેશી ॥

પ્રથમ હણ્યો મિથ્યાત વિમલ દર્શનપદ પાયો, મિથ્યા પ્રત્તિઓ બંધ હણી વિરતી ઘર આયો, અવિરતિ પ્રત્તિઓ બંધ હણી પરમાદ નશાવ્યો, લહિ સત્તમ ગુણઠાણ પ્રમાદનો બંધ ગમાવ્યો ॥૧॥

ક્ષય કરિ પૂર્ણ કષાય ચરણક્ષાયક થીર પાયો, લહિ બારમું ગુણઠાણ દર્શનાવરણ ખપાવ્યો ॥ જ્ઞાનને વીર્યાવરણ હણી મુનિ તેરમે આવે, ઘાતીકર્મ હણિ એમ અનંત ચતુક પદ પાવે ॥૨॥

કર્મ સત્તા હણિ જેહ તેહ ફરિ બંધ ન હોવે, કેવલદર્શનજ્ઞાન ત્રિલોક સમયમાં જોવે ॥ સ્વપર અનંત પ્રજાય સમય સમકાલે દેખે, સર્વે દ્રવ્ય ત્રિકાલ પ્રજાય સમયમાં અશેષે ॥૩॥

બંધના હેતૂ જેહ તેહ સઘલા ક્ષય કીધા, અયોગિ શૈલેશીકરણ કરી મુનિ સિદ્ધા બુદ્ધા ॥ પૂર્વ પ્રયોગ ગતિ પરિણામ બંધ છેદ અસંગ, સમય એકમાં ઉરધગતી સમ શ્રેણી અભંગ ॥૪॥

સિદ્ધિ લહિ સિદ્ધ ક્ષેત્ર વિષે રહ્યા સાદિ અનંત, પૂર્ણાનંદ વિલાસ

પરમપદ સહજ સ્વતંત ।। કર્મભૂમિના ઉપન્યા કર્મભૂમિમાં સિદ્ધે, કોઇક દેવના હરણથી અકમ્મભૂમે સિદ્ધે ।।પ।।

સુણજો કાલ વિચાર સાર જે છે તે દાખું, ઉત્સર્પિણી અવસર્પિણી કાલચક્ર તે ભાખું ।। વીશે કોડાકોડિનું દશ દશે કહિએ, અવસર્પિણી આરા ચાર ચાર ઉત્સર્પિણી લહીએ ।।૬।।

ચાર કોડાકોડી અવસર્પિણીનો પ્રથમ છે આરો, ત્રણ કોડાકોડિ બીજો ત્રીજો બે કોડાકોડિ ધારો ।। ચોથો એક કોડાકોડિસાગર ધર્મ પ્રવૃત્તિ, તીર્થપતી ચોવીશ તિહાં હોવે સિદ્ધિ નિવૃત્તિ ।।૭।।

ઉત્સર્પિણિનો એક કોડાકોડિ પ્રથમ છે આરો, તીર્થપતી ચોવીશ હોવે મોક્ષ માર્ગ સુધારો ।। ધર્મ પ્રવૃત્તે સાર સિદ્ધિપદ એહમાં લહિયે, બાકી કોડાકોડી અઢારમાં સિદ્ધિ ન કહિયે ।।૮।।

ઉત્સર્પિણિને બીજે તીજે ચોથે નવિ સિદ્ધે, અવસર્પિણિને પહેલે બીજે ત્રીજે નવિ સિદ્ધે ।। મૂલ છે આરા ચાર કલ્પના ખટખટ કીધા, દુષમ દુષમ વીચારિ ભેદ દોય અધિક પ્રસિદ્ધા ।।૯।।

ધર્મવિરહનો કાલ સદા એમ વર્ત્તે જોઈ, આદરિયે જિનધર્મ લહી અવસર દ્રઢ હોઈ ।। વ્યવહારે એહ ભેદ સિદ્ધે નિશ્ચયથી સકાલે, નિશ્ચે સિદ્ધિ સ્વક્ષેત્ર વ્યવહારે પરક્ષેત્રે નિહાલે ।।૧૦।।

મહાવિદેહ મોજાર ઉત્ અવસર્પિણી નાંહિ, વિજય એકસેંસાઠે સદા ભવિ સિદ્ધે તાંહિ ।। દ્રવ્ય ક્ષેત્ર સકાલ ભાવ નિજ રમ્યે રમિયે, મનસુખ શિવશું કેલ કરી ભવવન નવિ ભમિયે ।।૧૧।।

## ।। ઢાલ (૨૭) સત્તાવીશમી (સિદ્ધવિચાર)

### ।। શ્રી સુપાર્શ્વ જિન વંદીયે ।। એ દેશી ।।

નરગતિ પણિંદિ ત્રસ ભવ, સન્ની યથાખ્યાત ચરિત્ત લલના ।।
ખાયકસમકિતમાં લહે, સિદ્ધે જિન જગ મિત્ત લલના ।।
શિવરમણી રંગે રમો ।।૧।।

આખર અણાહારીપણું, કેવલદર્શન નાણ લલના ॥
એ નવ માર્ગણામાં લહે, શેષ નહીં નિરવાણ લલના ॥ શિવ૦ ॥૨॥
દ્રવ્યથી સિદ્ધ અનંત છે, લોક અસંખ્યમે ભાગ લલના ॥
એક જીવ વા સર્વને, લોકાંત સ્થિતિનો લાગ લલના ॥ શિવ૦ ॥૩॥
ક્ષેત્ર પ્રદેશથી ફરસના, અધિકી જાણો સાર લલના ॥
એક સિદ્ધ આશ્રિત કાલ છે, સાદિઅનંત અપાર લલના ॥ શિવ૦ ॥૪॥
સર્વે સિદ્ધ પડુચ્ચથી, કાલ અનાદિ અનંત લલના ॥
સિદ્ધપણાથી નવિ પડે, તેથી ન અંતર હુંત લલના ॥ શિવ૦ ॥૫॥
સર્વ સંસારી જીવથી, સિદ્ધ અનંતમે ભાગ લલના ॥
ખાયક પરિણામી ભાવમાં, જીવપણું ગત રાગ લલના ॥ શિવ૦ ॥૬॥
થોડા કૃત્રિમ નપુંસક, સંખ્યગુણી સ્ત્રી સિદ્ધ લલના ॥
તેહથી સંખ્યગુણ સદા, પૂરૂષ હોયે સિદ્ધ લલના ॥ શિવ૦ ॥૭॥
સિદ્ધે જિનપદ પામી, તે જિનસિદ્ધ કહાય લલના ॥
સિદ્ધ્યા પુંડરિક આદિ જે, અજિનસિદ્ધ સુખ પાય લલના ॥ શિવ૦ ॥૮॥
ગણધર આદિ સિદ્ધિયા, તીર્થસિદ્ધ કહ્યા તેહ લલના ॥
મરુદેવાદિક જાણીએ, અતિથ્થસિદ્ધ છે એહ લલના ॥ શિવ૦ ॥૯॥
ગૃહિલિંગે ભરતાદિ સિદ્ધિયા, વલ્કલચિરિય પરલીંગ લલના ॥
સાધુ સકલ જે સિદ્ધિયા, જાણો તેહ સ્વલીંગ લલના ॥૧૦॥
ચંદનાદિ સ્ત્રી સિદ્ધિયા, ગૌતમ આદિ પુલિંગ લલના ॥
ગાંગેય આદિ સિદ્ધિયા, કૃત્રિમ નપુંસક લિંગ લલના ॥ શિવ૦ ॥૧૧॥
કરકંડુ નમિ દુમ્મુહ આદિ, પ્રત્યેકબુદ્ધ સિદ્ધ જાણ લલના ॥
કારણથી પ્રતિબૂઝીઆ, શાસ્ત્રે એમ વખાણ લલના ॥ શિવ૦ ॥૧૨॥
સ્વયંબુધ કપિલાદિક, સિદ્ધયા જીવ અનેક લલના ॥
બુદ્ધબોહિ ગુરુ બોધથી, સિદ્ધયા રાખિ વિવેક લલના ॥ શિવ૦ ॥૧૩॥
એક સમય એક સિદ્ધિયા, વીરજિન આદિ અનેક લલના ॥
એક સમય બહુ સિદ્ધિયા, રિષભાદિ સુવિવેક લલના ॥ શિવ૦ ॥૧૪॥

નવમું ગુણઠાણું નવિ લહ્યું, નપુંસક ને નર નાર લલના ॥
લિંગ તીન એ ત્યાં લગે, આગે ન લિંગ વિચાર લલના ॥ શિવ૦ ॥૧૫॥
પૂર્વપડુચ્ચ તિન લિંગ છે, નવમે છેદે લિંગ લલના ॥
એ ત્રણ લિંગ રહિત થયા, સિદ્ધયા કહિએ અલિંગ લલના ॥૧૫॥
લિંગ ભેદ એ દ્રવ્યથી, ભાવથકી જિનલિંગ લલના ॥
સિદ્ધે જીવ અનંત એ, નવિ તિહાં લિંગને શીંગ લલના ॥ શિવ૦ ॥૧૭॥
સુત તત્ત સાર વિચાર એ, સદ્દહશે નર નાર લલના ॥
અર્દ્ધા પુદ્ગલ માંહી તે, લહેશે ભવદધિ પાર લલના ॥ શિવ૦ ॥૧૮॥
નિજ પર તત્ત્વ વિચારતાં, જાય વિભાવ બલાય લલના ॥
મનસુખ શિવસંગે રહે, સાદિ અનંત સદાય લલના ॥ શિવ૦ ॥૧૯॥

## ॥ ઢાલ (૨૮) અઠાવીશમી (ઉત્તમપુરુષવિચાર)

**॥ એસો કર્મ અતુલ બલવાન જગતકું પીડ રહ્યો ॥ એ દેશી ॥**

ઐસે ધીર વીર ગંભીર પરમપદ સિદ્ધ કિયા,
લહી આતમ તત્ત્વ અબાધ મોહમલ ચૂર દિયા ॥ એ આંકણી ॥
ભરતચક્રિ ખટખંડનો, રાજ ભોગ સુવિશાલ ॥
ભોગી ભાવી ખીણ એકમાં, અનિત્ય અશુચિ ગુણમાલ ॥
શ્રેણિ આરૂઢ ભયા ॥ એસે૦ ॥૧॥
લહિ કેવલ બહુ તારિયા, લખ પૂરવ લગે ક્ષેમ ॥
લહિ નિરવાણ સુખ શાશ્વતો, સાદિ અનંત થિર એમ ॥
સ્વગુણરસ લીન રહ્યા ॥ એસે૦ ॥૨॥
રિખવપ્રભુની નંદની, બાહ્મી સુંદરી દોય ॥
તપ ચરણ દ્રઢ આદરી, શિવપદ લહિ સુખિ હોય ॥
વિમલ સુખ ભોગી રહ્યા ॥ એસે૦ ॥૩॥
રિખવાદિક ચોવિશ જિના, રાજ સુભોગ ઉદાર ॥
ભોગી ચરણ ગ્રહી લહ્યું, કેવલજ્ઞાન શ્રીકાર ॥ પરમપદ સિદ્ધ કિયા ॥
એસે૦ ॥૪॥

તીરથ થાપી તારિયા, ગણધર મુની અનેક ॥
ચઉવિધ સંઘ ચલાવિયો, દાખી સ્વપર વિવેક ॥ પરમપદ સિદ્ધ કિયા ॥
એસે૦ ॥૫॥
વિચરી દેશ વિદેશણાં, તાર્યા બહુ નરનાર ॥
ધન્ય વાણી જિનવરતણી, ભવિ શિવસુખ આધાર ॥ પરમ૦ ॥
એસે૦ ॥૬॥
અન્યત્વ ભાવના ભાવતાં, મરુદેવા હુઆ સિદ્ધ ॥
નિરમલ નિજ નવનિધિ લહી, વિલસે અનંતી રિદ્ધ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૭॥
અયોધ્યા નગરે હુઆ, ચક્રી સગર નામ ॥
અજિત જિનેશ્વર સમયમાં, રાજભોગ સુખઠામ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૮॥
પુત્ર મરણ સુણી ઉપન્યો, અતિ સંવેગ વિરાગ ॥
અજિતનાથ સમીપે ગ્રહ્યું, ચરણ શરણ વડભાગ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૯॥
મમતા ત્યાગી મૂલગી, છેદ્યો મોહ ગયંદ ॥
આઠ કર્મદલ ક્ષય કરી, પામ્યા પરમાનંદ ॥ પરમ૦ ॥ એસે૦ ॥૧૦॥
સાવથ્થી નગરી ધણી, ચક્રી મઘવા નામ ॥
રમણી દેહ અનિત્ય લખી, લીનો સ્વગુણ વિરામ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૧૧॥
ચરણ રમણ દ્રઢ આદરી, પામ્યો ત્રીજું સર્ગ ॥
નરભવ લહિ શુદ્ધ ચરણથી, લહેશે પદ અપવર્ગ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૧૨॥
હસ્તિનાગપુર ઉપન્યા, ચક્રી સનતકુમાર ॥
ઇંદ્રે રૂપ વખાણિયું, જેનો અતુલ અપાર ॥ પરમ૦ ॥ એસે૦ ॥૧૩॥
અણસદહતો દેવ તિહાં, આવી નિરખ્યું રૂપ ॥
કોડાદિક અંતર લખી, ચેતાવ્યો તેણે ભૂપ ॥ પરમ૦ ॥ એસે૦ ॥૧૪॥

સંવેગ રંગ નરનાહને, વલિ ઉપન્યો વૈરાગ ॥
રંગે ચારિત્ર આદર્યું, તન મમતા કરિ ત્યાગ ॥ પરમ૦ ॥ એસે૦ ॥૧૫॥
તપ તપતાં લબ્ધિ ઘણી, ઉપની મુનિને તામ ॥
ઇંદ્રે ધૈર્ય વખાણિયું, આવ્યો દેવ તેણે ઠામ ॥ પરમ૦ ॥ એસે૦ ॥૧૬॥
કરું પરિક્ષા એહની, ઇમ ચિંતી મન માંહ્ય ॥
વૈદ્ય વૈદ્ય પોકારતો, આવ્યો મુનિ છે જ્યાંય ॥ પરમ૦ ॥ એસે૦ ॥૧૭॥
મુનિ કહે રોગિ તન મુજ નહીં, પણ છે રોગ વિભાવ ॥
તેહ મિટાવા શક્તિ તુજ, દિશે ન ઈસ્યો પ્રભાવ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૧૮॥
ઇમ કહિ થુંકથી આંગલી, કરિ ચોપડી કોઇ અંગ ॥
કોડ વરણ મટિને હુવો, નિરમલ કંચન રંગ ॥ પરમ૦ ॥ એસે૦ ॥૧૯॥
સ્પૃહા નહીં જસ દેહની, અવર સ્પૃહા નહિ તાસ ॥
ધૈર્યવંત મુનિ ધન્ય તે, વરતે જ્ઞાન વિલાસ ॥ પરમ૦ ॥ એસે૦ ॥૨૦॥
ધૈર્યવંત દેખી મુની, અતિ વિસ્મિત હુઓ દેવ ॥
વંદિ નમી મુનિરાજને, દેવ ગયો તતખેવ ॥ પરમ૦ ॥ એસે૦ ॥૨૧॥
ચરણ રમણ તપસ્યા કરીને, વિચરે આતમ ભાવ ॥
અંતે સંલેખન કરી, આયુ માસ રહ્યું જાવ ॥ પરમ૦ એસે ॥૨૨॥
સનતકુમારમાં ઉપન્યો, વિલસે દિવ્ય સુભોગ ॥
મહાવિદેહે સિદ્ધશે, ધારી સંયમ યોગ ॥ પરમ૦ ॥ એસે૦ ॥૨૩॥
શાન્તિ કુંથુ અર ચક્રિએ, ત્યાગિ સકલ ભવભોગ ॥
પરપરિણતિ મમતા તજી, લીના નિજ ગુણ ભોગ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૨૪॥
મહાપદ્મચક્રિ નવમ હુઓ, લહિ સંવેગ વિરાગ ॥
સંજમ સાધિ સુગતિ લહી, આણ્યો ભવજલ થાગ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૨૫॥
ચક્રિહરિષેણ કાંપિલપુરે, પુરવ પુણ્ય રિદ્ધિ ભોગ ॥
પામ્યો વિલસે સુખ ઘણું, એક દિન હુઓ ઉપયોગ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૨૬॥

એ સંસાર અસાર છે, અનિત્ય સજ્જન રિદ્ધિ સર્વ ॥
અશુચિ ભરી એહ દેહનો, કહો કીમ કીજે ગર્વ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૨૭॥
રંગે સંવેગે વધ્યો, લીધું ચરણ ઉદાર ॥ કેવલ લહિ મુક્તિ વરી,
પામ્યો ભવદધિ પાર ॥ પરમ૦ ॥ એસે૦ ॥૨૮॥
રાજગૃહીમાં ઉપન્યો, જયચક્રી ગુણવંત ॥
તૃપ્તિ ન દેખી ભોગથી, ચેત્યો તેહ મહંત ॥ પરમ૦ ॥ એસે૦ ॥૨૯॥
લહિ સમકિત સંજમ ગ્રહ્યું, ધીર વીર ગંભીર ॥
આઠ કરમ મલ ક્ષય કરી, પામ્યો ભવજલ તીર ॥ પરમ૦ ॥
એસે૦ ॥૩૦॥
અષ્ટમ સુભુમચક્રી થયો, કરિ અતિ રાજ્યનો લોભ ॥
સિંધુ ડુબી ગયો સાતમી, નરક જિહાં દુઃખ ક્ષોભ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૩૧॥
દ્વાદશમ ચક્રી હુઓ, બ્રહ્મદત્ત જસ નામ ॥ ભોગાતુરતા વશ પડ્યો,
ચિત્ત ન આવ્યું ઠામ ॥ પરમ૦ ॥ એસે૦ ॥ ૩૨॥
પૂર્વ મિત્ર મુનિ ઉપદિશ્યો, પણ નવિ બૂઝ્યો લેશ ॥
પહોંચ્યો સાતમી નરકમાં, ભોગે વિવિધ કલેશ ॥ પરમ૦ ॥
એસે૦ ॥૩૩॥
ગણધર વીર જિણંદના, વેદ વાદી અગીઆર ॥
માન ઠેલી મદ મ્હેલિને, આપ હુઆ અણગાર ॥ પરમ૦ ॥
એસે૦ ॥૩૪॥
વલિ પુંડરિકાદિક મલી, ચૌદશેં બાવન ધાર ॥
શ્રી જિનશાસન પ્રેરતા, કરતા બહુ ઉપકાર ॥ પરમ૦ ॥ એસે૦ ॥૩૫॥
ચોવિશ જિનના એ સવે, સિદ્ધયા પ્રાક્રમ ફોર ॥
સાદિઅનંતુ સુખ લહ્યું, મનસુખ શાશ્વત ઠોર ॥ પરમ ॥ એસે૦ ॥૩૬॥

## ॥ ઢાલ (૨૯) ઓગણત્રીશમી (મહામુનિવિચાર)

### ॥ કરાકન દરાખનરો ભાવે ॥ કરાકન૦ ॥ એ રાગ ॥

મોહમલ ખાયક કરિ ઝટકો રે ॥ મોહ૦ ॥
અષ્ટ કર્મ દલ ફોજ ધ્યાન થિર રાખીને પટકો ॥ એ આંકણી ॥
ચંપા નયર સોહામણું જીહો, શ્રેણિકરાય સુજાણ ॥
ધારણી દેવી તસ ઘરે જીહો, શીલરૂપ ગુણખાણ ॥ મોહ૦ ॥૧॥
તસ કૂખે અતિ પુણ્યથી જીહો, ઉપન્યો મેઘકુમાર ॥
જોબન વય પામી કરિ જીહો વિલસે ભોગ ઉદાર ॥ મોહ૦ ॥૨॥
વીરજિણંદ સમોસર્યા જીહો, ગુણશિલ ચૈત્ય મોજાર ॥
ચોત્રીશ અતિશય દીપતા જીહો, જગતજંતુ હિતકાર ॥ મોહ૦ ॥૩॥
દેશના સુણવા આવિયો જીહો, મેઘકુમર તેણિવાર ॥
વર્દ્ધમાન જિન ઉપદિશે જીહો, સુત ચરણ જગસાર ॥ મોહ૦ ॥૪॥
પંચાસ્રવ કરી જીવને જીહો, બંધે અડવિધ કર્મ ॥
ચઉગતિ ભવકંતારમાં જીહો, દુઃખ સહે વિણધર્મ ॥ મોહ૦ ॥૫॥
તજિ આસ્રવ સંવર ગ્રહે જીહો, સેવે કારણ તીન ॥
સમ્યક્દરશન જ્ઞાનને જીહો, ચરણ શુદ્ધાત્મ અભિન્ન ॥ મોહ૦ ॥૬॥
એ ત્રણ કારણ સેવતો જીહો, લહે જીવ નિરવાણ ॥
તે માટે નરભવ લહી જીહો, શ્રોતા થાઓ સુજાણ ॥ મોહ૦ ॥૭॥
ઇમ નિસુણી પ્રભુ દેશના જીહો, ચેત્યો મેઘકુમાર ॥
અનુજ્ઞા માત પિતા તણી જીહો, લેંઇ લીયો સંયમ ભાર ॥ મોહ૦ ॥૮॥
સંથારે સૂતે થકે જીહો, મુનિ પગ ફરસનું દુઃખ ॥
માની મનમાં ચિંતવે જીહો, મહેલ સમો કિહાં સુખ ॥ મોહ૦ ॥ ૯ ॥
પૂછી વીર જિણંદને જીહો, જાઇશ ઘર પરભાત ॥
નિજ ઘરમાં રહેતાં થકાં જીહો, હોય નહીં ઉપઘાત ॥ મોહ૦ ॥૧૦॥
સૂરજ ઊગે આવીને જીહો, વીરજિનને કહે એમ ॥
જો મુજને અનુજ્ઞા દીયો જીહો, તો ઘર જાઊં ક્ષેમ ॥ મોહ૦ ॥૧૧॥

વીર કહે મેઘા સુણો જીહો, પૂર્વે તું ગજ એક ॥
દાવાનલ વનમાં લગ્યો જીહો, દુખિયા જીવ અનેક ॥ મોહ૦ ॥૧૨॥
પગ ઉપાડિ ખણતાં થકાં જીહો, સસલો આવ્યો એક ॥
તુજ પગ સ્થાને તે રહ્યો જીહો, દયા રાખિ તેં વિવેક ॥ મોહ૦ ॥ ૧૩॥
ત્રણ દિનમાં દવ ઉપશમ્યો જીહો, ગયો સસલો નિજ થાન ॥
પણ તુજ પગ અટકી રહ્યો જીહો, પામ્યો દુઃખ અમાન ॥ મોહ૦ ॥૧૪॥
એમ કેઇ તીરગ ભવવિષે જીહો, રાખિ દયા તેં ધીર ॥
સાધુ ચરણથી દૂમણો જીહો, કેમ હુઓ તું અધીર ॥ મોહ૦ ॥૧૫॥
એમ જિન વચન સુણી લહ્યો જીહો, અતિ દ્રઢ ચિત્ત સંવેગ ॥
ચરણે થિર પરિણતિ કરી જીહો, રાખ્યો એક વિવેક ॥ મોહ૦ ॥૧૬॥
ગુણરત્નસંવત્સર આદરી જીહો, સંલેખન એક માસ ॥
પૂર્ણાયુ કરિ ઊપન્યો જીહો, વિજયવિમાને ખાસ ॥ મોહ૦ ॥૧૭॥
બત્રીશ સાગર આયુમાં જીહો, દિવ્ય ભોગ સુવિલાસ ॥
વિલસી પૂરણ આઉખે જીહો, મહાવિદેહ નર વાસ ॥ મોહ૦ ॥૧૮॥
ચરણ લહી તિહા સિદ્ધશે જીહો, મેઘકુમરનો જીવ ॥
આઠ કર્મમલ ક્ષય કરી જીહો, લહેશે શાશ્વત શીવ ॥ મોહ૦ ॥૧૯॥
આઠ વરસ વયમાં લિયો જીહો, અતિમુક્તે સંજમ ભાર ॥
પત્ર નાવ કરિ નદી વિષે જીહો, ખેલે બાલ અણગાર ॥ મોહ૦ ॥૨૦॥
થિવિરે રમતો દેખિયો જીહો કહ્યું વીરજિનને એમ ॥
શિષ્ય તુમારો સિદ્ધશે જીહો, અથવા હોશે કેમ ॥ મોહ૦ ॥૨૧॥
વીર પ્રભુ કહે સિદ્ધશે જીહો, ચરમશરિરી એહ ॥
એહને તુમ કાંઇ મત કહો જીહો, છે એહ ગુણનો ગેહ ॥ મોહ૦ ॥૨૨॥
એક દિન વીર જિનેશ્વરુ જીહો, અતિમુક્તને કહે એમ ॥
સંજમ ધારી તું થયો જીહો, દયા ન રાખે કેમ ॥ મોહ૦ ॥૨૩॥
વચન સુણી શ્રી વીરનાં જીહો, પ્રતિક્રમતાં બહુ દોષ ॥
શુક્લધ્યાન કેવલ લહ્યું જીહો, ચાર અનંતાં પોષ ॥ મોહ૦ ॥૨૪॥

છેદી આઠેં કર્મને જીહો, પામ્યો પદ નિરવાણ ॥
મનસુખ સમભાવે લહે જીહો, શાશ્વત સુખ અમાન ॥
મોહ૦ ॥૨૫॥

## ॥ ઢાલ (૩૦) ત્રીશમી ॥ (મોક્ષગામીવિચાર)

કરકંડુ નમિરાજજી રે, નિગ્ગઇ દુમ્મુહ નરિંદ ॥
કારણથી પ્રતિબૂઝિયા રે, ધાર્યું ચરણાનંદ ॥
નિજ ગુણ રંગ લાગ્યો રંગ લાગ્યો ચોલ મજીઠ, ચરણે રંગ લાગ્યો ॥
એ આંકણી ॥૧॥
કેવલ લહિ સિદ્ધિ વર્યા રે, એમ કેઇ પ્રત્યેકબુદ્ધ ॥
વીરજ ફોરી સિદ્ધિયા રે, જગત જંતુ અવિરુદ્ધ ॥ નિજ૦ ॥૨॥
નમિરાજા વિદેહનો રે, કરકંડુ દેશ કલિંગ ॥
દુમ્મુહ દેશ પંચાલનો રે, નિગ્ગઇ ગંધારી ઢીંગ ॥ નિજ૦ ॥૩॥
દધિવાહન રાજા સુતા રે, ચંદનબાલા નામ ॥
બ્રહ્મચારી બાલકપણે રે, ગ્રહિ ચારિત્ર વિરામ ॥ નિજ૦ ॥૪॥
ગુરુણી બહુ અજ્જાતણી રે, બહુ ભવિને આધાર ॥
સંજમ સાધિ સિદ્ધિયાં રે, પામ્યાં ભવજલ પાર ॥ નિજ૦ ॥૫॥
રહેનેમી પ્રતિબૂઝિઓ રે, રાજુલ ચરણ મહંત ॥
ધીર વીર પ્રાક્રમ કરી રે, આણ્યો ભવદધિ અંત ॥ નિજ૦ ॥૬॥
રહેનેમી સિદ્ધિ વર્યા રે, તે રાજુલ ઉપકાર ॥
રાજુલ વચને થિર થઈ રે, સાધ્યું સંજમ સાર ॥ નિ૦ ॥૭॥
સિદ્ધયા ઉદાયન રુષી રે, તપ તપિ નિજ ગુણ લીન ॥
અનુભવ રસ આસ્વાદમાં રે, અષ્ટ કર્મ કરિ ખીણ ॥ નિજ૦ ॥૮॥
દશ શ્રાવક શ્રી વીરના રે, આણંદાદિક ધીર ॥
પરિસહ તાપે નવિ ચલ્યા રે, ધરિ વ્રત ગુણ ગંભીર ॥ નિજ૦ ॥૯॥
સોહમ કલ્પે ઊપન્યા રે, વલિ લહેશે તે સિદ્ધ ॥
એમ જે વ્રત દ્રઢ પાલશે રે, તે પામે નવનિદ્ધ ॥ નિજ૦ ॥૧૦॥

અનુત્તર વાસી દશ હુવા રે, શ્રી જિન ધર્મ પસાય ॥
વ્રત ધારી દશ સિદ્ધિયા રે, વીરજ ફોરી અમાય ॥ નિજ૦ ॥૧૧॥
એમ અનેક સિદ્ધિ વર્યા રે, પુરુષ પરાક્રમ કીધ ॥
તજિ પ્રમાદ વ્રત આદરે રે, તે પામે નિજ રિદ્ધ ॥ નિજ૦ ॥૧૨॥
સિદ્ધયા સિદ્ધે સિદ્ધશે રે, સમગુણ સેવે જેહ ॥
પરમજ્ઞાન મનસુખ લહી રે, શિવ સંગે રહે તેહ ॥
નિજગુણ રંગ લાગ્યો૦ ॥૧૩॥

## ॥ કલશ ॥

ગાયો ગાયો રે મેં તત્ત્વ સુધારસ ગાયો ॥
નિજપર તત્ત્વ લહ્યું જેણે જગમાં, ચરણ લહી શિવ પાયો ॥
પરમાનંદ વિલાસ પ્રગટ કરિ, પૂરણ બ્રહ્મ સમાયો રે ॥ મેં તત્ત્વ૦ ॥૧॥
**"દાહોદ"** શ્રાવણ શુક્લ દશમિ દિન, આનંદ હરખ વધાયો ॥
**"કર્પૂરાં બાઈ"** આગ્રહથી, એ અધિકાર બનાયો રે ॥ મેં૦ ॥૨॥
લીપી મદદ કરી **"શાહ ગીરધર,"** નિજપર હેતુ ઉપાયો ॥
સંઘ સકલ મંગલ શિવ કારણ, ભણજો ગુણજો સદાયો રે ॥ મેં૦ ॥૩॥
જબલગ સિદ્ધ સમાધિ વિલસે, તબલગ રહો એ ગ્રંથો ॥
ભવિજન તત્ત્વ અભ્યાસ કરીને, વર્ત્તો વર શિવ પંથો રે ॥ મેં૦ ॥૪॥
ઓગણીશ પાંસઠ બુદ્ધ બુદ્ધિ લખિ, શિવમગ પ્રેરણ કાજે ॥
મનસુખ સમભાવે શિવ સંગે, વિલસે સદા શિવરાજે રે ॥ મેં૦ ॥૫॥

**॥ સંપૂર્ણ ॥ શ્રીરસ્તું ॥**

●●●

**પ્રાપ્તિસ્થાન :**

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, ચંદ્રકાન્ત એસ. સંઘવી
૬-બી, અશોકા કોમ્પલેક્ષ,
જનતા હૉસ્પિટલ પાસે, પાટણ, (ઉ.ગુ.)
મો. ૯૯૦૯૪૬૮૫૭૨

અક્ષયભાઈ શાહ
૫૦૬, પદ્મ એપાર્ટ. જૈન મંદિર કે સામને,
સર્વોદયનગર, મુલુંડ (પ.) મુંબઈ.
મો. ૯૫૯૪૫૫૫૫૦૫
Email:jinshasan108@gmail.com

અહો સુકૃતમ્

શ્રી રતનપર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
રતનપર - સુરેન્દ્રનગર

પ્રેરણા - મુનિરાજ શ્રીહર્ષપ્રેમવિજયજી

જ્ઞાનનિધિ-સદ્વ્યય બદલ શ્રીસંઘ તથા ટ્રસ્ટીઓની
ભૂરિ ભૂરિ અનુમોદના